## પ્રકરણઃ૪

# નવલકથાકાર દલપત ચૌહાણ

ગુજરાતી દલિતસાહિત્યએ કવિતા કરતાં કથાસાહિત્યક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપ્યુ છે. અનુઆધુનિક સાહિત્યની ત્રણ ધારાઓમાં દલિત સાહિત્યમાં મહત્ત્વની નવલકથાઓ મળે છે. દલિત નવલકથાનું પ્રસ્થાન ઈ.સ.૧૯૮૬માં પ્રકટ થયેલી જોસેફ મેકવાનની 'આંગળિયાત' નવલકથાથી માનવામાં આવે છે. પરન્તુ દલિત સમાજ જીવનની આછી ઝલક આપણને ગાંધીયુગની કેટલીક કૃતિઓમાં પણ જોવા મળે છે. ગુજરાતી સાહિત્યની પ્રથમ નવલકથા 'કરણઘેલો' પહેલા સોરાબશા મુનસફ દ્વારા લખાયેલી 'હિન્દુસ્તાન મધ્યેનું એક ઝૂંપડુ' માં પારિયા જાતિના અછૂત યુવક અને બ્રાહ્મણ વિધવા સ્ત્રી વચ્ચેના પ્રેમસંબંધની કથા રજૂ થયેલી છે. તો ગાંધીયુગમાં ર.વ. દેસાઈની 'દિવ્યચક્ષુ' (૧૯૩૧) સોપાનની 'પ્રાયશ્ચિત' (૧૯૩૬) સ્નેહરશ્મિની 'અંતરપટ', ઈશ્વર પેટલીકરની 'કલ્પવૃક્ષ' ઈત્યાદિમાં પ્રસંગોપાત દલિત-શ્રમજીવી વર્ગની જીવનચર્યાનો ચિતાર વાચવાં મળે છે. પરન્તુ દલિત સમાજ જીવનને મુખ્ય વિષય બનાવીને નવલકથામાં રજૂ કરવાની શરૂઆત 'આંગળિયાત' નવલકથામાં થાય છે. એ પછી દલપત ચૌહાણ, મોહન પરમાર, હરીશ મંગલમ્, બી. કેશરશિવમ્, દક્ષા દામોદરા, ગણેશ આચાર્ય, વિઠ્ઠલરાય શ્રીમાળી, દીનુ ભદ્રેસરીયા, કાન્તિલાલ પરમાર, અનિલ વાઘેલા, રમણ મેકવાન વગેરે દલિત સર્જકો પાસેથી દલિત નવલકથાઓ મળે છે. તો અદલિત સર્જકોમાં જયંત ગાડીત, કિશોરસિંહ સોલંકી, દર્શક, રઘુવીર ચૌધરી, મણિલાલ હ. પટેલ, ચિનુમોદી, પ્રાગજીભાઈ ભાંભી, મફત ઓઝા, કલ્પેશ પટેલ, પ્રદિપ પંડયા વગેરે પાસેથી દલિત નવલકથાઓ મળે છે.

દલિત નવલકથાનું પ્રસ્થાન જોસેફ મેકવાનની ૧૯૮૬ માં લખાયેલી 'આંગળિયાત' નવલકથાથી થાય છે. દલિત સમાજજીવનની ચેતનાને વાચા આપતી આ નવલકથા એક નવી દિશા ઉઘાડી આપે છે.

તેમની બીજી નવલકથા 'મારી પરણેતર' છે. જેમાં દલિત સમાજની પરાક્રમી નારીની કરૂણકથા રજૂ થઈ છે. ઉપરાંત 'લક્ષ્મણની અગ્નિપરીક્ષા' અને 'મનખાની મિરાત'માં પણ અંગત પ્રશ્નોની સાથોસાથ દલિત સમાજ જીવનને બૃહત રીતે રજૂ કરી આપે છે.

દલપત ચૌહાણ પાસેથી ચાર નવલકથાઓ મળે છે. ‘મલક’, ‘ગીધ’, ‘ભળભાંખળુ’ અને ‘રાશવા સૂરજ’ તેમની પ્રથમ નવલકથા ‘મલક’માં આઝાદી પૂર્વેના ગામડામાં વસતો વણકર સમાજ કેન્દ્રમાં છે. નવલકથામાં નાયક તરીકે આખો દલિત સમાજ છે. એક રાતનો સમય પરિવેશ ધરાવતી આ નવલકથામાં દલિત સમાજમાં રહેતા દરેક પાત્રોની આપવીતી લેખકે એક પછી એક આપણી સમક્ષ મુકતા જાય છે. દલિત યુવક ભગો અને ગોદડ હોમળાની પુત્રવધુ સંતોકનો પ્રણયસંબંધ દલિતવાસ પર આફત ઉભી કરે છે અને મધરાત્રે તેમને હિજરત કરવાની ફરજ પાડે છે.

એમની બીજી નવલકથા ‘ગીધ’ માં પણ આઝાદી પૂર્વેના ગામડામાં વસતા દલિત સમાજનું નિરૂપણ થયેલુ છે. સમાજની ગીધાનુભૂતિની કથા લેખક રજૂ કરે છે. સવર્ણ છોકરીની વાસનાનો ભોગ બનતો ‘ઈસો’ સજાગ હોવા છતા સવર્ણની અમાનવીયતાનો ભોગ બને છે. ઢોર માર ખાધા પછી નસીબે બચી ગયેલો ઈસો નવલકથાના અંતે કરૂણ મોતને ભેટે છે. ‘ભળભાંખળું’ નવલકથામાં દલિત સમાજનું દસ્તાવેજી ચિત્રણ  રજૂ થયેલુ છે. ગાયકવાડી શાસનમાં દરેકને શિક્ષણ મેળવવાનો અધિકાર હોવા છતા સવર્ણ દલિતોને શિક્ષણથી વંચિત રાખે છે. પોતાનો ધર્મ અભડાય ન જાય એ માટે કાયદાઓની પણ ઐસી તૈસી કરવામાં તેમને જરાપણ સંકોચ નથી. લેખકે અહીં દલિતોનો આક્રોશ, સંઘર્ષ અને તેમની વેદનાઓને નવલકથામાં વાચા આપી છે.

‘રાશવા સૂરજ’ એ ‘ભળભાંખળું’ નવલકથાની અનુસંધાન સાંધતી નવલકથા છે. ‘ભળભાખળું’ નવલકથાની જેમ અહી પણ આખા ગ્રામીણ સમાજને દલપત ચૌહાણ દલિતચેતનાની સાથોસાથ લઈ આવતા જોવા મળે છે.

ગુજરાતી દલિત સાહિત્યના મુખ્ય સાહિત્યકારોમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરનાર સર્જક દલપત ચૌહાણ પાસેથી કથાસાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર રચનાઓ મળે છે.તેમણે મલક,ગીધ,ભળભાંખળું અને રાશવા સૂરજ જેવી નવલકથાઓ આપીને સુજ્ઞ વાચકો અને વિવેચકોનું ધ્યાન પોતાના તરફ આકર્ષિત કર્યુ છે.દલિત સમાજ જીવનની વરવી વાસ્તવિકતાઓનું આલેખન તેમની આ રચનાઓમાં થયેલું જોવા મળે છે.

‘મલક’(પહેલી આવૃત્તિ:ડિસે-૧૯૯૧)

**ભૂમિકા:**

ઈ.સ ૧૯૮૬માં આપણને જૉસેફ મૅકવાન પાસેથી ‘આંગળિયાત’નવલકથા મળે છે. જેને દલિત સર્જક દ્વારા લખાયેલી પ્રથમ દલિત નવલકથા તરીકે સ્વીકારવામાં આવી છે.‘આંગળિયાત’પછી ઈ.સ ૧૯૯૧માં આપણને દલપત ચૌહાણ પાસેથી‘મલક’નવલકથા મળે છે.‘મલક’એ દલપત ચૌહાણની પ્રથમ લઘુ નવલકથા છે.કાવ્યક્ષેત્રે ખેડાણ કરી ચૂકેલા દલપત ચૌહાણનો કથનાત્મક સાહિત્ય સ્વરુપમાં કૃતિ-નિર્માણનો આ પ્રથમ પ્રયાસ હતો. ગુજરાતી ભાષામાં દલિત સાહિત્યની ચળવળને યોગ્ય દિશામાં લઈ જવામાં તેમનો મોટો ફાળો છે. ઈ.સ.૧૯૯૧માં પ્રકાશિત થયેલી આ લઘુનવલનાં કેટલાક પ્રકરણો‘નયા માર્ગ’માં પ્રકાશિત થયા હતા.‘મલક’લઘુનવલની પ્રસ્તાવના મુરબ્બી શ્રી રઘુવીર ચૌધરીએ‘ગામ છોડવાનુ સંવેદન’નામે લખી આપી છે. આ લઘુનવલ કુલ સોળ પ્રકરણોમાં વિભાજિત થયેલી છે. આઝાદી પૂર્વેનાં સામંતશાહી વાતાવરણમાં ગામડામાં વસતો દલિત વણકર સમાજ આ લઘુનવલમાં નિરૂપાયો છે. સામાજિક,આર્થિક,રાજકીય,ધાર્મિક,જાતિય એમ સર્વ રીતે શોષણ-અત્યાચારનો ભોગ આ સમાજ વર્ષોથી બનતો આવ્યો છે. સવર્ણોની રહેમરાહે જીવતો આવ્યો છે. પશુથી પણ બદતર રીતે સવર્ણો દલિતો સાથે વર્તતા આવ્યા છે. મનુવાદી જડ વ્યવસ્થાની માનસિકતાનો અનુભવ આપણને આ લઘુનવલમાં નિરૂપાયેલા સવર્ણ સમાજ દ્વારા થાય છે.આઝાદી પછી ડૉ.બાબાસાહેબ આંબેડકરના પ્રયત્નોને લીધે દલિત સમાજને જીવન જીવવાનો અધિકાર મળ્યો.દલિત પોતાને માનવની શ્રેણીમાં ગણતો થયો પણ એ પહેલા દલિત સમાજની વરવી વાસ્તવિકતા કેવી હતી?તેનો ભૂતકાળ કેવા રંગે રંગાયેલો હતો?એનો પરિચય આજની દલિત પેઢીને આ નવલકથા દ્વારા મળી રહે છે.

**વિષયવસ્તુ:**

‘મલક’ નવલકથાનો પ્રારંભ છગનના મનોવ્યાપારથી થાય છે.તે બેચેન છે.તેની ઉતાવળ તેના મનમાં જે ભય,ડર છે તે જે બનવા જઈ રહ્યું છે તેની પૂર્વપ્રતીતિ વાચકને કરાવે છે.

'મલક'નું મુખ્ય કથાવસ્તુ સવર્ણોના ત્રાસથી ભયભીત થયેલાં અને રાત માથે લઈને હિજરત કરી જતા દલિતોની સંવેદનાનું છે. દલિત યુવક ભગાનો ગોદડ હોમળની પુત્રવધુ સંતોક સાથે બંધાયેલો પ્રણય સંબંધ એ દલિતોની હિજરતનું મુખ્ય કારણ બને છે. ગોદડ હોમળને ત્યાં સાથી તરીકે કામ કરતો ભગો હોમળના નપુંસક પુત્ર હઠાની વહુ સંતોકથી આકર્ષાયને તેની સાથે મેળો મ્હાલે છે અને સમય જતા ભગા વતી સંતોકને છોકરો જન્મે છે. સંતોકને થયેલો છોકરો અદ્દલ ભગા ઢેળ જેવો છે એમ દાયણ ફતામા દ્વારા ખાનગીમાં કહેવાયેલી વાત આખા ગામમાં ફેલાય છે.

"અલ્યા ગામમાં નવઈ થઈ નવઈ!"

"નવઈ નવઈ હું કરસઅ,ભસી-મરનઅ કઅ હું થ્યું?"

"કાંઈ જાણ્યું ગોદડ હોમળના ઘેર સોકરો આયો."

"અલ્યા સોકરો ના આવ તો હું આવ?"

બધા ખડખડાટ હસી પડયા.

"પુરી વાત હાંભળ્યા વના વચ્ચે ટપચી પડયા,કાંઈ ખબેર સઅ?"

"કુણ ખબેર લાયુ'લ્યા?ચેવી ખબેર!કુની ખબેર?"

વાતમાં કાંઈ રહસ્ય હોય એમ બધા વાત સાંભળવા એકાગ્ર થઈ ગયા.

"મું ખબેર લાયો,મું?મું મૉચામઅ હુતો'તો નઅ મારી બઈ કનઅ ફતામા દાયણ આયા'તાં,મું તો મૉચામાં જાગતો'તો.એ કેતાં'તા....."

"જીવીમા,કાંઈ જાણ્યું કઅ બળ્યું?"

"ના બુન,હું...?"જીવીએ સવાલ કર્યો.

"આ ગોદડ હોમળાના સોકરાની વઉએ સોકરો જણ્યો!"

"હંતોકેનઅ?"

"ઓવ્વ ઈન્ને,સોકરું સઅ તો ભફલા જેવું રુપાળું ખરું...અદ્લ."કહેતાં ફતામાં અટક્યાં.

"ચ્યમ બુન,આગેળ બોલ્યાં નઈ?"

"એ તો જરા જીભ કચરાય એવું સઅ.હાહરું સોકરું અદ્લ પેલા ઈમના હાથી ભગા ઢે...જેવું સઅ...."ફતામાં એકશ્વાસે આખું વાક્ય બોલી ગયાં."[૧]

આ વાત જાણી ગામના સવર્ણ યુવાનોનું લોહિ ઉકળે છે અને ગામની ઈજ્જત ગયાનું,બીજા ગામના લોકો આ વાત જાણશે તો દોરો બાંધવાનોય સંબંધ નહી રાખે જેવા ભયથી પ્રેરિત થઈને દલિતોના વાસને સળગાઈ મારવાનું કાવતરું ગઢી કાઢે છે. આ વાત દલિત યુવક છગન જાણી જાય છે અને આ આફતમાંથી બચવા સમયસર વાસમાં પહોચી વાસના લોકોને તૈયાર કરવા ઉતાવળો ખેતરેથી ઘરે આવવા નીકળ્યો છે. લઘુનવલનો પ્રારંભ આ રીતે વર્તમાનકાળથી થયો છે પણ આખી લઘુનવલ વર્તમાનથી ભૂતકાળમાં આવન-જાવન કરતી આલેખાય છે. ફ્લેશબેક ટેકનીકનો ઉપયોગ કરીને સર્જકે દલિત સમાજની કારમી બાજુઓને અહી એક પછી એક ઉઘાડી આપી છે જેને દલિત સમાજમાંથી આવતા આ સર્જક દ્વારા વાસ્તવિક સ્પર્શ મળ્યો છે.

સર્જક નોંધે છે એમ'મારી કથાનો કોઈ નાયક નથી,હિજરત મારો પ્રચ્છન નાયક છે.'[૨] આ નવલકથામાં કોઈ એક પાત્ર કેંદ્રમાં નથી પણ સમગ્ર દલિત સમાજ કેન્દ્રમાં છે.રઘુવીર ચૌધરી પ્રસ્તાવનામાં જણાવે છે એમ અહી સમુહ-માનસ કેન્દ્રમાં છે.દલિત સમાજમાં જીવતા માનવીઓએ જે અત્યાચારો સહન કર્યા છે તેને સર્જકે અહીં નિરુપી આપ્યા છે.વાસ-મલક છોડીને ચાલી નીકળેલા આ દલિત વર્ગનો કોઈ આરો કે અંત નથી. લઘુનવલને અંતે ગામ છોડીને દૂર ચાલી નીકળેલા દલિતોમાંથી ગોકળ પોતાની વ્યથા ઠાલવતા કહે છે "આટઆટલાં વરહ લોકોની હારે જીવ્યા,સુખ-દુઃખમાં -વારા,સુખ દુઃખ,કસુંય કૉમમાં ના આયું ઘાંચીના બળદની જેમ ઠેરના ઠેર,ઉપર આભ નઅ નેંચઅ જમીં...."[3]

"આ બધા ઑમ તો ભરમંડ ફોડી પાણી કાઢી લાવઅ; પણ મલક તો લોકનો,મનેખનો ! અમે...અમે ચ્યાં મનેખ સીએ ? અમે ઘણુંય કિયે કે મનેખ સીએ,પણ ગણઅ કુણ ? હાહરા બધ્ધા જ વેરી સઅ ! ચ્યમ કરીએ,કાંઈ હૂજ પડતી નહીં. ચ્યમ કરી વેઠાય...આ વેઠ-વારા-ઢોર ખેંચવાં,વણવું,નાગા રઈનઅ લોકનઅ લૂગડાં પેરાબ્બાં !"[૪] ગોકળની આ મનોસ્થિતિને સર્જકે એના જ શબ્દોમાં વર્ણવી આપી દલિત

સમાજની થયેલી અવદશા વિશે ભાવકને અંતરથી વિચારવા પ્રેરે છે. આ સંદર્ભે ડૉ.ભરત મહેતા જણાવે છે "નવલકથાને લેખકે અહીં જ કાચા નખની જેમ કાપી નાખીને,હિજરતીઓ પર તોળાતું આકાશ ભાવકો પર ફંગોળ્યું છે."[૫] અહી આવતા દરેક દલિત પાત્રો સવર્ણોના અમાનુષી અત્યાચારનો કોઈને કોઈ રૂપે ભોગ બન્યા છે. સામાજિક,આર્થિક,ધાર્મિક અને જાતિગત શોષણનો ભોગ આ સમાજ વર્ષોથી બનતો આવ્યો છે એ વાસ્તવિકતાને સર્જકે અહી નિરૂપી આપી છે.

દલિતોની સ્થિતિનું નિરુપણઃ

આર્થિક પ્રશ્નોના નિવારણ માટે દલિત સ્ત્રીએ પણ સવર્ણોને ત્યાં ખેત-મજુરીએ જવું પડતુ હોય છે.જેનો લાભ ઉઠાવીને સવર્ણો દલિત સ્ત્રીઓનું જાતિય શોષણ કરવાનો પ્રયત્ન કરે છે.છગનની વહુ રામી પર નારસંગભાની બુરી નજર છે.દાડી-મજુરીએ આવતી રામીની જાતીય મશ્કરી કરતા સહેજ પણ ખચકાટ તે અનુભવતો નથી અને રામીને ભેરવવાનો પ્રયત્ન કરે છે.

"લે,લઇ લે,રામલી,આ તારી માટઅ લાયો સું!આ સગનિયો તનઅ હું લાઇ આલવાનો અતો."એમ સહેજપણ શરમ-સંકોચ રાખ્યા વિના જણાવી દે છે.પણ રામી એને સેજપણ મચક આપતી નથી

"ના,ભા અમનઅ આવું ના શોભઅ!"

"ચ્યમ ના શોભઅ,તું તો બવ..."નારસંગભા વાક્ય બોલે તે પહેલાં તેમના હાથમાં રહેલી બંગડીઓ અને વીંટીને હાથથી ઝટકો મારીને રામી બપોરના જ ખેતર છોડી ગઇ હતી...."[૬]આ પ્રસંગ દ્વારા દલિત નારીમાં રહેલ સ્વાભિમાનતાનો પરિચય મળે છે.ગોકળની હેમી પર માનસંગભાની ખરાબ દાનત છે. તો ભગતની શીવી પર ગામનો મુખી બળાત્કાર કરીને મારી નાખે છે. મનાની બહેન સૂરજને પણ માનસંગજી બળાત્કાર કરીને મારી નાખે છે.આમ,સવર્ણો માટે દલિત સ્ત્રીઓ એ તેમની પાશવી વાસનાને પરિતૃપ્ત કરવા માટેનું એક સાધન છે એનો ખ્યાલ આ નવલકથામાં દલિત નારીઓનાં જાતિય શોષણ દ્વારા મળે છે. આ જાતીય શોષણની સાથોસાથ ધર્મના નામે દલિતોને વેઠવી પડતી પીડાને પણ સર્જકે ભગતનાં પાત્ર સંદર્ભે વણી લીધી છે. મનાની સાથે મા'દેવનાં દર્શનાર્થે મંદિર પ્રવેશ કરવા જતાં ચંદુજીના હાથે ભગતને મરણતોલ માર પડે છે. મંદિર બનાવવાનાં કામમાં દલિતોનો ઉપયોગ થઇ શકે છે પણ તેઓ દલિત જાતિમાં જન્મ્યા હોય અશ્પૃસ્યતાનો ધર્મ જાળવવા માટે સવર્ણો તેમને મંદિરમાં પ્રવેશવા દેતા નથી આ પ્રથાનો અમલ હજુ પણ

ગામડાઓમાં થાય છે. ભુલે ચુકે પણ જો દલિત મંદિરમાં પ્રવેશી જાય તો તેની શી દશા થતી હશે એનો અંદાજ ભગતના પાત્ર દ્વારા મેળવી શકીયે છીએ. ભગતે મંદિર અભડાવ્યુ હોવાથી એની અલગ સજા ગામનાં મુખી દ્વારા કરવામાં આવે છે. ખાવાના ફાફા પડતા હોય ત્યાં વળી ભગતને એક મણ બાજરી કબુતરને ચણવા નાખવાની અને સાથે મંદિરની ચોતરફ વાળ કરી આપવાની સજા મળે છે.

**આર્થિક શોષણઃ**

દલિતોને જીવન જીવવા માટે સંપૂર્ણપણે સવર્ણો ઉપર આધાર રાખવો પડે છે.સવર્ણોને ત્યાં સાથી-મજુર તરીકે વેઠ કરવી પડે છે.સામંતશાહી વાતાવરણને પ્રસ્તુત કરતી આ નવલકથામાં વેઠ-મજુરી કરીને જીવન ગુજારતા દલિતોનું આર્થિક શોષણ સવર્ણ ખેડુત વર્ગ કઇ રીતે?અને કેવું શોષણ કરે છે?એનો ખ્યાલ આપણને નારસંગભાને ત્યાં સાથી તરીકે કામ કરતા છગન દ્વારા મળે છે.

"છેલ્લાં બાર વર્ષમાં તેનો ભાવ વધીને પચાસ રૂપિયા થઇ ગયો હતો,છતાં તેણે ભેગા પચાસ રૂપિયા ક્યારેય જોયા નહોતા.તેના માલિક ખેડૂત માધુભા કે નારસંગ ગમે તે હો;જેમ તેને રૂપિયાની જરૂરત પડતી,તેમ તેમ લેતો જતો અને આખરે મસારાની રકમ કરતાંય આગળ નીકળી જતો.અને જીંદગીના વધારે ને વધારે દિવસો બાનમાં મુકાયે જતા હતા.તેણે ન જાણે આ રૂપિયા માટે જિંદગીનાં કેટલા વર્ષ ગણી આપ્યાં હતાં,યાદ ન આવ્યું.તેણે આંગળીને વેઢે ગણવા માંડ્યું.વેઢા ખૂટ્યા.એણે માથે હાથ મૂક્યો ને ધોતલીના પડમાં કમરે રૂપિયા ભેરવી દીધા.બે ત્રણ વાર હાથ ફેરવી બરાબર ગોઠવાયા છે કે નહીં તેની ખાતરી કરી લીધી અને બહાર આવી આછા અંધકારમાં બેસી રહ્યો."[૬]

"અંધારું કે અજવાળુ છગન માટે સરખું જ હતું.સવારે ચાર વાગ્યે ઊઠીને જોતરાઇ જવાનું બળદની જેમ!ના,બળદની જેમ નહીં,બળદ શિયાળામાં ગોળ-તલનું કચરિયું ખાય,તેલ તો બે ત્રણ પિત્તળની બરણીઓ ભરીને પિવડાવે,અને છગન ક્યારેક બળદને ખાતાં વધેલુ કચરિયું છાનોમાનો ખાઇ જાય,અને પકડાય જાય તો દેખ મજા!પણ એ જીવતો હતો,જીવવું પડતું હતું.જીવવા માટે સહારાની જરૂર હતી.સહારો એટલે તેનો અર્થ રોટલો થતો હતો.ચાર દીવાલને છત હોવા છતાં ઘર શબ્દનો એને માટે કોઇ અર્થ ન હતો.રાત્રિમાંથી સવાર ક્યારે થઇ જતી એની ક્યારેય ખબર પડી નથી.એને તો રાશવા સૂરજ માથે આવે ત્યારે કૂવા પાસેના એકઢાળિયા પાસેથી એના માલિકની બૂમ આવતી."[૭]

કાળી મજૂરી કરતા દલિત છગનને સવાર અને સાંજ ક્યારે પડે છે એની પણ ખબર રહેતી નથી.આવી વેઠના બદલામાં એને ઘેંસનો ડૂવો પીવા મળે છે.તો પોતે અસ્પૃશ્ય જાતિમાં જન્મ્યો હોવાથી કૂવામાંથી પાણી પી શકતો નથી.

"આ ખરું!બળદનઅ પાણી પીવા કૂવામથી,મું પાણી કાઢું,બળદ એમાં પીવઅ,ડોલમથી પાણી મારાથી ના લેવાય,મારઅ જો પાણી પીવું હોય તો..."[૮]

બળદની જેમ કામ કરવાં છતાં બળદને જેટલું માન મળે એટલુ માન પણ દલિતને મળતુ નથી.દલિતોમાં માનવ હોવાનો ભાવ નિઃશેષ થઇ જાય એ રીતનો અમાનવીય વ્યવહાર સવર્ણો દલિતો સાથે કરતા આવ્યા છે.ડૉ.ચંદ્રકાંત ટોપીવાલા નોંધે છે એમ"... મનુષ્યો પોતે પોતાને જ હલકા ગણતા થાય,એવી ગ્રંથિનું નિર્માણ કરવું એનાથી મોટો કોઇ સામાજિક કે નૈતિક અપરાધ હોઇ ન શકે. મનુષ્યોને આ કક્ષાએ જીવવા માટે લાચાર કરતી આ વ્યવસ્થાને,એનો શિકાર બનેલી દલિત ચેતના પોતે ભીતર રહીને જુએ ત્યારે કઇ રીતે જુએ એ તો માત્ર દલિત સાહિત્યકાર જ વર્ણવી શકે."[૯] દલિત સમાજમાંથી આવતા સર્જકને પોતાના ભૂતકાલીન જીવનમાં સવર્ણોની આ અમાનુષીતાનો અનુભવ સારી પેઠે થયેલો હશે અને તેથી જ સચોટ રીતે અહીં એ બધુ વ્યક્ત થવા પામ્યુ છે.

નશીબના ભરોસે જીવ્યે જતો દલિત સમાજ સતત ભયનાં ઓથાર નીચે સવર્ણોનાં અત્યાચારનો ભોગ બનતો અહી સર્જકે બતાવ્યો છે. ગામનાં છેવાડે વસતો દલિત સમાજ અશ્પૃસ્યતા આભડછેટનો ભોગ બનતો આવ્યો છે. અસ્પૃશ્યતા- આભડછેટને પ્રકટ કરતા અનેક પ્રસંગો સર્જકે આ નવલકથામાં બતાવ્યાં છે. સવર્ણોના વેઠ-વૈતરાના બદલામાં દલિતોને મરેલા ભેંસનું માંસ,દોણી છાસ અને પરબનાં અધિકારો મળે છે.તો બીજી બાજુ લગ્ન પ્રસંગે ઢોલ વગાડી શકતા નથી.વરઘોડો કાઢી શકતા નથી.જાહેરમાં ખાટલામાં બેસી કે સુઇ શકતા નથી.ગામમાં માથે પાઘડી કે ફાળિયું બાંધ્યા વિના જઇ શકતા નથી જેવા અનેક નિયમો સવર્ણ સમાજે દલિત સમાજ માટે ગોઠવી રાખ્યા છે જેનો ભંગ થતા સવર્ણોની બેરહેમીનો ભોગ બનવું પડે છે.આ તો ખરું જ,સાથે દલિતોથી જો કોઇ ભૂલ થઇ જાય તો તેની ગંભીર સજા તેમને ભોગવવી પડે છે.મનાની સાથે ચોરીછૂપીથી મહાદેવના દર્શન કરવા જતા ભગતને ચંદુજી ઠાકોર ઢોર માર મારે છે.ઉપરથી મુખી તરફથી એક મણ બાજરી ચબુતરે નાખવાની અને મંદિરની

ચારેબાજુ થુવરની વાડ કરી આપવાની સજા મળે છે.સવર્ણોની રહેમરાહે જીવતો દલિત સમાજ પોતાની આવી નિર્દય અવસ્થા માટે નશીબને દોષિત ઠેરવે છે.સવર્ણોના અત્યાચારો સહન કરી કરીને દલિતો રીઢા બની ગયા છે અને તેથી જ દુઃખદ પરિસ્થિતિને પણ આ સમાજ હળવાસથી અને હસતા હસતા સહી લે છે. જેનો ખ્યાલ લઘુનવલમાં આવતા કેટલાક પ્રસંગો દ્વારા મળે છે જેમકે વાસ છોડવાની તૈયારી કરતા ભીમાનાં ત્રણ મરઘા અને કચરાની બે બકરીઓ સાથે લઈ લેવાનું જણાવતાં બકરાને ચોરી જવાના પ્રયત્નમાં નિષ્ફળ ગયેલા સવર્ણો પ્રત્યે ટીખળ કરતા ભીખો જણાવે છે

"ચેટલું બધુ જોર હાહરોનું ! ચાર વેળા તો ચોરવા આયા,આ કચરો પાક્કો બકરીનઅ ઘરમઅ બાંધ,વળી રાતી ખખળાટ થાય અનઅ ચોર જેવું લાગઅ તાણં "ખોટ ગધ્ધી"કઇનઅ અપશકન કરાવઅ. તાણઅ તો કોળનાં આથમથી બચી સલ્યા !."

તો ભીમો તેમાં  ટાપસી પુરતા જણાવે છે

"તાણઅ તો કચરા ભેળી બકરીયોય બચી જહઅ."[૧૦]

મના સાથે મા'દેવનાં દર્શનાર્થે મંદિરમાં પ્રવેશવા જતાં ચંદુજીનાં હાથે મરણતોલ માર ખાઇને ખાટલામાં કણસતા ભગતને મુખીનું કહેણ આવે છે ત્યારે રમણ અને વાસનાં અન્ય યુવાનો રામાપીરને મુકીને મા'દેવનાં દર્શન કરવા ગયેલા ભગતની મશ્કરી કરતાં જણાવે છે

"ખરૂ લ્યા,ભઇ રમણ,ભગત જાતરા કરી આયા"

તો બીજો કહે છે

"અલ્યા,પરસાદ તો ભગત ખઇનઅ આયા !"

આ સાંભળી બધા હસી પડ્યા.

"જુવો કનઅ મા'દેવ પરસન કરવા જ્યાં,રોજ કેતાતા મા'દેવ તો આપણા કેવાય,અમઅ મા'દેવ ચ્યા પેહી જ્યાં .?"

"પોત્યામઅ !"[૧૧]

આ બધી ઘટનાઓ સર્જકે સમાજને નજીકથી જોયો છે એની પ્રતીતિ કરાવે છે.

**કથાને ઉપકારક દલિત પરિવેશનું થયેલું આકર્ષક નિરૂપણઃ**

દલિત સમાજનાં પરિવેશનું થયેલુ આકર્ષક નિરૂપણ દલિત નવલકથા તરીકે આ નવલકથાને ઉઠાવ આપે છે. નવલકથામાં આવતું દલિત વાસનું વર્ણન જોઈએ

"વાસ ગામ બહાર ખેતરો પાસે હતો. જેથી સાપ,વીંછી જેવા જીવની વધારે બીક રહેતી.ક્યારેક શિયાળ,ન્હાર કે જરખ જેવાં પ્રાણીઓ વાસ સુધી આવી જતાં. ખાટલામાં સૂવાથી આવાં પ્રાણીઓથી રક્ષણ મળતુ;ક્યારેક વીંછી સાપ કરડવાના પ્રસંગ બનતા;પણ એનાથી સૌ ટેવાયેલા હતા.જીંદગી અભાવો અને ઉચાટ વચ્ચે તણાયે જતી હતી."[૧૨]

"આમેય ગામથી છેવાડે હોવાને લીધે વાસનો ગામ સાથેનો સંપર્ક અંધકાર તોડી નાખતો.અંધારી રાતનો સૂનકાર અને તમરાંના અવાજોમાં વાસ પોઢતો.ક્યારેક કૂતરાઓનું રડવું કે શિયાળવાંઓની લાળી સૂનકારને ભેદતી.ઑહના દીવાનાં અજવાળાં તો ઘરની દીવાલોમાં અટવાઈ રહેતા,દીવાઓ રામ થતાં ચંદ્ર અને તારાઓ વાસને અજવાળવા પ્રયત્ન કરતાં."[૧૩]

આ ઉપરાંત સર્જકે અહીં દલિત સમાજનાં રીતરિવાજો,અંધશ્રદ્ધા,માન્યતાઓ,રહેણી-કરણીને પણ નિરૂપી આપ્યા છે.ગોકળનાં મોટાભાઈ હરિનાં દિકરાનાં લગ્ન સમયે થતી વિવિધ ક્રિયાઓ,લગ્ન સમયે વરને પહેરવાનો પોશાક,મામેરું,નાની વયે સાટા પદ્ધતિએ થતા લગ્ન,ચાલીને નીકળતી જાન ઉપરાંત આ સમાજમાં જોવા મળતી અંધશ્રદ્ધાનું પણ નિરૂપણ સર્જકે અહીં કર્યુ છે. રસ્તા પર ચાલતાં સાપ આડો ઉતરે તો અપશુકન ગણાય,રાત્રે ચીબરીનાં બોલવાથી કંઈક ખોટું થશેની માન્યતા આ લોકોમાં જોવા મળે છે.વણાટકામમાં વપરાતા સાધનો રાશ,ફણીઓ,સરાક,રેંટિયો તેમજ ભેંસ ચીરવામાં ઉપયોગમાં આવતા વિવિધ હથિયારો છરી, આર,કુહાડી જેમનો ભાગ હોય એમને જ માંસ આપવાની પ્રથા જેવી બાબતોને સર્જકે અહીં તટસ્થતાપૂર્વક નિરૂપી આપી છે. ગામમાં ચમારોની વસ્તી નથી એનો પણ ઉલ્લેખ સર્જકે કર્યો છે. ઉપરાંત ગામમાં વસતી અન્ય જ્ઞાતિઓનાં સામાજિક વ્યવહારોને પણ અહીં નિરૂપી આપ્યાં છે.જેમકે મગન રાવળને ત્યાં થતાં લગ્નનો પ્રસંગ"સામે પક્ષે કન્યાવાળાઓનેય ચિંતા ન હતી.જ્યાં સુધી લગ્નનો દિવસ નક્કી ના થાય,ત્યાં સુધી જાનની કોઈ જવાબદારી તેમને માથે ન રહેતી અને લગ્નતિથિ

ગોર મહારાજ જ્યારે નક્કી કરી આપે એ દિવસે લગ્ન લેવાતાં.લગ્નના દિવસે કન્યાવાળા પક્ષ તરફથી વરપક્ષને ખીચડી ને તેલનું ભોજન આપવામાં આવતું.જે મજુરીએ ગયા હોય કે પોઠ લઇને બીજે ગામ ગયા હોય તેમના કાચા ધાનના પીરસા અપાતા.માણસ દીઠ પીરસામાં દોઢ શેર ખીચડી અને પાશેરો ભરી તેલ,એમાં ગધેડાઓનેય માણસની જેમ ગણતરીમાં લઈ"પીરસો"(ભાથું)લેવાતો.આજે જાન જમવા આવી હતી.બધા જમવા બેસી ગયા,જમવાનું પીરસવામાં આવે તે પહેલા"પીરસા"ગણી આપવાની વાતચીત ચાલી,તેમાં એક આંટી પડી.જે ગધેડાં સાથે લાવ્યા હતા એમાં બે ગધેડા વરના કાકાના હતા અને બંને ભાઈ જુદારુ વહેચીને જુદા રહેતા હતા.વળી એ બે ગધેડા ચાર-પાચ દિવસથી બાજુના ગામના રાવળને ભાડે આપ્યા હતા,જે અત્યારે હાજર નહોતા.આ બે ગધેડાના પીરસા લવજી અને મગન આપવા તૈયાર નહોતા.સામે વરપક્ષ હઠે ચઢીને"પીરસા"લઇએ તો જ જમીએ નહીંતર ઊઠી જઈએની જીદ લઈ બેઠો."[૧૪]આ બધી બાબતો દ્વારા સર્જકને ગ્રામજીવનનો બહોળો અનુભવ છે એની પ્રતીતિ થાય છે.

**ભાષાશૈલીઃ**

લઘુનવલમાં લેખકે શિષ્ટ-માન્ય ભાષાની સાથે ગામઠી-તળપદી બોલીનો વિનીયોગ પાત્રગત ભાષા સંદર્ભે કર્યો છે. રૂઢિપ્રયોગો,કહેવતો તેમજ તળપદા શબ્દોનો થયેલો વિનીયોગ દલિત પરિવેશને ઉઠાવ આપવામાં મહત્વનો ભાગ ભજવે છે જેમકે અહી આવતી કહેવતો

'પાડાના વાંકઅ પખાલીનઅ ડાંમ'[૧૫]

'નબળો મોંટી બૈરી પર હુરો'[૧૬]

'કબુતર પેસે તો કૂવો વંઠે ને ભગતડું પેસે તો ઘર વંઠ'[૧૭]

'ઊંટનું પાદ અધ્ધર જાય'[૧૮]

'પાંણીમઅ વાટ પાડવી'[૧૯]

'ફોલ્લો ફોડીનઅ વાત કરવી'[૨૦]

'કંથેરના જાળામાં મધ હોવું'[૨૧]

‘વાડ હાંભળઅ,વાડનો કાંટો હાંભળઅ’[૨૨]

‘શેઠ કરતાં વાણોતર ડાચું’[૨૩]

‘તેલમાં માસ પડી’[૨૪]

‘ચૌદમું રતન ધરઈનઅ આલવું’[૨૫]

‘પોચામઅ હૌવ પાટુ મારઅ’[૨૬]

‘પઈની પેદા નઈ ઘડીની નવરા નઈ’[૨૭]

‘જીભ ડાબલીમઅ મેલ’[૨૮]

‘ઊંટ અતું નઅ ઉકૈડે ચઢચું’[૨૯]

આ ઉપરાંત દલિતોમાં રોજબરોજ વપરાતા લોકબોલીનાં શબ્દો નચડો, ધતુરી, મસારો, સલાડી, આથણી, મોસલા, સાફી, પીરસા, આડીઓ, ઓઘલીઓ, થાનક, વૈણાજી, હાંગરીઓ, વાંહરી, પેડારિયું, હાથરી, અઘોળી, ભાચરા, ભોથા, ફાળકા, સરાક, વતુ, માંચો, ઝૈડું વગેરે અહી પાત્રગત બોલીમાં પ્રયોજાયા છે. જે દ્વારા દલિત જીવન વધારે પ્રત્યક્ષ બન્યુ છે.આ ઉપરાંત કથક પાસે બોલાવવામાં આવેલ શિષ્ટ ભાષામાં પણ આપણને સર્જકની ભાષા પરની પકડનો પરિચય મળે છે જેમકે પ્રકરણ પાંચમાં આવતું આ વર્ણન જોઈએઃ

“થોડીકવારમાં જે પગલાંના અવાજથી વાતાવરણમાં કંઈક સજીવતા હતી તે લુપ્ત થઇ ગઈ.બેસી ગયેલા ગોકળને જાણે કાંઇ સૂઝતું ન હતું.એની આંખોમાં ક્ષિતિજો ઘુમરાવા માંડી.દૂરથી આવતા અવાજો પડઘામાં ફેરવાતાં જતા હતા,પડઘાઓના કળણમાં ગોકળ ઊંડેને ઊંડે ખૂંપતો જતો હતો,તરફડતો હતો,નિઃસહાય હતો.લાલ લાલ ક્ષિતિજોને પેલે પારથી ધસી આવતા અવાજોનાં વાવઝોડામાંથી ચળાઈને આવતા કેટલાક અવાજોને જુદા તારવવા માટે ગોકળ કાન માંડી રહ્યો.ઝાંઝર કાંબીઓના ખણખણાટ...છમછમ...રૂમઝૂમ...લાલ લાલ ક્ષિતિજને કિનારે લાલ ગવનનો છેડો લહેરાતો લહેરાતો

ગોકળને પંપાળવા લાગ્યો.વસંતી મલકાટમાં ઓગળતો ગોકળ ભયનાં સામ્રાજ્યને પેલે પાર ધમધમ ચાલતો હેમીના ગવનને પકડવા માટે હાથ પસારતો કહી રહ્યો હતો."[30]

રમેશ.ર.દવે'ગુજરાતી નવલકથાનું ચોથુ સોપાન'નામના પોતાના લેખમાં'મલક'માં પ્રયોજાયેલી ભાષા સંદર્ભે જણાવે છે"'મલક'ની ભાષામાં ઉત્તર ગુજરાતની ચૌધરી બોલીની બળકટતા છે.પાત્રોનાં સંવાદોમાં તેનો ઔચીત્યપૂર્ણ ઉપયોગ થયો છે.નવલકથાકારના કથન-વર્ણનમાં ગુજરાતી ભાષાનું માન્યરૂપ પ્રયોજાયુ છે.નવલકથા લેખનમાં આ પદ્ધતિ સ્વીકાર્ય બની છે.પરંતુ જે કથામાં બોલીરૂપનો બહોળો ઉપયોગ થયો હોય ત્યાં માન્ય ભાષાની સંસ્કૃતનિષ્ઠ પદાવલિ વપરાતાં વાચક,પાત્ર અને પરિવેશ જોડે જે તાદાત્મ્ય અનુભવે છે તેમાં વિક્ષેપ સરજાય છે."[૩૧]

તો બીજીબાજુ ચંદ્રકાન્ત ટોપીવાલા જણાવે છે"....એમની સ્મૃતિકથાઓ પ્રથમ પુરુષમાં નહીં પણ ત્રીજા પુરુષના કથક અવાજમાં રજૂ થતી હોવાથી દલિત પાત્રોની નરદમ બોલીને મળતો શિષ્ટ ભાષાનો સતત સંપર્ક કથાનકને સુગમ રીતે ગ્રાહ્ય બનાવે છે.ભાષા અને રચનારીતિ પરત્વેનો આ કથાવિવેક પણ નોંધપાત્ર છે."[૩૨]

પ્રા.યશવન્ત વાઘેલા નવલકથામાં પ્રયોજાયેલી ભાષા સંદર્ભે જણાવતા કહે છે"'મલક'ગ્રામ્યજીવનની અનુભૂતિને ઉત્તર ગુજરાતની પટ્ટણી બોલીના માધ્યમથી સફળ રીતે રજૂ કરે છે.અભાવો અને ઉચાટ-ભય વચ્ચે જિવાતા જીવનની તસવીર ભાષાને સબળ રીતે રજૂ કરે છે."[33]

આમ,સમગ્ર રીતે જોઇએ તો સર્જકે પ્રયોજેલી તળપદી બોલી એ આ નવલકથાનું અવિભાજ્ય અંગ છે.બોલી દ્વારા જ પાત્રગત સંવેદના એના મૂળભૂત રૂપે આપણી સમક્ષ પ્રસ્તુત થઇ છે.

રચનારીતિઃ

રચનારીતિ સંદર્ભે જોઇએ તો આ નવલકથા કુલ સોળ પ્રકરણોમાં વિભાજિત થયેલી છે. અહી સર્જકને કોઇ એક વ્યક્તિની કથા આલેખવી નથી પણ સમગ્ર દલિત સમાજની વાત કરવી છે તેથી અહી કેદ્રમાં કોઇ એક પાત્ર નથી પણ વિવિધ પાત્રો છે. છગન, ગોકળ, ભગો, રમણ, મનો, જીવો, ભગત જેવાં પાત્રોનાં ભૂતકાલીન કડવા અનુભવોને એક પછી એક સર્જકે નિરૂપ્યાં છે. આ સંદર્ભે પ્રા.યશવંત વાઘેલા

જણાવે છે "'મલક'તેની અભિવ્યક્તિની દષ્ટિએ સફળ લઘુનવલ છે,તેની રચનારીતિ આધુનિક છે, તેનાં પ્રારંભમાં જ તેનો અંત સૂચક છે, જ્યારે અંત પ્રારંભનું વિસ્ફોટબિન્દુ સુચવે છે. વાસ પર હુમલો થયાની પૂર્વે જ અંધારભરી રાત્રિમાં ચાલતાં ચાલતાં કથાનાં પાત્રો જીવનનાં પ્રસંગોને યાદ કરે છે,તે તેની રચનારીતિનું સર્જકનું વિશિષ્ટ કૌશલ છે."[૩૪] ત્રીજા પુરૂષનાં કથનકેદ્રથી આ લઘુનવલ આલેખાય છે. સમયસંકલનની દષ્ટિએ જોઈએ તો એક રાતનો જ સમયગાળો આ લઘુનવલમાં લેખકે પસંદ કર્યો છે. એક રાતનાં સમય પરિવેશમાં હિજરત કરી જતાં દલિત સમાજનાં ભૂતકાળનાં કડવા અનુભવોને એક પછી એક સર્જકે અહી નિરૂપી આપ્યા છે. લઘુનવલ ભૌતિક સ્તરે ચાલવા કરતાં પાત્રનાં માનસિક સ્તરે વધારે વિહરે છે. આ સંદર્ભે ડૉ.ભરત મહેતા નોંધે છે"વણકરવાસ રાત માથે લઈને હિજરત કરી જાય એટલો જ ભૌતિક સમય લઈને લેખકે કુશળતાની પ્રતીતિ કરાવી છે. સમયસંકોચનની દષ્ટિએ કૃતિએ સારી સાવધાની વર્તી છે. હિજરતીઓનાં માનસિક સમયમાં કૃતિ વિશેષ ચાલે છે. એક પછી એક પાત્રની વ્યથાનાં વીતક લેખક આલેખે છે. સમયસંકલનની ખૂબીને લઈને કથાવિફરાટને સર્જક સંયમિત રાખી શક્યા છે."[૩૫]

પાત્રસૃષ્ટિઃ

આ નવલકથામાં વિવિધ પાત્રો આવે છે જેવાકે છગન,ગોકળ,ભગો,રમણ,મનો,જીવો,ભગત જેવાં પાત્રોનાં ભૂતકાલીન કડવા અનુભવોને એક પછી એક સર્જકે નિરુપ્યા છે.આ પાત્રો દલિત સમાજના છે જ્યારે સવર્ણ સમાજનાં પાત્રોમાં સંતોક,નારસંગભા વગેરે છે

નવલકથાનું શીર્ષકઃ

ડૉ.ચંદ્રકાન્ત ટોપીવાળા આ લઘુનવલનાં શીર્ષકની યથાર્થતા ચર્ચતાં જણાવે છે "અંતિમ સોળમાં પ્રકરણ પર આવતાં આ હિજરત બે'મલક'વચ્ચે મુકાયેલી કથા બની રહે છે. એક બાજુ'માડી તારે આસરે બવ રચા.તારો ખોળો ખાલી કરવો પડઅ સઅ'જેવો માયાભાવ પ્રેરતો મલક છે,તો'આખોય મલક અત્યાચાર વિના બાકી છે ક્યાંયથી ? એક તસુ જમીન બાકી છે જ્યાં એમનો પરસેવો ન પડ્યો હોય ? હવેનો પ્રશ્નાર્થ ગોકળના હૃદયમાં વંટોળની જેમ વીઝાવા માડ્યો. જ્યાં જઈશું ત્યાં વેઠ,મજૂરી,ઓરમાયાપણું,આભડછેટ પડછાયાની જેમ ચોંટીને સાથે આવશે'જેવી વાસ્તવિકતા સૂચવતો

મલક છે. એક બાજુ જો પ્રશ્ન છે કે'કયે મલક જવું ? તો બીજી બાજુ'આ મલક જેવો મલક પડ્યો સઅ'નો સધિયારો છે. આ બધાને સમાવીને લઘુનવલનું શીર્ષક'મલક'ખાસ્સું વ્યંજક બન્યું છે."[૩૬] દલિતોનાં વાસ્તવિક મલકની સંવેદના આલેખતી આ રચના એક દસ્તાવેજીય ઈતિહાસ ન બની રહેતા કલાકીય સ્પર્શ પણ તેને મળ્યો છે. આમ છતાં આ નવલકથાની કેટલીક મર્યાદાઓ પણ છે. સર્જક નવલકથામાં દલિત સમાજનાં આંતરદ્વંદ્વને બતાવી શક્યા નથી. દલિત સમાજની મર્યાદાઓને, એ સમાજમાં અંદરોઅંદર ચાલતી ખેંચતાણને નિરૂપી શક્યા નથી. આ સંદર્ભે ડૉ.ભરત મહેતા નોંધે છે એમ"નજીકથી જોયેલા સમાજની કેટલીક બાબતો પરત્વે લેખકે આંખ આડા કાન કર્યા છે.ભારતીય સમાજ વર્ગમાં નહીં પણ વર્ગોમાં વહેચાયેલો સમાજ છે. શિયા-સુન્ની કે ક્રિશ્ચિયન-નૉનક્રિશ્ચિયન જેવા બે સ્પષ્ટ ભાગોમાં વહેચાયેલો સમાજ નથી. ભારતીય સમાજનું માળખું અનેકસ્તરીય છે. ખાંચાખૂંચીવાળું એનું રૂપ છે. એ રૂપને પામવા રેણુજી જેવી સંપ્રજ્ઞતા અનિવાર્ય છે, તો જ મૈલા મલકને પમાય. વળી પ્રત્યેક વર્ગને પણ પોતાનું આંતરદ્વંદ્વ હોય છે. એ દ્વંદ્વને લેખક પારખી શક્યા નથી એમ કહેવું પડે. સવર્ણો સતત શોષણ કરે છે, રાવળિયાઓ અંદરોઅંદર ઝઘડે છે, જેહો વાઘરી દારૂ પીએ છે, માસંગજી દારૂ પીએ છે, અનારજી દારૂ પીએ છે, જહોની વહુ અને મુખીની ફોઈ ફૂવડ છે, હઠાની વહુ સંતોક ભગાને પટાવે છે ! એક વણકરવાસ જ સાબૂત છે. 'છગન-મગન મારા સોનાના,પડોશીનાં પિત્તળનાં અને ગામનાં છોરા ગારાનાં'એ કહેવતમાં છે તેવી મર્યાદામાં વર્ગસંઘર્ષને તાકતી કૃતિઓ નિરાંતે ફસાય જતી હોય છે."[૩૭]દલિતોને રાત માથે લઈને હિજરત કરવી પડી એની પાછળ જવાબદાર ભગાને વાસનાં લોકો કશું જ કહેતા નથી એ અજુગતુ લાગે છે. એ ઉપરાંત ત્રણ રૂપિયા માટે વજેસંગ કરસનને મારી નાખે અને એનો પુરાવો શોધવાં સર્જક રાજીને સુકાયેલાં તળાવમાં પડેલી સાંકળ પાસે લઈ જાય એ બધુ કૃતક લાગે છે. ઉપરાંત ભગાની બહાદુરી પ્રગટ કરી આપવા સર્જકે રેલ્લાને(બળદને)નાથવાનો જે પ્રસંગ વર્ણવ્યો છે એ પ્રસ્તારવાળો હોવાથી નકામો લાગે છે. ચૌદમાં પ્રકરણમાં આવતો મેળાનો પ્રસંગ ડૉ.ચંદ્રકાન્ત ટોપીવાળા નોંધે છે એમ "પન્નાલાલીય મેળાની રંગદર્શિતામાં જે રીતે ફંટાઈ જાય છે એનાથી પોતે કુશળતાપૂર્વક દૂર રહી શક્યા હોત."[૩૮]

દલિત સાહિત્યની અનુઆધુનિક ગુજરાતી સાહિત્યમાં એક આગવી ઓળખ છે ગુજરાતી સાહિત્યમાં દલિત સાહિત્યની ઓળખ માટે સંઘર્ષ કરનારા પ્રતિબદ્ધ સાહિત્યકારોમાંના એક દલપત

ચૌહાણ છે.ગુજરાતી સાહિત્યમાં દલિત સમાજજીવનના પ્રશ્નોને વાચા આપનારા પ્રતિબદ્ધ સર્જકોમાં દલપત ચૌહાણનું સ્થાન આગવું છે.મલક તેમની પ્રથમ નવલકથા છે આ નવલકથામાં રજુ થવા પામેલી સંવેદના લેખકે ખુદ અનુભવી છે.કળાકીય દ્રષ્ટિએ આ નવલકથા ભલે મર્યાદા ધરાવતી હોય પણ હિજરતના પ્રશ્ન સંદર્ભે દલિતોની કારમી વ્યથા,પીડા સંવેદનાનું આલેખન એની પુરી સ્વાનુભૂતિ સાથે લેખકે રજુ કરી છે.દલિત નવલકથાઓના સંદર્ભે આ નવલકથા વિશેષ છે કે કારણકે તે હિજરતના પ્રશ્નને રજુ કરે છે.  સમગ્ર રીતે જોતા આઝાદી પહેલાનાં સામંતશાહી વાતાવરણનાં ગામડામાં જીવતાં દલિત વર્ગની સંવેદનાને આલેખતી આ લઘુનવલ દલિત સાહિત્યની એક નોંધપાત્ર કૃતિ છે.

સંદર્ભ સૂચિઃ


૧.મલક,દલપત ચૌહાણ,પુનર્મુદ્રણ-૨૦૦૭,પૃ-૧૭૪-૧૭૫

૨.મલક,દલપત ચૌહાણ,નિવેદન,પૃ-૧૫

૩.એજન,પૃ-૧૭૮

૪.એજન,પૃ-૧૭૯

૫.એજન,પૃ-૧૮૬

૬.એજન,પૃ-૧૭

૭.એજન,પૃ-૧૨-૧૩

૮.એજન,પૃ-૧૩

૯.એજન,પૃ-૧૯૦

૧૦.એજન,પૃ-૩૩

૧૧.એજન,પૃ-૮૪

૧૨.એજન,પૃ-૨૦

૧૩.એજન,પૃ-૬૩

૧૪.એજન,પૃ-૩૭

૧૫એજન,પૃ-૧૦

૧૬.એજન,પૃ-૧૪

૧૭.એજન,પૃ-૧૪

૧૮.એજન,પૃ-૩૮

૧૯.એજન,પૃ-૨૩

૨૦. એજન,પૃ-૨૯

૨૧. એજન,પૃ-૪૬

૨૨. એજન,પૃ-૫૫

૨૩. એજન,પૃ-૮૨

૨૪. એજન,પૃ-૧૧૦

૨૫. એજન,પૃ-૧૧૭

૨૬. એજન,પૃ-૧૩૭

૨૭. એજન,પૃ-૧૩૯

૨૮. એજન,પૃ-૧૫૫

૨૯. એજન,પૃ-૧૫૭

૩૦. એજન,પૃ-૬૧

૩૧. રમેશ.ર.દવે,ગુજરાતી નવલકથાનું ચોથું સોપાન,શબ્દસૃષ્ટિઃઑગાષ્ટઃ૧૯૯૫,પૃ-૪૧

૩૨. એજન,પૃ-૧૮૯

૩૩. એજન,પૃ-૧૮૪

૩૪. એજન,પૃ-૧૮૪

૩૫. એજન,પૃ-૧૮૫

૩૬. એજન,પૃ-૧૯૨

૩૭. એજન,પૃ-૧૮૭

૩૮. એજન,પૃ-૧૯૨

## 'ગીધ'

દલપત ચૌહાણ પાસેથી 'મલક' પછી 'ગીધ' નવલકથા આપણને ૧૯૯૯માં મળે છે. આ નવલકથામાં તેમણે આઝાદી પૂર્વેનાં ગામડામાં વસતા અને સામંતશાહી સમાજવ્યવસ્થાનો ભોગ બનતા દલિત સમાજની વ્યથા-વિષમતાનું આલેખન કર્યુ છે. તેમણે પોતાની પ્રથમ લઘુનવલ 'મલક'માં આઝાદી પૂર્વેનાં ગામડામાં વસતા વણકર સમાજની વ્યથા-વિષમતાનું આલેખન કર્યુ હતુ જ્યારે અહીં મીચોર(ચમાર) સમાજ કેન્દ્રમાં છે. 'મલક'માં વણકર ભગો હઠા ચૌધરીની પુત્રવધુ સંતોક સાથે પ્રણય સંબંધ બાંધે છે,તેની સાથે મેળો મ્હાલે છે અને સમય જતાં સંતોકને ભગા વતી દીકરો જન્મે છે. દાયણ ફતામાં દ્વારા ખાનગીમાં કહેવાયેલી વાત ગામ ચોતરે ચર્ચાય છે જે દલિતો માટે આફત ઊભી કરે છે. રાત માથે લઈને દલિતોને હિજરત કરવી પડે છે. એક રાતનો જ સમયગાળો રોકતી આ લઘુનવલ દ્વારા દલિતોની એક પછી એક કારમી વીતકકથાઓને સર્જક આપણી સમક્ષ મુકતા જાય છે. આ લઘુનવલમાં આવતું દરેક પાત્ર કોઈને કોઈ રીતે સવર્ણ વર્ગનાં અન્યાયનો ભોગ બને છે. ગીધમાં સર્જકે દલિત સમાજને ભોગવવી પડતી પીડા-યાતનાઓને નવલકથામાં આવતા મુખ્ય પાત્ર ઈસાને પ્રતીક બનાવી નિરૂપી આપી છે. મીચોર જાતિનો ઈસો માવજીભાની પુત્રી દિવાળી સાથે બળજબરીથી બંધાયેલા પ્રેમસંબંધ અને શંકાની નજરે ઊભી થયેલી ગેરસમજનો ભોગ બની કરુણ મોતને ભેટે છે એ કથા આ નવલકથાનાં કેન્દ્રમાં છે.

***કથાવસ્તુ:***

'ગીધ' નવલકથા બાવીસ પ્રકરણોમાં વહેચાયેલી છે. ભલાભાની સ્મૃતિમાં ચાલતી આ નવલકથાનું મુખ્ય પાત્ર ઈસો છે. નવલકથાની પ્રસ્તાવનામાં દલપત ચૌહાણ નોંધે છે "સમયને ક્યાંય સ્થિરતા હોતી નથી. એ નિરંતર વહ્યા કરે છે. આજની સાથે કાલને સામ્ય નથી જ. ડૉ.આંબેડકરને જે યાતનાઓ ભોગવવી પડી એ મેં નથી ભોગવી. મારી યાતનાઓથી મારાં બાળકોનો સમય સારો એવો આગળ નીકળી ગયો છે. સામાજિક-ધાર્મિક વિટંબણાઓનાં પર્વતશિખર ઘસાયાં છે. પર્વત હજી અકબંધ છે. કાળની થપાટો એને ધીમેધીમે ઘસી નાખશે."[૧] આ નવલકથાની શરૂઆતમાં સર્જકે દલિત સમાજમાં આવેલા પરિવર્તનને બતાવી આપ્યુ છે. ગઈકાલ સુધી જે હડધુત કરતા હતા તે આજે એમને નામથી બોલાવી રહ્યા છે. ભલોભા જે ગલ્લેથી બીડીઓ લે છે. તે ગલ્લાનો સવર્ણ છોકરો હાથોહાથ પૈસા આપે છે. આ જોઈને ભલાને આશ્ચર્ય થાય છે. અને ભૂતકાળમાં પોતાને થયેલા અપમાનજનક બનાવો તેને યાદ આવે છે. દલિતવાસનાં નાકે પહોચેલા ભલાને વાસમાં ઘણુંબધુ પરિવર્તન આવી ગયેલુ લાગે છે. જ્યાં માટીનાં ઘરો હતા ત્યાં ઈંટોથી બનેલાં પાક્કા મકાનો જોવા મળે છે. જે ગલ્લાએથી પોતે બીડીઓ લીધી હતી એ છોકરો શનોજીનાં છોકરાનો છોકરો હતો એ જાણી ઘેમરભાનો ઈસો તેના માનસપટ પર છવાય જાય છે. અને કેવી હાલતમાં ઈસાનું ખુન થયું એ ઘટના-હકિકત તેની સ્મૃતિપટ પર એક પછી એક તરી આવે છે.

બીજા પ્રકરણથી સર્જકે કથાનાં મુખ્ય પાત્રો ઈસા અને દિવાળી તરફ પોતાનો કેમેરા સેટ કર્યો છે. ઘેમર અને વાલીનો એકનો એક પુત્ર ઈસો માવજીભાને ત્યાં સાથી તરીકે કામ કરે છે. બાળપણથી જ માવજીભાને ત્યાં પેંડારિયા તરીકે કામ કરતા ઈસાને દિવાળી સાથે મિત્રતા કેળવાય છે. નાની એવી દિવા પણ ઈસાને

કામમાં મદદ કરવાં ઉત્સુક છે પણ મોટી વયની તેની મા ફૂલીમા દિવાને ઈસાથી દૂર રહેવાનાં,તેનો સ્પર્શ ન થઈ જાય એની કાળજી રાખવાનાં સૂચન આપ્યા કરે છે. સર્જકે અહીં સવર્ણ વર્ગ બાળપણથી જ બાળકોને મનુવાદી મનોવલણોનાં સંસ્કારો આપે છે તે બતાવી આપ્યું છે.સાથી તરીકે કામ કરતા ઈસાની મનઃસ્થિતિને સર્જકે આપણી સમક્ષ મુકી આપી છે તે જોઈએ. "હાહરૂં આખો દાડો અંધારું રઅ તો ચેવું હારૂં. આ અભડાવું તો ના પડઅ ! કોઈ નહીં તે ચેવું થાળામથી આથોઆથ પાંણી લીધું, આ માવજીભા હોય તો,મણની ચોપડાવઅ....અનઅ કે..."[૨]ઈસાને આકાશમાં તરતી સમડી ગમે છે.પોતાની ગુલામીભરી અવસ્થામાં ઈસાને આકાશમાં મુક્ત રીતે ઊડતી સમડીની ઈર્ષા થાય છે. એ મનોમન બોલી પડે છે"ચેવી આભલામઅ તરઅ સઅ ! સઅ કસીય ચંત્યા,ફકર ! હવાર થ્યું કઅ નેહરી પડ્યાં.ભલી ભલી પથમી જોવા."[3]સર્જકે ઈસાનાં પાત્ર દ્વારા સમગ્ર દલિત સમાજ સવર્ણોની અસ્પૃશ્યતાભરી ગુલામીનો ભોગ બનતો આવ્યો છે. એ વાતને ખુલ્લી પાડી આપી છે. હજુ તો ગઈકાલ સુધી ડોકાગાલ્લીથી રમતો ઈસો બાલ્યાવસ્થાની રમતનો આનંદ મેળવે એ પહેલા જ બાળ મજુરીનો ભોગ બની જાય છે. મલકનાં છગન જેવી જ એની સ્થિતિ છે. બાળપણનાં રમતીયાળ દિવસો પૂરા થાય એ પહેલા એ માવજીભાને ત્યાં પેડારિયા તરીકે વેઠ-વારામાં જોતરાય જાય છે.

"આ મસારો?ચાણઅ સૂટસે?"એને પ્રશ્ન થયો,જવાબ ન જડ્યો.એ હસ્યો સાવ ફિક્કું ફસ. એ પેંડારિયામાંથી ક્યારે સાથી થઈ ગયો એની એને ખબર જ ન પડી. ગઈ કાલે જ એ ડોકાગાલ્લીથી રમતો હતો. તુટેલા માટલાનાં ધાંધીલાનાં બડદ,ગાલ્લીને જોડતો અને એકાદ ખોવાય તો જાણે આખું ઘર માથે લેતો.

"માડી ! મારા બળદિયા ચ્યાં જ્યાં ?"

મા હસી પડતી.

"ચ્યાંક ચરવા જ્યા અસી."

જો મનઅ બકાવાનું મેલી દે હો.....મારા બળદિયા કુને લીધા?"[૪]

અને એમ બળદગાડીની રમત રમતાં રમતાં પોતે જ બળદ બની ગયો એનીય એને ખબર ના પડી. ખેતરમાં જ જીવન વ્યતીત કરતા ઈસાના સાથી-મિત્રો પણ બળદ જ છે. એને બળદો સાથે આત્મીયતા કેળવાય છે.

દિવાળીને ઈસા પ્રત્યે આકર્ષણ છે. આ આકર્ષણ કોઈ સૂક્ષ્મ પ્રણયનું આકર્ષણ નથી પણ શારીરિક આકર્ષણ છે. ઈસા સાથે શરીરસંબંધ બાંધવાની એને તાલાવેલી લાગી છે. ખેતરનાં એકાંતમાં મળતી દિવાળી ઈસાને જોતા શારીરિક ચેષ્ટાઓ-સંકેતો કરે છે. ઈસો પણ એ બધા સંકેતો સારી રીતે સમજે છે તેમછતાં એ કોઈ પ્રતિભાવ આપતો નથી.એનું એકમાત્ર કારણ દિવાળી સવર્ણ વર્ગની છે.જો દિવાળી એનાં જ વર્ગની હોત તો ઈસો જુદો જ પ્રતિભાવ આપતો પણ અહીં તો ઈસો ચાહવા છતાં કશુ કરી શકતો નથી. એ મોટી કરૂણતા છે. એકમાત્ર નાતનાં ભયને લીધે તે દિવાળીથી દૂર રહેવાનો પ્રયત્ન કરે છે. માવજીભાની

દિવાળી યુવાન છે. બાળપણમાં જ તેના લગ્ન હેમરાજનાં છોકરા સાથે થઈ ગયા છે. શરીરની ભૂખથી પીડાતી દિવાળી ઇસાને બાનમાં લે છે. ઇસાને જોતાં જ એને શરીરમાં કંઈક થઈ જાય છે. દિવાળીનાં છલકતાં યૌવનનો પરિચય આપતાં સર્જક કહે છેઃ

"અદ્દલ મેળાની છેલ ! એને ઘાઘરી વરાણે ઊભેલી દિવાળી યાદ આવી. જાણે ઠુમક ઠુમક નાચતી મોચડી. આખો વગડો માથે લેતી કોયલી. આજે એનાં રંગઢંગ નોખા હતાં. ઓઢણીનો છેડો માથે ન હતો. પાલવ હવામાં ફરફરતો હતો. લીલા કસુંબાની ચોડી અને ઘેરવાળી લાલ કસુંબાની ઘાઘરીમાં જાણે પુતડી નાચતી હતી. ઇસો વિચારોમાંથી પાછો વળે ત્યાં તો દિવાળી એની સામે આવી.

ઇસો એને સાવ નજીક જોતાં જ ચમક્યો. દિવાળીનાં એક હાથમાં દાતરડું હતું અને બીજો હાથ ખાલી.ખાલી હાથને કમર પર મૂકી,દાતરડું બરડા પાછળ સંતાડતાં,ડોક સહેજ વંકાવીને ઇસા તરફ મારકણી આંખે તાકી રહી હતી. જાણે ઇસાને પગની પાનીથી માથાની ચોટલી સુધી માપતી ન હોય. પછી ઊંડા વિચારમાં હોય એમ પીઠ પાછળ સંતાડેલું દાતરડું લમણે અડાડી,આંખો વધારે જીણી કરી,ઇસા તરફ ઢળી."[૫]આ આખું વર્ણન દિવાળીની કામુક અવસ્થાનું ચિત્ર આપણી સમક્ષ પ્રગટ કરે છે. ઉપરાંત ઇસાને લલચાવવા દિવાળી વિવિધ અશ્લિલ સંકેતો પણ કરે છે. દિવાળીની વાસનાને પ્રગટ કરતી વિવિધ ક્રિયાઓને ખુબ જ સૂક્ષ્મ રીતે નિરૂપી આપી છે તે જોઈએઃ"દિવાળી થોડીવાર સુધી પગનાં અંગુઠાથી માટી ખોતરતી રહી પછી મોઢું ઊંચું કરી મારકણી આંખે ઇસા તરફ જોઈ,ધીમે ધીમે કૂવા તરફ આગળ વધવાં માંડી.કૂવાનાં થાડાની પાળ ઉપર એક પગ મૂકી,આજુબાજુ નજર ફેરવી હાથમાં દાતરડું રમાડતાં રમાડતાં આકાશ તરફ જોવા લાગી."[૬]

"દિવાળીએ રેંટ ઉપર દોરડું નાખી ડોલ કૂવામાં પાસી. રેંટનું પૈડું હળવા કિચૂડાટ સાથે ફરવા માંડ્યુ. કિચૂડાટનાં તાલે ડોલ કૂવામાં ઊતરવા માંડી. દિવાળી કિચૂડાટનાં સંગીત સાથે તાલ મેળવવાં પગને થાળા પર ઠપકારવા માંડી. કૂવામાં ડોલ અરધે પહોંચી ત્યાં દોરડું છૂટું મૂકવાને બદલે એક હાથે પકડી રાખ્યું.બીજો હાથ કેડ પર મૂકી,કેડથી ઉપરનાં ભાગને ઇસા તરફ મરડીને ઇસો કાંઈક જોવાની ચીજ હોય એમ જોતા બોલી...."[૭]

આ ઉપરાંત દિવાળીની કામુક અવસ્થાને પ્રગટ કરી આપવા સર્જક અહીં લક્કડખોડના"ટૂક...ટૂક...ટૂક..."[૮]અવાજનાં સંકેતો પણ યોગ્ય સ્થાને લઈ આવ્યાં છે.દિવાળીની આ બધી જ ક્રિયાઓ-સંકેતો ઇસો સમજે છે. પોતે ભોટ નથી. જો પોતે દિવાળી સાથે સંબંધ બાંધી બેસે અને પકડાય જાય તો પોતાના ઉપર અને દલિત સમાજ ઉપર મોટી આફત આવી પડે. દિવાળીની કામુક અવસ્થાને પ્રગટ કરતાં સંકેતો ખુલ્લાં નથી અને તેથી જ અન્ય દલિત નવલકથાઓથી તે અશ્લિલતાનાં સંદર્ભે જુદી તરી આવે છે.

ઇસો એ ઘેમર અને વાલીનો એકનો એક દિકરો છે. ખૂબ બાધા-આખડીઓ કરીને ઘેમર અને વાલીએ એને ઉછેર્યો હતો.ગરીબાઈને કારણે જ એને વેઠ-મજુરી કરવા માટે વાલી મોકલવાં મજબુર બની છે. પેંડારિયા તરીકે ઇસાને માવજીભાની ભેંસો ચરાવવાનું,મળ-મૂતર સાફ કરવાનું કામ કરવું પડતું,એના

બદલામાં એને ઘેંસનો ડુવો પીવા મળતો.પેંડારિયામાંથી સાથી બનેલા ઈસા માટે વગડો જ એનું મૂળ નિવાસ છે. ઈસાને પણ ગામ કરતાં વગડો ખૂબ ગમે છે. એકાકી જીવન જીવતાં ઈસાને કેસુડાનાં ફૂલ ગમે છે.એની મનઃસ્થિતિને પ્રગટ કરતું આ દશ્ય જોઈએ"દિયોર ચેવા ફૂલ ફટાચિયા થઈ જ્યાં સઅ !કાલ હુંદી તો હાવ ઠૂંઠા જેવા અતાં !આજી ફૂલે ભાજી પડઅ સઅ !"કોઈકવાર એ ખાખરા નીચે જઈ કેસૂડાં વીણતો,કેસૂડાં કાનમાં ખોસતો !અને થાળાનાં પાણીમાં પોતાનો ચહેરો જોઈ હસી પડતો"ચેવુ લાગઅ સઅ !" મનોમન પૂછી બેસતો પણ જવાબ ન જડતાં અકળાઈ જતો.પછી ચૂપચાપ પગ પછાડી બીજા કામમાં વળી જતો."[૯]આવી કાળી મજૂરી કરવાં છતાં ઈસાને મસારામાં બસો રૂપિયા,એક જોડી જાડા કપડાં અને એક જોડ જૂનાં લૂગડાં મળતાં.ઈસો જે સાધનમાં –વાસણમાં જમતો એ વાડકાનું વર્ણન પણ લેખકે રસપ્રદ રીતે કર્યુ છે."વાસણમાં એલ્યુમિનિયમનો મોટો વાડકો.એમાં જ એ શાક,દાળ,કઢી લે,ઘેંસનો ડૂવો પીવે ને પાણીનાં પ્યાલા તરીકે ઉપયોગ કરે !એ ઈસાનું અક્ષયપાત્ર,એમાં સારા માઠા પ્રસંગે શીરો કે માલપુડા આ જ વાટકામાં સ્વીકારવાં પડતા. આ વાટકો ફાટેલા ધોતિયાનાં એક ટુકડામાં લપેટીને કૂવા પાસેનાં લીમડાનાં ફાંસલામાં સાચવીને મૂકતો.ખાસ્સા બધાં વરસથી વાડકો ઈસાની સેવા કરતો હતો.:"[૧૦]ઈસો માવજીભાનો વફાદાર સાથી છે.માવજીભાની સેવા કરવામાં એ કોઈ કમી રાખતો નથી તેમ છતાં એ અસ્પૃશ્ય હોવાને લીધે જ અનાજની ગાંસડીઓ ઉપાડીને ઘરમાં કોઠી સુધી પહોચાળવાં જતાં ઘરની વસ્તુઓને અડી ન જવાય એવી સૂચનાઓ એને માવજીભા તરફથી મળે છે.માવજીભાનાં દેખતા એ કુવાનું પાણી પી શકતો નથી.દિવાળીનાં લગ્ન સાટા પદ્ધતિથી થયા હતા જ્યારે ઈસાનાં લગ્ન એની જાતીમાં થયા હતા.લગ્ન કરવા માટે ઉછીનાં લીધેલા રૂપિયા એના માટે ગળાનો ફંદો બની રહે છે અને લગ્નનું દેવું ચુકવવા માટે એને પોતાની સ્વતંત્રતા ગીરવે મુકવી પડે છે.ઉપાડમાં જ મસારા કરતાં રકમ વધી જતી અને એ રીતે એક વર્ષ વધારે એને સાથી તરીકેની ગુલામી વેંઢારવી પડતી.અહીં સર્જકે દલિત સમાજમાં જોવા મળતાં સંસ્કાર સંદર્ભોને પણ નિરૂપી આપ્યા છે.કિશોરાવસ્થામાં પ્રવેશેલા ઈસાને દાઢી-મુછ આવ્યા છે.પ્રથમવાર દાઢી-મુછ કરાવતો ઈસો પોતાના પિતા ઘેમરની હાજરીથી શરમાય જાય છે.મહીજી પંડયાના કહેવાથી વતું કરાવતો ઈસો મનોમન શરમાતા કહી દે છે.

"મહીજી કાકા! પસઅ...હાલ નઈ.!"

"પસવાળા,વળી મહીજી ચ્યાં આંય બેહી રઅ સઅ મઈને પંદર દાડે આવઅ,લે હેંડ! મું આઘો જઉ સું !"

ઘેમર ઊભો થઈને ઘરમાં ગયો.ઈસો દાઢી કરાવવાની ગડમથલમાં મહીજી પંડ્યા સામે જોતો રહ્યો.

"અમઅ સેનો સરમાય સઅ ! કાલી ઉઠનઅ વઉ આવસે ! જા ઊજા.પાણી લી આય. !"

ઈસો,મહીજી પંડયાની વાત સાંભળી,શરમથી અડધો અડધો થઈ ગયો.દાઢી મૂછ કરાવવાનો ઉમંગ છાનો ના રહ્યો.એ ઘરમાં જઈ લોટો ભરી પાણી લઈ આવ્યો,માથા પરથી ફાળિયું ઉતારી ખભે નાખી,માથું અને મોઢું પલાળ્યાં,ટોડલે લોટો મૂકી ઊભો રહ્યો.

"લે હેંડ સરમનાં ભા ! પેલાં ખૂણીચા કાઢું,પસઅ દાઢી.!"

ઈસો શરમાતો,શરમાતો મહીજી પંડ્યા આગળ પલાંઠી વાળી બેઠો.ખૂણીચા અને દાઢી પત્યાં કે તરત જ ટોડલેથી લોટો લઈ માથું ધોઈ ફાળિયાનાં છેડા વડે મોઢું લૂછતાં ખેતર જવા તૈયાર થયો.એને થયું દરપણમાં મોઢું જોયું હોય તો કેવું લાગે !."[૧૧]આ આખો પ્રસંગ કિશોરાવસ્થામાં પ્રથમ વખત દાઢી કરાવતાં ઈસાનાં શરમ-સંકોચને પ્રગટ કરે છે.

દિવાળીનો સસરો હેમરાજ આણાંની વાત લઈને ફૂલીમાં સાથે ખેતરે આવે છે.અહીં માવજીભા અને હેમરાજ વચ્ચે ચાલતી વાતચીતમાં રાજકીય ખટપટનો ખ્યાલ આપણને મળે છે.સાટાપદ્ધતિથી દિવાળીનાં લગ્ન થયા હોવાથી જો હેમરાજ પોતાની પુત્રી મોકલવા તૈયાર થાય તો જ દિવાળીને મોકલવા માવજીભા તૈયાર થાય.માવજીભા અને હેમરાજ વચ્ચે ચાલતી વાતચીતમાં પીવાતી હોકલી બન્નેનાં મનમાં ચાલતી ખટપટોનો સંકેત કરતી જોવા મળે છે.

"હોકલી તૈયાર થતાં તેની બે ત્રણ ફૂંક ખેંચી એક ફૂંક જોરથી ખેચતાં હોકલીનાં પાણીથી મોઢું ભરાઈ ગયું.એમણે ઝટપટ હોકલી ખસેડી પાણી થૂંકી નાખ્યું.હોકલીનું પાણી બરાબર કરવાં ચલમ કાઢી લઈ હોકલીમાંથી થોડું પાણી કાઢી નાખી,મેર ઉપર ચલમ માંડી હોકલી ખેંચી.

"ગુડડ...ગુડ..ડ..ગુડ.."

"અમઅ હરખી થઈ...!"એમ બબડી માવજીભાએ હોકલી વેવાઈને આપી.હેમરાજે હોકલી હાથમાં લઈ નેં મોઢામાં મૂકી.માવજીભા એમની સામે જોતા ખાટલામાં બેઠા.થોડીવાર વિચાર કરતાં હેમરાજે બે-ત્રણ દમ ખેંચ્યાં.મોઢા વાટે ધૂમાડો બહાર કાઢતાં હેમરાજે માવજીભા સામે જોયું.બન્નેની નજરો ટકરાઈ.માવજીભા હેમરાજની વાત સાંભળવા તૈયાર થઈ બેઠા હતાં.

"માવજી,વેવઈ!"

હેમરાજે હોકલીની નેં આઘી કરી.

"હું...વેવઈ?"

માવજીભાએ હોંકારો દીધો.

"અલી ફેરા...દિવાનઅ,મેકલોય !"

"ચ્યમ?"માવજીભા ચમક્યા.આગળ શું બોલવું એ ગોઠવણ કરવાં અટક્યાં.હેમરાજ થોડીવાર ચૂપ રહ્યાં.

"તમેય વેવઈ,ઘણા ડાહ્યા ! અજી તો હાલ હેંડ્યા આયા,કાંઈ સખદખની...વાલા દવાલાની વાત માંડયા વના,હેંડ વઉ જુદા."

"જુવો...ચ!"હેમરાજે બોલવા જીભ ઉપાડી.

"અમ...જુવો નઅ બુવો...ભલાદમી ! અમેય ઘરબાર લઈ બેઠા સીએ ! કાંક નિરાંતે વાત કરી હોત તો કાંઈ અમે ના પાડવાનાં અતા ! કાંક બેહો ટાઢા થાવ."

હેમરાજ ચૂપચાપ માવજીભાની વાત સાંભળતા રહ્યાં,હોકલીના બે-ત્રણ કસ ઉપરાઉપર ખેંચ્યા.મોઢામાંથી ધૂમાડો બહાર કાઢતા માવજીભા તરફ જોતા રહ્યાં."[૧૨]

આ આખા સંવાદમાં પીવાતી હોકલી હેમરાજ અને માવજીભાની મનોસ્થિતિને પ્રગટ કરી આપે છે.અહીં ફૂલીમાંની સમજ આપણું ધ્યાન ખેંચી જાય છે.તક જોઈ નિશાન મારતી ફૂલીમાં પોતાની વાત મુકવામાં પાવરધી છે એનો ખ્યાલ આપણને અહીં મળે છે.

"હેમરાજ વેવઈ ! તમે ચ્યારનાય દિવાનઅ તેડવાની વાત કરોચ ! ખરા ! લ્યો,દિવાનઅ મેકલી દીયે !"

હેમરાજ ફૂલીમાંની વાત સાંભળી ચમક્યા,ફૂલીમાંએ ઠાવકા થઈ આગળ ચલાવ્યું.

"તમારી મેના અમઅ મોટી થઈ કઅ નહ ?"

વાક્ય પૂરું કરી ફૂલીમા વારાફરતી હેમરાજ અને માવજીભા તરફ જોવા લાગ્યાં.માવજીભાના ચહેરા ઉપર ખુશી દેખાઈ.એમને લાગ્યું ખરે વખતે ડોસીએ દુઃખતી રગ દબાવી."[૧૩]

તો બન્ને વેવાઈ વચ્ચે વાત બંધ બેસતી જોઈને ફૂલીમા એમને એકલતામાં ખાનગી વાત કરવા દેવા ઊઠીને ચાલી જતા કહે છે"તમે વેવાઈયો વાતો કરોચ,મું એકઢાળિયું વાળી આવોચ,ચેટલું બધું કૉમ પડયુ સઅ !"[૧૪]

દિવાળીને જલદી તેડી જવા પાછળ હેમરાજ'કાહટીયો અવચળ'ની છોકરી સાથી સાથે લપટાઈ એ વાતને આગળ ધરે છે.પહેલા તો માવજીભા આ વાત સાંભળી વેવાઈ પર ગુસ્સે થાય છે.માવજીભાને આ વાત દ્વારા હેમરાજ વેવાઈ ચેતી જવાનો સંકેત કરે છે તેમજ તેમના મનમાં શંકાનું બીજારોપણ પણ કરી દે છે.માવજીભા અને ફૂલીમાને પોતાની દિકરી પર પુરેપુરો વિશ્વાસ છે કે એ ક્યારેય કાળું કામ કરશે નહી.તો માવજીભાને પોતાના બન્ને સાથીઓમાંથી ઈસા પર આ બાબતે વધારે શંકા જાય છે.

છઠ્ઠા પ્રકરણમાં ખેતરમાં 'વાહું'તરીકે રહેલો ઈસો એકલો એકલો પોતાના ભૂતકાળનાં જીવનની પળોને વાગોડતો સર્જકે બતાવ્યો છે.બાજરીયો જલદી વઢાઈ જાય તો તેને રામાપીરનો મેળો મ્હાલવાની તક મળે એવી આશા એ સેવી રહ્યો છે.પોતે અક્ષરજ્ઞાન પામ્યો નથી એનું દુઃખ તે મનોમન વ્યક્ત કરે છે.ખેતરમાં રાત્રે જાગતો ઈસો સમય પસાર કરવાં માળાની ગોદડીમાં પડ્યો પડ્યો આભલાની ચાંદણિયો ગણે છે પણ એકથી દસ સુધીની જ ગણતરી તેને આવડે છે અને બબડી પડે છે

"દિયોર,એકડા ગણતઅ કુનઅ આવડઅ,આ તો કાળા કાળા મકોડા નઅ રાતી રાતી ઝેમેલ્યો,નિહાળ કુને ભાળી સઅ તે આવડઅ."

"દિયોર ગોમ્મઅ ચિયા ભણેશરી સઅ? એક ગોરભા નઅ પેલો તળસી વાણિયો,એય ચ્યાં આ ગૉમનાં સઅ?બાજરી વઢાહઅ એકઅ મુંઢું દેખાડશે,નઅ ગાલ્લાં ભરીનઅ ગૉમ ઉહડી જહઅ!"[૧૫]આમ,તેની આ સ્વગતોક્તિઓ દ્વારા પોતે અભણ રહી ગયો એની વ્યથા વ્યક્ત થઈ છે.ખેતરમાં સસલાનો ખખડાટ થતાં સસલાને જોઈ પોતે છેલ્લે ક્યારે સસલું ખાધું તે વિચારમાં પડે છે.

"હત્તારીની હાંહલું !"

એ બબડયો.એણે વિચાર્યુ જો આ સસલું દિવસે જોયું હોત તો,એક ઘા ભેગું પાડી દીધુ હોત,"અસે બચારું"એમ વિચારી આડે પડખે થયો.સસલું ક્યારે ખાધેલું એનાં વિચાર આવતાં હસી પડયો.અહીં માવજીભાના સાથી રહ્યા પછી ક્યાં 'ભોથા' ખાવા મળતાં હતા.કઢી અને રોટલાં તો ક્યારેક શાક રોટલા ખાતો,એને ભોથાં ખાવાની ઇચ્છા થઇ,સાથે સાથે ઢોર ચીરવાની"સાથરી"યાદ આવી.ઢોરની ચીરફાળ કરી માંસનાં ભાગ પાડવામાં આવતાં,એમાં ગુલ્લીઓ.ગુલ્લીનું નામ યાદ આવતાં ખડખડાટ હસ્યો.

"ગુલ્લી....અનઅ ભેજો.ભઇ ખાધો હોય ઇને જ ખબેર પડઅ?"[૧૬]

અને એ રીતે ભૂતકાળમાં વહેંચેલી ગુલ્લીઓનાં ભાગનો પ્રસંગ તેને યાદ આવે છે.

"આ હોળમી ગુલ્લી કુના લાંભામઅ?"

ત્યાં એના જેવું જ કોઇક અટકચાળું બોલી ઊઠે.

"આ વધારાની સઅ?"

"જ્યાં ફેરા કુનઅ આલીતી?"

"ચ્યમ પસલા ઓળગોણાનઅ વળી?"

પછી ઇસો ન્યાય કરતો હોય એમ કહેતો

"અલી ફેરા,ગરોડાંનઅ."

બધા સંમતી દર્શાવતા.રાજાપાઠમાં આવી ઇસો સાદ પાડતો

"પંચો સુરતા રાખો.વધેલી આ હોળમી ગુલ્લી...તે શિવા ગરોડાનઅ...."

સાથરીએ માંસ લેવા આવેલા તમામ માણસો ખડખડાટ હસી પડતા.શિવો મહારાજ અકળાઇને બોલતા"દિયોર ભાંભીના ઘેર જન્મ્યો !તુરીના ઘેર પેદા થ્યો હોત તો,જબરો કવિ થાત !"[૧૭]ભૂતકાળના આ સુખદ પ્રસંગ દ્વારા આપણને ઇસાના મશ્કરીયા સ્વભાવનો ખ્યાલ મળે છે.રણછોડ પોતાના ઘરાક ખુશાલ નારસંગની ભેંસ તાણી લાવવા મદદ માટે ઇસાને ખેતરે બોલાવવા આવે છે.પહેલાં તો તે ના પાડે છે પણ પછી જવા તૈયાર થઇ જાય છે.ભેંસ તાણી લાવતા બુક્કો ખાવાની પોતાની ઇચ્છા પુરી થશે એ વિચારે તે ખુશ થઇ જાય છે.દલિત સમાજમાં જોવા મળતી અંધશ્રદ્ધાને અહીં સર્જકે બતાવી આપી છે.ઘરે જતાં ઇસા અને રણછોડને માર્ગમાં ઝાડ પરથી ચીબરી બોલતી સંભળાય છે.ચીબરીનાં બોલવાને દલિત સમાજ અપશુકન ગણે છે.

અહીં સર્જકે ભેંસ તાણી લાવવાનાં પ્રસંગને વિસ્તારપૂર્વક રજુ કરી આપ્યો છે.વાસમાં બધા ઈસાના આવવાની જ રાહ જોઈને બેઠા હતા.ઈસાનાં આવતાની સાથે જ ભેંસ તાણી લાવવાની તૈયારીમાં બધા લાગી જાય છે તે પ્રસંગ જોઈએઃ

"ઈસો અને રણછોડ જેવા વાસમાં આવ્યા,કૂતરાં ભસ્યાં.વાસમાં હલચલ મચી ગઈ.

"લ્યો આ બે જણા આઈ જ્યાં."

"ચ્યાં જ્યો પસલો,આડીઓ લેઈ લ્યો,એક બે વધારઅ લેજો."

"ઈસો અનઅ રણસોડ આઈ જ્યાં."

"ઈસા,તારી આડી લી આય !"

એકાએક વાતચીત થવા માંડી એટલે કોણ બોલે છે તેની સમજ પડતી ન હતી.ઈસો,રણછોડ અકળાયા.

"દિયોર પાંણી બાંણી પીવા દેશો કઅ નઈ ! લે હેંડ વઉં જુદા રઈએ ! બધા ઊડી પડ્યા સો."[૧૮]કોઈની ભેંસ મરતા જ દલિતવાસનાં લોકોમાં છેલ્લે કોની ભેંસ તાણી લાવ્યા.તે કેવી હતી?જેવી વાતો થવા માંડતી અને એ રીતે આખો દલિતવાસ ભેંસ તાણી લાવવાની વાતે ગેલમાં આવી જતો.ભેંસ તાણી લાવવાનો પ્રસંગ એમનાં માટે ઉત્સવરૂપ બની જતો.એનો ખ્યાલ આપણને છઠ્ઠા પ્રકરણમાં આવતાં આ સંવાદો દ્વારા મળે છે.

"અલ્યા રાંઢવું લીધુ કઅ નઈ?"

"ઓવ્વઅ,મારી પાહણ સઅ,ભલાનાં ઘેરથી લીધું સઅ."

"રાંઢવું કાંઠુ સનઅ,ભેંસ માતી સઅ.ટંકે બોઘેણું દૂધ કાઢતીતી,હાથરીએ લાવતાં એહ થઈ જવાહઅ."

રણછોડના ઘરાકની ભેંસનાં વખાણ સાંભળી ઘણાનાં નાકનાં ટેરવાં ઊંચાં થયા,ઈસાથી ના રહેવાયું.

"બેસ ! હું જબરી ભેંસ અસે.પેલા પથુ દલસંગની ભેંસ મરી એ ચેવી માતી અતી.હાહરી જાણી વકરેલો પાડો.એ તો મું,ભલો,લાલીયો,કચરો તાણી લાયા તા,બે મૈના ઓહ ખાધી તી !"

"હાચુ ઈની આગેળ આ કાંઈ નઈ હોય !"

"ઈની આગેળ આ અકલી ઝકલી ઈમ,તાણઅ તો તમે ચાર જણાં તાંણી લાવસો નઈ?"

રણછોડ પોતાની વાત કપાતાં અકળાઈ ઊઠ્યો.

"ઓવ્વ...ગધ્ધી ભેંસનાં હું ભાર."કચરો હસ્યો.

"અમઅ બાદુરી બક્યા વનું હેંડ કચરા.જીવણ કરશનનો બળદ મરી જ્યો તાણઅ ચ્યાં જ્યો તો !"

તાણઅ તો મનઅ તાવ આયો તો દોસડા,નકર એચ હું,આમ ચપટી વગાડતાં તાણી લાવત."[૧૯]

મરેલી ભેંસ સુધી પહોચવાની વાટ લાંબી હોવાથી ગમ્મત કરતાં કરતાં આ લોકો પહોચવાનો ઉપાય શોધી કાઢે છે.કરશનભા વાટમાં ગલબા તુરી વાળી વાત કહીને બધાને હસાવે છે.ભેંસ તાણી લાવતાં એનો ભાર બધા ખમી શકે અને બધામાં જોર આવે એ માટે 'મધરઅ'બોલાવવામાં આવે છે.એ પ્રસંગ જોઈએઃ

"માતું તાતું ઢોર મરી જ્યું..."

"હઈસો..."

"હાથરઅ ઈનઅ તાણી લાવો."

"હઈસો..."

"બુક્કા બુક્કા મનઅ આલો."

"હઈસો..."

આમ,દલિત સમાજ અહીં ગંભીર પરિસ્થિતિનો સામનો હળવાસથી મજાક-મશ્કરી કરીને કરતો આલેખાયો છે.

પ્રકરણ સાતમાં મરેલી ભેંસનાં 'ભોથા','સુલ્લી'ખાવા મળશે તેથી દલિતવાસમાં ફેલાયેલો આનંદ,ભેંસ ચીરવાનો પ્રસંગ,તેમજ ભોથાની વહેચણીનું નિરૂપણ કરતા પ્રસંગો આલેખાયા છે.મરેલી ભેંસ તાણી લાવતા દલિતવાસમાં ઉત્સવનું વાતાવરણ ફેલાય જાય છે.લોકો રોજનાં કરતાં વહેલા ઊઠી જાય છે.ગૃહિણીઓ ઘરનું કામ જલદી આટોપી લે છે.દલિત સમાજનાં પરિવેશને સર્જકે આપણી સમક્ષ પ્રત્યક્ષ કરી આપ્યો છે. એનું વર્ણન જોઈએ.

"ઝાંખા ઝાંખા દિવાઓનાં અજવાળામાં ઘંટીઓનો અવાજ આવતો હતો.વહુઆરું તો કાગડા બોલ્યે જાગીને દળવા બેસતી.જેવાં સમાચાર વાસમાં પહોચ્યા કે ભેંસ સાથરીએ પહોચી છે,તેમના દરેક કામમાં ઉતાવળ આવી ગઈ.સ્ત્રીઓ ખાટલાં-ગોદડાં અને કચરો વાસીદું વાળીને કામ ઓળે પાડતી ગઈ.સૌથી વધારે તો રણછોડનું ઘર ધમધમતું હતું.રણછોડની મા વાડામાં જઈ આવળની છાલ છે કે નહીં,તે જોઈ આવી.ડાગળી પર મોગરી છે કે નહીં તેની ખાતરી કરી લીધી.આવળ કૂટવાનાં પથ્થરને વાસીદું કાઢતાં બે વખત ઝાપટ્યો.નાડી જોતર બનાવવાનાં સાધનો કોથળીમાં છે કે નહીં તેની ખાતરી કરી લીધી.તો વાસ થોડો વહેલો જાગ્યો.પાણી ભરવા જતી પાણિયારીઓ તો દાતણ કરવાનું ભૂલી ગઈ."[૨૦]તો ભેંસ ચીરવાનો પ્રસંગ આ નવલકથાનું જમા પાસું બની રહે છે.આ પ્રસંગ વિસ્તારપૂર્વકનો હોવા છતાં તે દલિત પરિવેશને ઊઠાવ આપવામાં મહત્વનો ભાગ ભજવે છે.તેના કેટલાક અંશોને જોઈએ.

"ઈસા અને ગોવાએ ભેંસને ચત્તી કરી,બે બાજુ ઊભા રહી એક એક પગ પકડી રાખ્યો.રણછોડે ભેંસના પૂંછડ ગોળ કાંપ મૂકીને ભેંસ ચીરવાની શરૂઆત કરી.સર ...સર...સર...છરીની ધારને લસરકે ચામડું અને ભેંસનું શરીર જુદાં પડવા માડ્યાં.બધા ચીરાતી ભેંસને આતુરતાપૂર્વક જોઈ રહ્યાં."[૨૧]

"બધા એકીનજરે ચિરાઈ રહેલી ભેંસ તરફ જોઈ રહ્યાં,ભેંસ ઉપરથી ચામડું નીકળી જતાં રણછોડને ઈસો મદદ કરવાં માંડ્યો.આંતરડાં અને લાદો,પેટના ભાગમાંથી જુદાં કરી રણછોડે ગોવાને ઈસારાથી નજીક બોલાવ્યો."[૨૨]

"રણછોડ અને ઈસો ભેંસના શરીરનાં ભાગ જુદાં કરવા માંડ્યા.પાંસળીઓ,કરોડ,પગની નળીઓ વગેરે કુહાડીથી કાપીને જુદા કર્યા.કલેજું,હૈયું,બુક્કા વગેરે સાચવીને જુદાં મૂક્યાં,થાપા,પગ,પેટનાં માંસના ટુકડા જુદા કર્યા.માંસના ટૂકડાનો ઢગલો ભેંસના ચામડા ઉપર કર્યો.રણછોડે ગુલ્લીઓ ગણવા માંડી.એણે પાંચ પાંચ ગુલ્લીનાં ત્રણ ભાગ કરી એક ગુલ્લી જુદી મૂકી."[૨૩]

જ્યાં ભેંસ ચીરાતી હતી ત્યાં ભાગ માટે મિયોરવાસ,વણકરવાસ,સેનમાવાસમાંથી લોકો આવી પહોચે છે.ભેંસ ચીરતાં ચીરતાં પણ આ સમાજ મજાક મશ્કરી કરવાનું ચૂકતો નથી.નાતનાં ગરો બ્રાહ્મણ શિવો મહારાજ પણ ભાગ લેવા આવી પહોચે છે ત્યારે રણછોડ,ઈસો,કરશનભા ધાર્મિક પુણ્ય લાગશે એમ ગણી એને ભાગ આપે છે.

"અલ્યા રણછોડ,પેલી વધેલી ગુલ્લી,આ ભરામણનઅ આલો,પુન થહઅ."

રણછોડ છેડાય પડયો,ભેંસના ગળાનો ભાગ જુદા કરતાં કરતાં ઊભો થઈ ગયો.કરશનભા અને શિવા મહારાજ તરફ વારા ફરતી જોતાં નાથાભા તરફ ઈશારો કર્યો.નાથાભા વાત સમજતા હસી પડયાં.

"આલો ભઈ આલો,વાંધો નઈ,ભરામણ સઅ,એક ગુલ્લી તો દરફેરાં વધઅ સનઅ."

"ઓવઅ હાચું કીધું,રણસોડ....જેનઅ આલવાનું હોય એ લોંભા પેલાં આલી ધો,પસઅ બચારાંનઅ કોઈ નઈ આલઅ."

કરશનભાએ નાથાભાની સામે જોઈને કહ્યું.ફરીથી નાથાભા હસ્યાં.

"અલ્યા ભઈ,પડાપુસ કર્યા વના તમતમારઅ જેનઅ આલવું હોય ઈનઅ હંભ્ભો..."નાથાભાની વાતે રણછોડ રાજી થયો.એણે ભેંસના ગળાનો ભાગ જુદો કરી,ગળામાંથી જીભ કાપી લઈ જીભ અને ઘોઘળાનો ભાગ હાથમાં લઈ શિવા મહારાજ પાસે આવ્યો.

"શિવો મહારાજ,વાસણ લાચા સો !"

"લાચો સુનઅ !"

શિવા મહારાજે ફાળિયાનાં છેડે બાંધી પીઠ પાછળ સંતાડેલી દાથળી,એક હાથથી આગળ ખેંચી બહાર કાઢી,રણછોડ સામે ધરી,રણછોડે તેમાં જીભ અને ગળાનો ભાગ નાંખ્યાં.જુદી મૂકેલી ગુલ્લી ઉપાડી અને ત્રણ ભાગમાંથી એક એક પાંસળીનો ટુકળો લઈ,દાથરીમાં નાખ્યાં.શિવો મહારાજ રાજી રાજી થઈ ગયા.

"ભલુ થજો,અમનઅ આલો ભરામણ ગણી,તમારે હજો લખમી ગણી.તમારા રાજ અમર તપો ભઈ."

શિવા મહારાજના આશિષ સાંભળીને બધા હસવા લાગ્યાં.

"અમારા રાજમઅ તો ભોથા ઊગઅ,મારાજ લણી લેજો."[૨૪]આમ,જુગુપ્સા જન્માવે એવી પરિસ્થિતિમાં આ સમાજ હસી-મજાક કરતો જોવા મળે છે.માંસના ભાગ પાડવાની રીતને પણ સર્જકે અહીં બતાવી આપી છે.

પ્રકરણ આઠમાં ખેતરે પહોચેલા માવજીભા શનોજી અને ઈસાને ન જોતા શનોજી ઉપર ગુસ્સે થાય છે.આ પ્રકરણમાં સર્જકે સવર્ણોમાં અંદરોઅંદર ચાલતાં જાતિય સંબંધોને રજુ કર્યા છે.કાંતાડીનાં તેના કાકા સાથેના અનૈતિક જાતિય સંબંધની વાત અહીં કરી છે.માવજીભાનાં કહેવાથી શનોજી ઈસાને બોલાવવા માટે દલિતવાસમાં આવે છે.દલિતવાસમાંથી આવતી બફાતા માંસની ગંધથી શનોજીને માંસ ખાવાની ઈચ્છા થાય છે તો સાથે ઈસાની ઈર્ષા પણ થાય છે.

"શનોજીથી બફાતા માંસની વાસ સહન થતી નહતી.એની ભૂખ ઊઘડતી જતી હતી.એને લાગ્યુ કે કોઈ એક તાંસળી ભરી તરકારી આપે તો ઝાપટી જાય,તોય સ્વસ્થતા જાળવતા,ઈસા તરફ સૂગ દર્શાવતા બોલ્યો.

"તે ઈસા તું આ માટી ખાય સઅ!"

"ઓવઅ"

"તનઅ ભાવોય?"

"ચ્યમ ના ભાવોય?તમે ચ્યારના ભગત થઈ જ્યા ઠાકોર,પેલાં મનાના ઘેરથી બાર જવાના લોટામઅ લઈ જ્યા એ હું અતું?"ઈસો ખડખડાટ હસી પડ્યો.બે હાથની હથેળીએ એકબીજા સામે કાંપવાની ક્રિયા દર્શાવી આંખનો ઉલાળો કર્યો.

"એ લોટામઅ,કરશનભાનો બળદ અતો."

શનોજીના ગળામાં ઘાંઘીલો ભરાયો,એણે ઈસા સામે ઓશિયાળી નજરે જોયું"[૨૫]

અહીં સવર્ણ વર્ગને દલિતો પાસેથી ભોથા માંગી ખાવા છે અને ઉપરથી આભડછેટ પણ પાડવી છે એવી સવર્ણ વર્ગની બેવડી નીતિને અહીં ખુલ્લી પાડી આપી છે.

પ્રકરણ નવમાં ભોથા અને ગુલ્લી ખાવા રોકાયેલો ઈસો આણામાં ન જતા ખેતરે પાછો વળે છે.ખેતરમાં ઈસાને આવેલો જોઈ દિવાળીને આનંદ થાય છે.ઈસો અહીં અગાઉની જેમ દિવાળીને જોઈ ડરતો નથી ઉલટાનું માવજીભાની ઉપસ્થિતિ હોવા છતા દિવાળી સાથે શારીરિક અળપલા કરે છે.આ પહેલા દિવાળી સાથે એકાંતની પળો મળી હોવા છતા મર્યાદા જાળવે છે એ સંદર્ભે આ પ્રસંગ થોડો અજુગતો લાગે છે અને પાત્રગત તટસ્થતા જળવાતી નથી.ડૉ.ભરત મહેતા આ સંદર્ભે જણાવે છે"એકલી દિવાળી સવારનાં વખતમાં ખેતરમાં આવી હોય ત્યારે એનાથી દૂર ભાગતો ઈસો એકવાર ખેતરમાં લીમડાનાં છાયે બેઠેલા માવજીભાને જુએ તોય ચાર વીણતી દિવાળી પાસે જાય,ગાલે ટપલી મારે,ઊંચકાવેલો ભારો છોડી મૂકે,છેડછાડ કરે....તેથી માવજીભાની શંકા દઢ બને છે.ઈસાનાં આવા વર્તનવાળુ દશ્ય ઈસાનાં પાત્રાલેખન

બાબતે સુસંગત નથી.અહીં લેખકનું પ્રક્ષેપણ વરતાય આવે છે”[૨૬]ઈસાનાં આવા વર્તનથી માવજીભાના મનમાં ઈસા પ્રત્યે શંકાનું બીજારોપણ થાય છે અને મનોમન બોલી પડે છે"ધ્યાન રાખવું પડશે,કાંઈ ગલ્લામાંથી ઘઉ વેરઈ નહ જ્યાં."[૨૭]

પ્રકરણ દસમાં દિવાળીનાં સાથીઓ સાથેના અનૈતિક સંબંધોની વાત ગામ આખામાં ફેલાય છે.માવજીભાનો શક સાચો પડતો જણાય છે.ઈસો અને શનોજી એ બન્ને સાથીઓમાંથી માવજીભાને ઈસા પર વધારે શંકા છે.પોતે એ નક્કી કરી શકે એ પહેલા જ લવજી હાંફળો ફાંફળો દોડતો આવી માવજીભાને સમાચાર આપે છે.બાજરિયુંવાળા ખેતરમાં શનોજી અને દિવાળીને શરીરસંબંધ બાંધતા ઈસો જોય જાય છે.પણ 'છિંડે ચડે એ ચોર' એ ન્યાયે શનોજીનાં બદલે ઈસો કુટાઈ મરે છે.લવજી,વાલજી અને માવજીભા ઈસાને મરણતોલ માર મારે છે જ્યારે અસલ ગુનેગાર શનોજી છટકી જાય છે.માવજીભાને દિવાળી પર ગુસ્સો આવે છે પણ નાતમાં ફજેતી થશે એમ વિચારી દિવાળીને કશું કહેતો નથી.

પ્રકરણ અગિયારમાં કુંડાવાળા ટેંબે ચામડાની કાહ ઉતારવા ગયેલા રણછોડને મૃતપ્રાય પડેલા ઈસાના દર્શન થાય છે અને વાસમાં જઈ રમણ અને ભીખાને બોલાવી લાવી ઈસાને ખાટલામાં નાખી ઘરે લઈ આવે છે.ખાટલામાં મરણતોલ અવસ્થામાં પડેલ ઈસાને જોઈ વાલી ગભરાય જાય છે.ઈસાને કોણે માર્યો હશે?ની અટકળો થવા માંડે છે.ઈસો સાચી હકિકતની જાણ કોઈને કરતો નથી.

પ્રકરણ બારમાં ઈસાને કોણે માર્યો હશે?નો તાળો મેળવવાનો પ્રયત્ન ઘેમર કરે છે.ગામમાં દિવાળીને લઈને સારી વાતો થતી નહતી.એ યાદ આવતા ઘેમરને પહેલી શંકા માવજીભા ઉપર જાય છે.પ્રકરણ તેરમાં ઈસો પોતાને મારનારનું નામ ઘેમરને જણાવે છે.ઘેમર વાત સાંભળી જાહેરાત ફળાવવા ચૉરે જવા નીકળે છે પણ વાલી તેને જતાં રોકે છે.કાળા કરમનો કરનાર ગુનેગાર શનોજી હતો એ વાત માવજીભા સાચી માનશે નહીં અને ઠાકોર શનોજી પણ આ વાત સ્વીકારશે નહી અને ઉપરથી વેર બંધાશે એમ સમજાવી ઘેમરને જતા રોકે છે.સાચી વાતની જાણ કોઈને થાય નહી એ માટે ઘેમર અને વાલી ઈસા ઉપર માતાજીનો રથ ફરી વળ્યો એમ કહેવાનું નક્કી કરે છે.પ્રકરણ ચૌદમાં ઈસાની ખબર લેવા આવેલા ભીખાને સાચી વાતની જાણ ઘેમર કરતો નથી અને માતાનો રથ ફરી વળ્યો એ વાત આગળ ધરે છે.ઈસો પણ રૉમાપીર,મેલડી માતાના પ્રતાપે પોતે બચી ગયો એમ જણાવે છે.પ્રકરણ પંદરમાં ગામમાં ઈસાને પડેલા માર વિશે મન ફાવે તેમ બધા વાતો કરે છે.જે ઈસા માટે આફત ઉભી કરે છે.પ્રકરણ સોળમાં શનોજી માવજીભાનું સાથીપણું છોડી દે છે.ઘેમર પણ ઈસાનું સાથીપણું છોડાવી દે છે.શનોજી દારૂના નશામાં ચકચૂર થઈને ઈસાને માવજીભાએ માર્યો હતો એ હકિકતનો ફોળ પાડી દે છે.પ્રકરણ સત્તરમાં દિવાળીનો સસરો હેમરાજ દિવાળીના આણાં માટે આવે છે તો બીજીબાજુ દલિતવાસમાં ઘેમર માતાની બાધા આખડી પૂરી કરવાની તૈયારી કરે છે.આ પ્રકરણમાં સર્જકે દલિતસમાજમાં જોવા મળતી અંધ માન્યતાઓને ખુલ્લી પાડી આપી છે.રમેણમાં કોઈ માતાએ ઈસાને મારનારનું નામ ન પાડ્યુ અને દિવાળીનું આણું થઈ ગયું એ જાણી ઘેમર અને વાલીને સૌથી વધારે આનંદ થયો.

પ્રકરણ અઢારમાં શનોજીનો મિત્ર હઠોજી ભરબપોરે ઈસાને બોલાવવા આવે છે.વેઠ માટે બોલાવવા અવેલા હઠોજીને ઘેમર આનાકાની કર્યા વિના,એ વિશ્વાસને પાત્ર ન હોવા છતા ઈસાને મોકલવા તૈયાર

થાય છે.વાલી પોતાના એકના એક દિકરાને મોકલવાની ના પાડે છે.ઘેમર સાથે આ બાબતે ઝઘડો થાય છે.ઈસો મનોરજીના વર્તનથી પરિચિત હોવા છતા તે જવા તૈયાર થાય છે તે સ્વાભાવિક લાગતું નથી.બાબુ દાવલપુરા આ સંદર્ભે કહે છે"ઈસાને વેઠે મોકલવાનો ઘેમરનો નિર્ણય માત્ર વાલીને જ નહીં,આપણનેય સહેલાયથી ગળે ન ઉતરે તેવો મૂર્ખામીભર્યો અને અબુધતા,વેઠના ટાંપા પેટે પાંચ દહશેર દાણા મળવાની લાલસા,દ્વિધાગ્રસ્ત મનોદશા,સામા માણસની મેલી મુરાદને અવગણીને તેની વાતથી ભોળવાય જવાની સ્વભાવગત સરળતા અને વિવેકબુદ્ધિની ઉણપને લક્ષમાં લઈએ તો તે સાવ અકારણ નહી લાગે,તેના આ ભૂલભર્યા નિર્ણયને વિના વિરોધે,શનોજીની શઠતા-ધૂર્તતાથી વાકેફ હોવા છતાં ઈસો પણ મુંગા મોંએ સ્વીકારી લે છે એ જરા નવાઈ જેવું લાગે છે."[૨૮]

પ્રકરણ ઓગણીસમાં નવલકથા જેની સ્મૃતિમાં ચાલે છે તે ભલાભાના પાત્રનો પ્રવેશ થાય છે.ભલાભાને સવારમાં વહેલા ઉઠીને આકાશમાં ગીધડા જોતા પોતાના ઘરાક માધાભાની ભેંસ મરી જાય એવા વિચારો આવે છે.બાળપણમાં પોતાને ખાવા મળતી ગુલ્લીઓ યાદ આવતા એ હસી પડે છે.માધાભાનો સાથી બાબુજી માધાભાની ભેંસ મરી ગઈ એ સમાચાર આપવા આવે છે.આ સાંભળી ભલો ખુશ થઈ જાય છે અને વાસના બધાને એકઠા કરે છે.ઈસાના નામની બુમ પાડતા ઈસો ગઈકાલનો વેઠ લઈને ગયો છે તે પાછો આવ્યો નથી માટે ઠાકોરવાસમાં જઈ ખબર લઈ આવવા ભલાને જણાવે છે.અહી ભલાને એકબાજું ભેંસ તાણી લાવવાની ઉતાવળ છે તો બીજી બાજુ તેને ઈસાની પણ ચિંતા થાય છે.પ્રકરણ વીસમાં વાલીની વાત સાંભળી ઈસાને લઈને ભલો ચિંતામાં પડે છે અને જલદીથી કામ પતાવી ઠાકોરવાસમાં જઈ ઈસાની ખબર લઈ આવવાની તૈયારી કરે છે.પ્રકરણ એકવીસમાં ઠાકોરવાસમાં પહોચેલો ભલો જાણે છે કે હઠોજી અને મનોરજી ખેતરે ગયા છે.મનોરજી અને ઈસો વેઠ લઈને સાથે જ ગયા હતા.ઈસો હજી સુધી ઘેર આવ્યો નથી એ વિચારી એને ઈસાની ચિંતા થાય છે.ગામમાં શનોજી અને દિવાળીને લઈને જે વાતો થતી હતી એ તેને યાદ આવે છે.ઠાકોરવાસમાંથી નીકળેલો ભલો હવે મરેલી ભેંસમાં પોતાનું મન પરોવે છે તેમજ અગાઉની તાણી લાવેલી ભેંસો વિશે મનન કરતો જોવા મળે છે.અહી આવતો નાથા ભોલનો પ્રસંગ બિનજરૂરી રીતે વિસ્તાર પામ્યો છે તેમજ 'મલક'ની જેમ અહીં પણ ફૂંગરેલા બળદને કાબુમાં કરવાનો પ્રસંગ આવે છે તે પણ વિસ્તારપૂર્વકનો અને કથાની સાથે અસંગતતા ધરાવે છે.અહીં નાથા ભોલ સંદર્ભે ગામમાં જમવા ગયેલા દલિતો એકબીજા સાથે જે આંતરિક આભડછેટ રાખે છે તેને તટસ્થતાપૂર્વક નિરૂપી આપી છે.

પ્રકરણ બાવીસમાં માધાભાના કુવા તરફ જવા નીકળેલા ભલાને રસ્તામાં ખાળાની અંદર ગીધો કોઈ માણસની લાશને ચૂંથી રહ્યા છે એ જોવા મળે છે.એ ચૂંથાઈ રહેલી લાશનું ફાટેલું બાંડિયું ઈસાનું જોઈ ભલાથી ઈસાના નામની ચીસ પડાય જાય છે.અહીં સર્જકે અમાનુષી સવર્ણ પાત્રો વેલજી,લવજી,માવજીભા,શનોજીનું ગીધમાં રૂપાંતર થતુ બતાવ્યુ છે.ઈસાની લાશને ચૂંથી રહેલા ગીધોને ભલો શરીરમાં હતું એટલુ જોર કરી આડી વળે ઊડાડવાનો પ્રયત્ન કરે છે.ભૂતકાળમાં પોતે જોયેલા આ ઘૃણાસ્પદ દ્રશ્યની સાથે એટલી બધી નિકટતા અનુભવે છે કે વર્તમાનમાં પણ તે લાકડી વળે ગીધોને ઊડાડવાનો પ્રયત્ન કરે છે અને ફૂંદડી ખાયને નીચે પડે છે.

માવજીભા તેમજ એમના દિકરાઓના હાથે અકસ્માતે બચી ગયેલો ઈસો નવલકથાના અંતે શનોજીના કપટનો ભોગ બની કરુણ મોતને ભેટે છે.માવજીભાના હાથે મરણતોલ માર ખાધા પછી ઈસો દલિતવાસમાં કોઇને સાચી હકિકતની જાણ કરતો નથી.કારણ કે સાચી હકિકતની જાણ થઇ જાય તો ઉપરથી પોતાને અને પોતાની જાતને જ વેઠવાનું આવે.પ્રતિકાર માટેની જરા પણ હિંમત એનામાં નથી.તેમજ દલિત સમાજ પણ આ વાતને જલદીથી ભૂલી જાય છે.સર્જક આટલેથી અટકતાં નથી.મલકની જેમ આ નવલકથામાં પણ ગામ ચોતરે દિવાળી સાથે કાળું કામ કરનાર ઈસો નહી પણ શનોજી હતો એ વાત ચર્ચાય છે.અને તેથી શનોજી સાચી હકિકતનાં એકમાત્ર જાણતલ ઈસાને પતાવી દેવાનાં પેંતરા રચે છે.'વેઠ' લઇ જવાના બહાને મનોરજીનો સાથ મેળવી ઈસાનું કાસળ કાઢી નાખે છે.પરન્તુ વાચક તરીકે આપણને અહીં એક પ્રશ્ન થાય છે કે'માતાજીનો રથ ફરી વળ્યો'એ વાત ગામનાં લોકોએ સ્વીકારી છે.ઈસો શનોજી માટે ખતરારૂપ ન હોવા છતાં શનોજી ઈસાને પતાવી દે છે તે સ્વાભાવિક લાગતું નથી.આ સંદર્ભે ડૉ.ભરત મહેતાનું મંતવ્ય આમ છે"સામંતશાહી સમાજમાં એકાદ ઈસાને શનોજી પોતે બચવા ખાતર પતાવી દે તે સ્વાભાવિક છે.પણ અહીં જે રીતે દિવાળી સાસરે ગઇ છે,ગામે મેલડીવાળી વાત સ્વીકારી લીધી છે,માવજીભા ઈસાને જ જવાબદાર ગણે છે તેવા સંજોગોમાં ભારતીય સમાજમાં આવા એકાદ લગ્નેતર સંબંધની ઘટનાનો કુલડીમાં ગોળ ભંગાઇ જતો હોય છે.તેથી ઈસાની હત્યા શનોજી દ્વારા થાય એ ગળે ઉતરતું નથી."[૨૯]

આ નવલકથામાં ગામડાનું એક સ્પષ્ટ અને સાચું ચિત્ર આપણી સમક્ષ રજુ થયુ છે. ખેડુતને ત્યાં કરાર આધારિત મજુર તરીકે રહેનાર દલિતને અસ્પૃશ્યતાભરી ગુલામીનો ભોગ બનવું પડે છે તેની અનુભૂતિ ઈસાનાં પાત્ર દ્વારા થાય છે.માવજીભા ઈસાને ખૂબ લાડ-કોડ કરતા જોવા મળે છે.ઈસાને ભરપેટ ખવડાવતાં તો કામ પણ બમણુ કરાવતાં.

"લે થોડો ડૂવો વધારઅ ! આવડી વાટચી તો તૈણ ચાર પી જવોચ,હમજ્યો,કાંક પેટમઅ પડ તો હેંડોચ."

"બે વાટચી તો થઈ."

ઈસો ના પાડે તોય તેમનો આગ્રહ ચાલુ રહે.

"અમે તમારા જેવડા અતા તાણઅ તો બે તાંહણાં ડૂવો હોઇચાં કરી જવોચ,ભલાદમી ! અલ્યા,છાશમઅ કુચાચ સઅ !"[30]

આ જ માવજીભા જ્યારે ખેતરનું કામ કરવાનું બાકી રહ્યુ હોય ત્યારે ઈસાને ભાંડવામાં-તબડાવામાં જરા પણ વિચાર કરતા નથી.

"દિચોર ! હાથી સકઅ શેઠ ! એ જ હમજ નહીં પડતી,આ ધોરા ! વાડ ! ચાર કુણ કરોચ ? તારો ભા ?"

ઈસો ત્યારે ચૂપચાપ સાંભળે,હસી નાખે,એટલે માવજીભા પોતે જ પોતાનો જવાબ શોધે.

"તારો ભા ! હું કામ કૉમ કરોચ ? માવજીભાએ ભાંજ ખાધી સઅ ! આ તો મું સું તે હાથી રાસ્યું નકર મુંઘવારીમઅ કુણ બાજરી ખવડાવોચ."

ઈસો ચૂપચાપ કામમાં વળગી પડે. માવજીભા ટોકે.

"કૉમ હમું કરજે ! વેઠ ના કાઢતો. તારો બાપ પાંચ વરહ હાથી રયો તો. મી કોઈ દાડો કાંઈ કીધું !. પુસી જો જે અનઅ તું તો ?."[31]

ઈસાને ખાટલામાં લઈ આવ્યા પછી એને પડેલા મારના ઘા રુઝવવા માટે કરશનભા દવા-દારૂ કરે છે. અહીં ગ્રામ્યસમાજ ઘરગથ્થુ દવાઓનો ઉપયોગ કરે છે એનો ખ્યાલ આપણને મળે છે. અહી 'પાઈટીચું','ઘાબાજરિયું' અને 'દારૂ'નો પણ દવા તરીકે ઉપયોગ થાય છે.

## ***નવલકથા તરીકે ગીધનું મૂલ્યાંકનઃ***

### ***પાત્રસૃષ્ટિઃ***

અહીં ઈસો,ઘેમર,રણછોડ,કરશનભા,ભીખો,ભલો,કચરો જેવા પુરૂષ દલિત પાત્રો તો વાલી,માંની જેવાં સ્ત્રી દલિત પાત્રોનું આલેખન આ નવલકથામાં થયું છે. સામે પક્ષે સવર્ણવર્ગની અમાનુષીતાભરી માનસિકતાનો પરિચય કરાવતાં માવજીભા,શનોજી,લવજી,વેલજી,હઠોજી,મનોરજી,મંગોજી જેવાં પુરૂષ પાત્રોની સાથે દિવાળી,ફૂલીમાં જેવાં સ્ત્રી પાત્રો આલેખાયા છે.

ઈસો ઘેમર અને વાલીનો ખૂબ જ બાધા-આખડીઓ અને લાડકોડથી ઉછરેલો એકનો એક પુત્ર છે. જો ઘરની આર્થિક સ્થિતિ સારી હોત તો ઘેમર અને વાલી એને ખેતીનું કામ કરવા દેત નહી.પણ અહીં તો 'એક સાંધે અને તેર તુટે' એવી સ્થિતિ હોવાથી ઈસાને નાનપણથી જ ઘેમરભાને ત્યાં પેંડારિયા તરીકે જોડાવું પડ્યું છે.પોતાના બાળપણનાં રમતીચાળ દિવસો પૂરા થાય એ પહેલાં જ એ કાળી મજૂરીનો ભોગ બને છે. પેંડારિયા તરીકે રહેલા ઈસાને માવજીભાની ભેંસો ચરાવવાનું,મળ-મુતર સાફ કરવાનું કામ કરવું પડતું. એના બદલામાં એને ઘેંસનો ડૂવો પીવા મળતો.ઈસાને નાની એવી દિવાળી સાથે સારો પરિચય છે.પણ ફૂલીમાંના આભડછેટભર્યા વર્તનથી તે છેડાય પડે છે.ફૂલીમાં દિવાળીને ઈસાથી દૂર રહેવાનું અને તેને અડી ન જવાય એની કાળજી રાખવાનું કહે છે ત્યારે નાનો એવો ઈસો સમજદારીપૂર્વક મનમાં બોલી પડે છે."દિયોર અમે મીચોર જલમ્યાં તે હું થ્યુ,એકલી દિવાળી બવ ભલી સઅ !"[32]માવજીભાની પાસેથી લગ્ન કરવાં માટે લીધેલા ઉછીના પૈસા તેના માટે ગળાનો ફંદો બને છે. અને પૈસા વાળવા માટે માવજીભાને ત્યાં સાથી તરીકે કામ કરવું પડે છે.મસારો પૂરો થતાં પહેલા જ એનો ઉપાડ વધી જતો જેથી એક વર્ષ વધારે એને મજુરી કરવી પડતી.અને આમ મસારાનાં ચક્કરમાંથી એ બહાર આવી શકતો નહીં.

ઈસો માવજીભાનો વફાદાર સાથી છે.ઈસાને ઘર કરતાં વગડો જ વધારે ગમે છે.તેથી જ 'લેલાં','સુડા','કાબર','ઘંટીટાકણા' જેવાં પક્ષીઓને એ સારી રીતે ઓળખે છે. ઈસાને પોતાની ગુલામીભરી અવસ્થામાં આકાશમાં ઊડતી સમડીની ઈર્ષા થાય છે."ચેવી આભલામઅ તરઅ સઅ ! સઅ કસીય ચંત્યા,ફકર ! હવાર થ્યુ કઅ નેહરી પડયાં,ભલી ભલી પથમી જોવા !"[33]દિવાળી ઈસાને આકર્ષવાના અનેક પ્રયત્નો કરે છે.દિવાળીના આ સંકેતોને ઈસો સારી રીતે સમજે છે પણ એને ડર એ

વાતનો છે કે જો લપસ્યા અને પકડાય ગયા તો પોતાનું અને પોતાના સમાજનું આવી બને.ગામ વેરી થઈ જાય.બાકી ઈસાને પણ દિવાળને જોઈ શરીરમાં કંઈક થઈ જાય છે.

"ભૂંડી તું આમ ચેન કરઅ સઅ એ કાંઈ મું હમજતો નહીં,એવુ નહી,તનઅ જવાની ચટકા ભરઅ સઅ ! મન નઈ ભરતી હોય ! લે કૅં ! " અને હળવેથી માથું હલાવી બળદોની પકડેલી રાશ તરફ જોતાં બબડ્યો.

"હું કરીએ ? આ તો વેણથી વંજોગ ટાળીએ બાચી તો બધું ચાંદણિયો મઅ !"[34]

"ઈનઅ બાથમ ઘાલી હોત તો ? હું અતું,બધાય હાથી એવું કરઅ સઅ ! પેલો શનોજી... આનઅ ચ્યાં ઘેર બેહાળવી સઅ,તે જાત નડઅ ! એય ચેવા લાડ કરઅ સઅ !"[35]

ઈસો દિવાળી સાથે ખૂબ જ કાળજીપૂર્વક વર્તે છે અને તેનાથી દૂર રહેવાનાં પ્રયત્ન કરે છે.પરંતુ પ્રકરણ નવમાં ઈસો ખેતરમાં માવજીભાનાં દેખતા દિવાળી સાથે અડપલા કરે છે.ઉચકાવેલો ચારનો ભારો છોડી દે છે એની સાથે મજાક મશ્કરી કરે છે. એ વર્તન ઈસાનાં પાત્રને અનુરૂપ લાગતુ નથી.ડૉ.ભરત મહેતા જણાવે છે એમ"એકલી દિવાળી સવારના વખતમાં ખેતરમાં આવી હોય ત્યારે એનાથી દૂર ભાગતો ઈસો એકવાર ખેતરમાં લીમડાનાં છાંચે બેઠેલા માવજીભાને જુએ તોય ચાર વીણતી દિવાળી પાસે જાય,ગાલે ટપલી મારે,ઊંચકાવેલો ભારો છોડી મૂકે છેડછાડ કરે...તેથી માવજીભાની શંકા દૃઢ બને છે.ઈસાના આવા વર્તનવાળું દૃશ્ય ઈસાના પાત્રાલેખન બાબતે સુસંગત નથી.અહીં લેખકનું પ્રક્ષેપણ વરતાઈ આવે છે."[36]ઈસાનું આવું વર્તન જ માવજીભાની શંકાને દૃઢ બનાવે છે. અને બાજરિયાંવાળા ખેતરમાં દિવાળી સાથે શરીર સંબંધ બાંધી રહેલાં શનોજીના સ્થાને પોતે કુટાય મરે છે.'ખાયા પીયા કુછ નહી ઔર ગ્લાસ તોડા બાર આના'જેવી હિન્દી કહેવત આ સંદર્ભે સાચી પડે છે.ઈસો પોતે સાચી હકિકત જાણતો હોવા છતાં કાંઈ કરી શકતો નથી.જે ઈસામાં રહેલા ડરપોકપણાને પ્રગટ કરે છે.અકસ્માતે બચી ગયેલો ઈસો ઠાકોર-કોળાઓનાં પીઠ પાછળ ઘા કરવાનાં વર્તનથી સારી રીતે પરિચિત હોવા છતાં વેઠ કરવા માટે શનોજીના જ મિત્ર હઠોજીના ભાઈ મનોરજી સાથે જાય છે અને કરૂણ મોતને ભેટે છે.ઈસામાં રહેલ રમુજપણાને પણ સર્જકે અહી નિરૂપી આપ્યુ છે.મજાક-મસ્તી કરવામાં એને સહેજ પણ શરમ-સંકોચ નથી તો બીજી બાજુ કિશોરવસ્થાએ પહોચેલા ઈસાને ઘેમરભાની હાજરીમાં પ્રથમવાર દાઢી-મુછ કરાવતાં શરમ-સંકોચનો અનુભવ થાય છે.ઈસાના પાત્ર સંદર્ભે નરેશ શુક્લ જણાવે છે"...આખી કથામાં ઈસો આ જ રીતે અકર્મણ્ય અને નિયતિને હવાલે જ રહે છે.શનોજી અને દિવાળીનાં આડસંબંધો બાબતે જાણે છે પણ પોતે મૌન-નથી દિવાળીને તે બાબતે કહી શકતો કે નથી એના શેઠ-માલિકને ! પોતાના પર આડ આવે,પોતે કુટાય જાય-સાવ કુટાઈ ખાટલે પડે તો પણ આ મજબુત જુવાન કંઈ કરતો નથી-બોલતો સુધ્ધાં નથી.અંતે એવી જ નિઃસહાય હાલતમાં એનુ મોત થઈ જાય છે-લેખકે સભાન રીતે નાયકને આટલો બધો નિષ્ક્રિય દર્શાવ્યો છે.દલિતને કેટલી હદે કચડી નંખાયા હતા તે આ રીતે ઉપસાવાયું છે."[37] આમ,અહીં ઈસાનું પાત્ર સમગ્ર દલિત સમાજની યાતના-પીડા અને ડરપોકપણાનું પ્રતિનિધિત્વ કરે છે.

દિવાળી આ નવલકથાનું બીજુ મહત્વનું પાત્ર છે.ઈસાનાં કરુણ મોત પાછળ દિવાળી સાથે વગોવાયેલા સંબંધો જ કારણભૂત છે.દિવાળી એ સવર્ણ ચૌધરી માવજીભા અને ફૂલીમાંનું સંતાન

છે.બાળપણથી જ દિવાળીને પોતાને ત્યાં પેંડારિયા તરીકે કામ કરતો ઈસો ગમે છે.અને તેથી જ ફૂલીમાંના ના કહેવા છતાં તે ઈસાને કામમાં મદદ કરે છે.નાની વયે જ એના લગ્ન થઇ ગયા છે.મોટી વયે પહોચેલી દિવાળીને એનું યૌવન ચટકા ભરે છે.અને પોતાની કામ-લાલસા સંતોષવા માટે ઈસાને ઉશ્કેરવાનાં અનેક પ્રયત્નો કરે છે."ઈસા....તું વેરી થ્યો સઅ ! આઘો ચ્યાં હુંદી નાહોય ? એક દાડો તનઅ......!"[38]દિવાળીની ઈસાને ભોગવવાની કામ-લાલસા કેટલી પ્રબળ છે એનો ખ્યાલ આપણને ઉપરનાં વાક્ય દ્વારા આવે છે.દિવાળી જાહેરમાં ઈસા સાથે આભડછેટ રાખે છે જ્યારે એકાંતમાં એને કોઈ આભડછેટ નડતી નથી.

"ઈસાને થાળામાં ઉતરેલો જોઈ દિવાળીનો પિત્તો ગયો.

"એય....ગૉમના દિયોર ! થાળામઅ ચ્યમ ઊતર્યો.આ પાણી અભડાયુ ! ભા...ના..."

દિવાળીના બોલથી ઈસો ચમક્યો.એની હાજરીમાં કૂવાનાં થાળામાં પોતે ઊભો છે.એ સમજતાં એનો ચહેરો પડી ગયો.એ છલાંગ મારીને થાળામાંથી બહાર આવ્યો.બળદો ચમક્યા,એટલે રાશ પકડી લીધી,પછી ઓશિયાળી નજરે દિવાળી તરફ જોયું.

ઈસાનો ઓશિયાળો ચહેરો જોતાં દિવાળી ચમકી.એને પોતાના બોલાયેલા શબ્દો તરફ ધ્યાન ગયું.પોતાની ભૂલ સમજાઇ.એ નરમઘેંશ જેવી થઇ ગઇ.હવે શું બોલવું એ એને ન સમજાયું તોય અપરાધભાવે ઈસાને પૂછયું

"અહો..હો..ભીયા ? બળદોનઅ પાંણી પોવસો નઈ ?"[39]

આમ,અહીં આપણે જોઈ શકીયે છીએ કે દિવાળી પોતાના વારસાગત સંસ્કારોને વશ થઈ આભડછેટ રાખે છે તો સાથે એને ઈસા પ્રત્યે સમભાવ પણ થાય છે આ જ દિવાળી જ્યારે ઈસો શરીરસંબંધ બાંધવા તૈયાર થતો નથી ત્યારે શનોજી સાથે પોતાનું મોં કાળું કરે છે.આ દિવાળીને લીધે જ માવજીભાને પોતાની આબરૂનાં લીરેલીરાં ઊડી ગયાનું લાગે છે તો બીજીબાજું શંકાને લીધે ઈસાનું કરૂણ મોત થાય છે.

માવજીભાનું પાત્ર અહીં એક સવર્ણ ખેડૂત તરીકે,પુત્રીનાં પિતા તરીકે સવિશેષ પ્રગટ થયું છે.સાથીઓ પાસેથી ખેતીનું કામ કઇ રીતે કરાવવું એ આવડત તેમનામાં છે તો એમના ખટપટીયા સ્વભાવનો પરિચય આપણને હેમરાજ વેવાઈ સાથેની વાતચીત દ્વારા મળે છે.સહેલાયથી કોઈના હાથમાં આવી જાય એવું વ્યક્તિત્વ માવજીભાનું નથી.પોતાની આબરૂ ઉપર કોઈ આંગળી ચીંધે એ એમને જરા પણ પસંદ નથી.તેથી જ હેમરાજ વેવાઈની વાતથી માવજીભા કેવા ચીળાય જાય છે એ પ્રસંગ જોઈએ.

"આ વેવાણ જ્યાં ! એકઅ પેટ છૂટી વાત કોય ! આ સમો કાંઈ હારો નહઅ સોડીઓ મોટી ઝોટી થાય,તાણઅ હેતરે એકલી ના મેલોય."

"ચ્યમ વેવઈ આમ કોય?"

"એ તો,અમારા ગામનાં ઊંચાળા માઢમઅ,રંધઇ જ્યું.પેલો,કાહટીયો અવચળ સઅ ઈની સોડી,હાથી હારી લપેટાણી,કૂંડાળામઅ પગ પડ્યો.દિય ોર પેલો તો ગાંડ ખંચેરીનઅ હેંડી જ્યો."

"તે ઈનું હું ?"

"આ તો વેવઇ ઘેર ઘેર માટીનાં ચૂલા."

"એકઅ તમે હું કોય વેવઇ !"

માવજીભા ગુસ્સે થયા.જાણે ધીમે ધીમે એમના શરીરમાં ઝણઝણાટી થતી હોય એમ લાગ્યું.હેમરાજની વાત પોતાની દીકરી સુધી જતી હોય એમ લાગતાં તેમની નજર ફરી ગઇ.

"જુવો વેવઇ ! આ રેંઢુ મેલેલુ સેતર નહ કઅ ભેલાંણ થાય.કાંક માજામઅ વાત કરોય તો હારું."[૪૦]

તો બીજીબાજું એક પિતા તરીકે દિકરીની થવી જોઈતી ચિંતા પણ એ કરે છે.

"હાહરૂં કુણ અસે...આ કોળો કઅ ઢે..."આગળ વિચારવાની એમની હિંમત ન ચાલી.જાણે આખું આભ નીચે તૂટી પડતું હોય એમ લાગ્યું.એ ખાટલામાંથી નીચે ઊતરી ઊભા થયા.ઘરનાં બારણાં સામે જોયું.

"હાહરૂં માનસંગભાના ઘરની આબરૂં ઉપરીયા ગીધડાં પડયાં,મું કાંઇ કરી ના શકું." એ માથું ધુણાવવા માંડયા.માથા પરથી ફાળિયું પડી ગયું,એ ભાનમાં આવી ગયાં."આમ ગાંડપણ કરે કાંઇ ના પાલવે."એમણે ફાળિયું ઉપાડી,ખંખેરી ફરીથી માથે બાધ્યું."[૪૧]

બાજરિયાવાળા ખેતરમાં કોક પેઠુ છે એ સમાચાર જાણી માવજીભાનો ચહેરો ગુસ્સામાં તમતમી ઉઠે છે અને હાથે ચઢેલાં ઈસાને ઢોર માર મારે છે.

ફૂલીમાંનાં પાત્રમાં રહેલી સમજણ આપણને સ્પર્શી જાય છે.નાની એવી દિવાને આભડછેટ રાખવાનાં સંસ્કારનું સિંચન ફૂલીમાં કરે છે.પોતાના દિકરાને મરણતોલ મારનાર પ્રત્યે ઘેમરનું પાત્ર અહીં ઠંડી પ્રતિક્રિયા આપતું આલેખાયું છે.ઈસાનાં મુખે પોતાને મારનારનું નામ જાણ્યા પછી થોડી ક્ષણો માટે ઉગ્રતા દાખવતો ઘેમર વાલીની સમજાવટથી પાછા પગલાં ભરે છે.ઈસાને વેઠ માટે તેડી જવાં આવનાર મનોરજીનાં સ્વભાવથી પોતે સારી રીતે પરિચિત હોવા છતાં થોડાં દાણાની લાલચે ઈસાને મોકલવા તૈયાર થાય છે.ત્યાં પાત્રગત તટસ્થતા સર્જક જાળવી શક્યા નથી.પોતાનો કક્કો ખરો કરવાની તેની ગુરૂતાગ્રથિમૂલક અહંબુદ્ધિ અને અબુધતા,દ્વિધાગ્રસ્ત મનોદશા,સામે વાળાની વાતથી ભોળવાઈ જવાની સ્વભાવગત સરળતા આ પાત્રમાં જોવા મળે છે.

વાલીનાં પાત્રમાં રહેલી સમજણ અહીં આપણું ધ્યાન આકર્ષે છે.વાલીને પોતાના એકનાં એક પુત્ર પ્રત્યે અપાર વાત્સલ્ય છે પણ એક ગરીબાઈનાં લીધે જ તે ઈસાને કામે મોકલવા મજબુર બની છે.રણછોડ વગેરે ઈસાને ખાટલામાં નાખીને લઇ આવે છે ત્યારે ઈસાને જોતાં જ તે આક્રંદ કરવાં માંડે છે અને ખાટલામાં રહેલા ઈસા ઉપર પડતું મૂકે છે.

"હાચ હાચ...મારા ભાના દિચોર,કુને મારા ઈસાનઅ..ઈની હાત પેઢીનું નખ્ખોદ જાચ,એની નેની મોટી મારા ધણીના માંચઅ તાણી બાંધુ..."[૪૨] ઈસો જલદી સાજો થઈ જાચ એ માટે રૉમાપીર અને મેલડીમાની બાધા રાખે છે.ઈસો પોતાને મારનારાઓનું નામ ઘેમર અને વાલીને જણાવે છે ત્યારે ગુસ્સામાં આવીને વગર વિચારે માવજીભા સામું કેસ કરવાં જતા ઘેમરને વાલી રોકે છે.

"ઘેમર વાલી સાથે ઓસરીમાં આવ્યો,વાલીએ એની પાસેથી લાકડી લઈ લીધી.

"જોડા કાઢો...ગોમ્મઅ રવું સકઅ નઈ ! આ ગામની સોડીનું આળ ઈના માથ આચું.ઈમ ઈસો કેસઅ ! શનોજીનઅ,કોઈને ભાળ્યો ?"

"ઈસો ઈનું નામ દેસઅ !"

"તે શનોજી ઓવઅ કેસે નહી,ઠાકેડાની વાત હૌવ માનસી.નક્કામાં દંડઈ જહું."

બધાને સાચી વાતની જાણ થાચ નહી એ માટે વાલી ઈસો કોઈક મેલા દેવની ઝપટમાં આવી ગયો હોવાની વાત ગઢી કાઢે છે.આમ કરવાં પાછળ વાલીની સમજણ કારણભૂત છે.કારણ ક તે સારી રીતે જાણે છે જો સાચી હકિકતની જાણ થશે તો દલિતવાસ પર મોટી આફત આવી પડશે અને શનોજી સાથે દુશ્મનાવટ થાચ.આ જ શનોજીનાં મિત્ર મનોરજી સાથે ઈસાને વેઠ માટે મોકલવા ઘેમર તૈયાર થાચ છે ત્યારે વાલી ઘેમરની આ વાતથી અકળાચ ઊઠે છે અને તેની સાથે ઝઘડો કરી બેસે છે.

આખી કથા જેની સ્મૃતિમાં ચાલે છે એ ભલાભાનાં પાત્રનો પ્રવેશ છેક ઓગણીસમાં પ્રકરણમાં થતો જોવા મળે છે.ઈસાની બધી જ વાત આ પાત્રનાં મુખે કહેવાચ હોચ અને તેમ છતાં સર્જકે અગાઉનાં પ્રકરણોમાં ઈસાની સાથે એક પણ વાર આ પાત્રને બતાવ્યું નથી.આ ઉપરાંત કરશનભા,રણછોડ જેવાં પાત્રો નવલકથામાં ઓછા પ્રસંગોએ જોવા મળે છે.તેમ છતાં એ પાત્રો સારી રીતે ઉઠાવ પામ્યાં છે.

***પરિવેશઃ***

પ્રસ્તુત નવલકથામાં ગ્રામીણ પરિવેશનું નિરુપણ થવા પામ્યુ છે.ગામડાની ભોંચ પર રચાતો કથાપ્રવાહ ખેતર,બળદ,મજૂરી અને વેઠ સાથે ગામડાને આલેખે છે.ગામડાના પાત્રોની ગતિવિધિ, મીચોરવાસ, ઠાકોરવાસ, વણકરવાસ, ચૌધરીનો માઢ, વગડો, ભાગોળ, કુંડી, ખેતર, બાજરીના ઢાળિચા વગેરેના આલેખન દ્વારા કૃષિજીવન અને ગ્રામ્યજીવનની ઝાંખી જોવા મળે છે.ગ્રામ્ય પરિવેશની સાથે દલિત પરિવેશ અંતર્ગત ખેત મજૂરી,મસારી,વેઠ,દલિતવાસનું વાતાવરણ,ગીધડા,મરેલા ઢોર ચીરવાની પ્રક્રિયા,માંસની વહેચણી,ભૂવા ધૂણવા,માતાજીની રમણ આ બધી બાબતો થકી નવલકથામાં દલિત ગ્રામિણ પરિવેશ સહજતાથી આલેખાયો છે.આ નવલકથામાં દલિત સમાજમાં જોવા મળતી રહેણી-કરણી,રીત-રિવાજ,અંધશ્રધાને સર્જકે નિરૂપી આપ્યા છે.પ્રકરણ છ-સાતમાં આવતું ભેંસ ચીરવાનું વર્ણન,માંસના ભાગ પાડવાની પદ્ધતિ,ભાગ લેવા એકઠા થતા વણકર,મિચોર અને સેનમા જાતિના લોકો એ સમચે થતી રકઝક વગેરે દલિત પરિવેશને હૂબહૂ આપણી સમક્ષ પ્રત્યક્ષ કરી આપે છે.ભેંસ ચીરવાના પ્રસંગ દ્વારા આપણને એ વાતની પુષ્ટિ મળે છે સર્જક ભૂતકાળમાં આવી ઘટનાઓના સાક્ષી બન્યા

હશે.સવાયા દલિત સાહિત્યકાર પ્રવીણ ગઢવી આ પ્રસંગ સંદર્ભે જણાવે છે"પન્નાલાલે તો આ ઘટના કાળુની આંખે દૂરથી જ જોઇ છે.દલપત ચૌહાણે તો છેક નજીકથી જોઇ છે.મૂએલી ભેંસનો માંસાહાર એ કોઇ આનંદદાયક ઘટના નથી પરંતુ ભૂખ અને ગરીબાઇ એક મોટી મજબૂરી છે,એ મજબૂરીનું સુપેરે નિરૂપણ લેખક કરી શક્યા છે."[43]માતાનો રમેણ કરવાનો પ્રસંગ અહીં આલેખાયો છે.જે હજુ પણ દલિત સમાજમાં જોવાં મળે છે.આ રમેણ કરવાનાં પ્રસંગને સર્જકે સંપૂર્ણ રીતે નિરૂપી આપ્યો છે તે જોઇએઃ

"મેલડીમાની રમેણ કરવાનું મૂરત પાક્કું થઇ ગયું.ચોખા કંકુમાં તંબોળી બેન દીકરીઓને નુંતરા મોકલાવ્યાં.ગામ પરગામથી ભૂવા જાગરિયાને સમાચાર દેવડાવ્યા અને ભાદરવી આઠમની શુભ રાતે રમેણ માટે વાસ વચ્ચે તેલનો તાવડો નાખવામાં આવ્યો.વાસ અને લોકોએ શણગાર સજ્યા.

"મેલડીમાની જે..."

"કાળ ભેરવાની જે..."

"રૉમાપીરની જે... બધેય જય જયકાર ગુંજ્યા."

આખો વાસ સગાસંબંધી અને બેન-ભાણિયા,દીકરીઓથી ઊભરાયો.ગલાલ ઊડ્યા.મેલડીમાનું સામૈયું કાઢયુ.વાસમાં ઘેર ઘેર સામૈયું ફર્યુ.વેવાઇવેવાણ આવ્યાં.મેલડીની દેરી આગળ પાંચ નાળિયેરનું તોરણ બંધાયું.પરગામેથી આવેલા મેલડીમાનાં ખાસ ભૂવાઓ મંદિર આગળ ધૂણીને"કહોળ કહોળ"ના આશિષ આપ્યા.જીભ પર કાપો મૂકી લોહી દેરીને છાંટ્યું.ઘેમરે લાવેલા બોકડાને મંદિર પાસે બાંધ્યો.તેને તિલક કરી કરેણનો હાર પહેરાવી,બધું ટોળું પહોંચ્યું તેલના તાવડા પાસે.મુખ્ય ભૂવાએ આદેશ આપ્યોઃ

"મા મેલડીની જે."

બધાએ જે નો પ્રતિઘોષ પાડ્યો.

"લાકડા તાવડા નેંચઅ ગોઠવો ! છાણું લઈ નેંચઅ ઘાલો..."

તાવડા નીચે બધી તૈયારી થઇ ગઇ.ભૂવાએ ધૂણીને લાકડા આઘા પાછા કર્યા.તેલ છાંટ્યું.અગડંમ બગડંમ બબડી એક પડીકું છાણા નીચે ખોસી દીધું.થોડી વારે લાકડામાં ધૂમાડો નીકળવા માંડ્યો અને તાવડા નીચે ધીમે ધીમે આગ પ્રગટી.

મુખ્ય ભૂવો આખું શરીર હલાવી ધૂણવા માંડયો.

"મેલડીમાની જે..."

"મેલડીમાની જે..."લોકોએ જે ઝીલી.સાથે જ ચર્ચા થવા માંડી.

"આ ભૂવાનઅ મા મેલડી હાજરાહજુર !"

"નકર આ દેતવા ઇમનમ હળગઅ નઈ."

"માનું હાચ એકઅ તો પથમી ભાર જીલઅ સઅ !"

જયઘોષ થયો.બધાં શાંતિથી માની રમેણ માટે તૈયાર થઈ રહ્યા.દારૂના પીચાલા લવાચા-પીવાચા.તાવડામાં તેલ ઉકળ્યું.લીંબુની ફાડો,કરેણ અને ગલગોટાના ફૂલથી તાવડો વધાવી,ઊકળતા તેલમાંથી હવાપાંચ શેરની પુરીઓ મુખ્ય ભૂવાએ હાથથી ઉતારી.વારાફરતી જુદાજુદા ભૂવા પુરીઓ ઉતારતા રહ્યા.દારૂ છાંટીને ભૂમિ પવિત્ર કરવામાં આવી.મોલ્લું ઘાલી ધૂણવાની શરૂઆત થઈ.જાગરિયાની રેડી અને ડાકલાના અવાજથી વાસ ધમધમ્યો.વેણ-વધાવો,ખમ્મા ખમ્મા ને કહોળના આશિષ ફરવા માંડ્યા. આખી રાત બધા ધૂણ્યા,પણ ન જાણે કેમ કોઈ માતાએ ઈસાને મારનારનું નામ છેક સુધી ન ફોડયું,તે ન ફોડયું.

ઈસાની સાસરીનો ભૂવો મગન કૂદી કૂદીને ધૂણ્યો.ઝંખરીનો પૂજારી,પણ એચ નામ પાડતાં પાડતાં ભૂલ્યો.અને અડિયું દડિયું દેવના માથે ગબડાવી પાડ્યું.નામ ન ખૂલ્યું તે ન ખૂલ્યું.

મુખ્ય ભૂવાએ સવારે કૂકડો બોલ્યે,રજા આપી."માતા ભોગ માગઅ સઅ..."

બકરાને મંદિર પાસેથી છોડી લવાયો.બકરાને તિલક કર્યું.ભૂવો ધૂણ્યો,મેલડીમાનું નામ લઈ પાણીની છાલક મારી બકરો ધૂણ્યો.પાણી ખંખેર્યું.બધા બકરાને પાણી ખંખેરતો જોઈ રહ્યા.

"બકરો ધૂણ્યો...માએ...બકરો કબૂલ કર્યો.

"હો...હો...હો...લેઈ લ્યો...દેઅ !"

બકરાને મંદિર પાસે લઈ ગયા.મેલડીમાની દેરી આગળ એક ઘા અને બકરાનું માથું ધડથી અલગ થઈ ગયું.

બકરાની ચીરફાળ કરી માતાને માંસનો પ્રસાદ ચઢાવી અને સવારે સૌએ બકરાનાં માંસની જ્યાફત અને મેલડીમાનો જય જયકાર કર્યા."[૪૪]

આમ,દલિત સમાજજીવનને પ્રગટ કરી આપતા પરિવેશનો વિનિયોગ સર્જકે યોગ્ય રીતે આ નવલકથામાં કર્યો છે.

## ***ભાષાશૈલી:***

આ નવલકથામાં સર્જકે ઉત્તર ગુજરાતની તળપદી બોલીનો વિનિયોગ કર્યો છે.જે પાત્ર અને પરિવેશને ઉઠાવ આપવામાં મહત્વનો ભાગ ભજવે છે.સર્જકે અહીં શિષ્ટ ભાષની સાથે તળપદી બોલીનું સંયોજન કર્યુ છે.પાત્રગત ભાષામાં સર્જકે તળપદી બોલી પ્રયોજી છે જ્યારે જ્યાં કથક આવતો હોય ત્યાં શિષ્ટ ભાષા પ્રયોજી છે.ઉત્તર ગુજરાતનાં દલિતોમાં પ્રચલિત કહેવતો,રૂઢિપ્રયોગોને સર્જક અહીં લઈ આવ્યા છે જેમકે

"જેવું લાકડું એવી કાતોર"[૪૫]

"ભીલની ભાયારી નઈ નઅ તરકની અસ્નાઈ નહીં"[૪૬]

"ધૂળની મા રસા"[૪૭]

"ઘર સઅ તે વાહણ ખખડઅ"[૪૮]

"ઢે...નઅ મારવું નઅ ચીડી મારવી હરખી"[૪૯]

"ઘેર ઘેર માટીના ચૂલા"[૫૦]

"આથે પકડો તો ખાંડો,નઅ પુંસડે પકડો તો બાંડો"[૫૧]

"લે હેંડ વઉ જુદા રઈએ"[૫૨]

"ઊંટનું પાદ અધ્ધરીયાં જાય"[૫૩]

"ડોળા બોચીએ આયા"[૫૪]

"આકડઅ મધ હોવુ"[૫૫]

"આથે કરી વેંચી છાંણઅ ચઢાબ્બો"[૫૬]

"બાવનીઓ વીર પ્રવેશી જવો"[૫૭]

"કંથેરમઅ આથ ઘાલવો"[૫૮]

"ધોળામઅ ધૂળ ભરાવાનો વારો આવવો"[૫૯]

"ઉંટીયાનું કુંટીયું થવું"[૬૦]

"હાડીયાનઅ અહવું,દેડકાનો જીવ જાય"[૬૧]

"ઊભા ઊભા પાડા પૈણાવા"[૬૨]

"વાઢી આંગળી ઉપરીયા મુતરવું"[૬૩]

"તારાં તુરીયાં મારાં ગલકા"[૬૪]

આ ઉપરાંત સર્જકે અહીં ઉત્તર ગુજરાતની તળપદી બોલીના અનેક શબ્દોને ગ્રંથસ્થ કરી લેવાનું મહત્વનું કામ કર્યુ છે.ડૉ.કેશુભાઇ પટેલ આ સંદર્ભે જણાવે છે"દલપતની આ કથા બીજી રીતે તો ઠીક પણ ઉત્તર ગુજરાતના દોતર પંથકની બોલીની એન્સાઇક્લોપીડિયા તરીકે પણ સંભારવી પડશે.થોડા ઉદાહરણ પૂરતાં થઇ રહેશે;જોકે આંખો મીંચીને ગીધનું કોઇપણ પાનું ઉઘાડતાં આવા તળપદા શબ્દોનો ઢગલો નજરે પડશે....."[૬૫]જોકે અહીં પ્રયોજાયેલા અનેક તળપદા શબ્દોના અર્થ સમજવા આજે એ પ્રદેશમાં રહેતા લોકો માટે પણ મુશ્કેલ થઇ પડે એવા છે.સર્જકનાં પ્રદેશના વતની ડૉ.કેશુભાઇ પટેલ જણાવે છે"મને કહેવા દો કે દલપતે એવા કેટલાય તળપદા શબ્દોને બેધડક ગ્રંથસ્થ કર્યા છે.જે એમના વતનના ગામની આજની પેઢી ભાગ્યે જ વાપરતી હશે.આવા શબ્દો કોઇ શબ્દકોશમાં તો હોય નહી.કર્ણોપકર્ણ શ્રુતજ્ઞાન લેખે

ચાલ્યો આવતો આ હળુ હળુ માટિયાળી મહેકનો ઉચ્ચરિત અસબાબ ભણતર,શહેરીકરણ અને વૈશ્વિકરણના માર ખમીને મરણપથારીએ પડ્યો છે."[૬૬]

બાબુ દાવલપુરા 'ગીધ'માં પ્રયોજાયેલી ભાષા સંદર્ભે જણાવે છે"વર્ણનકથનમાં શિષ્ટ સાહિત્યિક ભાષા પ્રયોજાઇ હોવા છતા એમાં ક્યાંય ક્લિષ્ટતા કે દુર્બોધતા જોવા મળતી નથી.સંવાદગત કથાગદ્યમાં લેખકના વતન પ્રદેશની લોકબોલીનો વિનિયોગ કાર્યસાધક રૂપમાં થયો હોવાથી પાત્રોની વૈયક્તિક તેમજ જ્ઞાતિ-જાતિગત લાક્ષણિક વિશેષતાઓ સહજતયા તેમની વાણીમાં ઉપસી આવે છે.પ્રાદેશિક જાનપદી લોકબોલીનાં લાક્ષણિક રૂઢિપ્રયોગો અને લય-લહેંકા ઔચિત્યપૂર્વક ખપમાં લેવાયાં છે.પાત્રોની વિવિધ મનઃસ્થિતિઓ અને સંવેદનાઓને અસરકારક અભિવ્યક્તિ સાંપડે છે."[૬૭]

તેમ છતાં કેટલીક જગ્યાએ સર્જક પાત્રના મુખે તળપદી બોલીના સ્થાને શિષ્ટ ભાષા પ્રયોજતા જોવા મળે છે.તો ક્યાંક શિષ્ટ ભાષા અને તળપદી બોલીની સેળભેળ થતી પણ જોવા મળે છે.બાબુ દાવલપુરાનું નિરીક્ષણ આ સંદર્ભે સચોટ છે"મન સાથે વાતે વળગેલા ભલાની સ્વગત વાણીમાં તળપદી બોલીના શબ્દોની સાથે શિષ્ટ તત્સમ પદાવલિની સેળભેળ પણ અમુક સ્થળે જોવા મળે છે જેમકે આળસનો ભંડારો હોય જાણે,એવા ગીધ સૂરજ ઊગે ત્યારે નિરાંતે આંખ ખોલે.ચારે તરફ ડોક ઊંચી કરી નિરીક્ષણ કરે....પગની સ્થિરતા જાળવી પાંખો ફફળાવે...હાળાં ઊડવામાંય જબરાં,પાંખ અલાવ જ નઇ...આ ગીધ!પાણી પીવા નીચે ઉતરે...ચાંચમાં ચાંચ ભેરવી પ્રેમ કરે.[૬૮]ગ્રામીણ અભણ પાત્રોની વાણીમાં પાણી-પાંણી, હાદ-સાદ, હાથી-સાથી-આથી,સેતર-હેતર, કૉમ-કામ, ગૉમ-ગામ જેવાં ઉચ્ચારણગત વૈકલ્પિક શબ્દરૂપો પણ ક્વચિત પ્રયોજાયા છે."[૬૯]

નવલકથાને અપાયેલુ શીર્ષક'ગીધ'સૂચક છે.સર્જકે અહીં દલિત સમાજને ગીધનાં પ્રતીકરૂપે આલેખવાનો મોહ જતો કર્યો નથી.નવલકથામાં અનેક સ્થળોએ દલિત સમાજની ગીધવૃતિને ઉપસાવવાનો પ્રયત્ન સર્જકે કર્યો છે.પ્રવીણ ગઢવી નોધેં છે"નવલકથામાં ગીધના ઉલ્લેખ વારંવાર આવે છે.સમગ્ર કથાપ્રવાહ પર જાણે ગીધનાં ટોળેટોળા ઊડયા કરે છે.અહીં ગીધાનુભૂતિ વિવિધ રીતે વ્યક્ત થઇ છે.શોષક સમાજને ગીધ સમાજ ગણીયે તો પણ પ્રતીક બંધ બેસે છે.દલિત સમાજને ગીધ સમાજ જેવો ગણીયે તો પણ પ્રતીક સમૂચિત છે.ગીધની જેમ દલિત સમાજે પણ મૂએલી ભેંસ પર ભોજન કરવું પડે છે.જેટલા ગીધ ભૂખ્યા છે એટલા એ પણ ભૂખ્યા છે.ભૂખનું દુઃખ તો જે ભોગવે તે જ જાણે."[૭૦]દલિતોની ગીધવૃતિને પ્રગટ કરતા અનેક પ્રસંગો અહીં આવે છે તે જોઇએ

મુએલી ભેંસ તાણી લાવવા તેમના(માધાભાના)ખેતર તરફ જવા નીકળેલો ભલો નેળિયા વચ્ચે આવ્યો ત્યારે આભમાં ગીધ દેખાયા નહી,આકાશ તરફ જોયું તો સાવ ખાલીખમ-તેથી તેને લાગ્યુ કે- "હાહરા બધા માળામાં હંતઇ જ્યાં,મું એકલો ઢોર લેવા દોડયો.દિયોર ગરજાં તો પોચી જ્યાં અસી."એને ગીધ અને પોતાની જાત સરખી લાગવા માંડી જાણે પોતેય ઊડીને માધાભાના ખેતરે પહોચી ગયો છે અને ચાંચ વળે ભેંસને ઠોલવા માંડયો છે.એ આનંદમાં આવી ગયો."[૭૧]

"આ ગરજાં હાહરાં,મરલું હોધઅ.ઉપર લાકડીઓ પડઅ તોંય ના ખહઅ,હાહરી ભૂખ માનવીનઅ ગરજુ બનાઈ દેસઅ.એય ઢોર હોધઅ,મુંય ચ્યાં ઢોર નહીં હોધ તો ! આખી જાત હોધઅ સઅ...એ મીચોર હોય કઅ ગરજાં..."[૭૨]

"એણે મન સાથે વાત કરવા માંડી.આ સાલી જાત જ આળસનો ભંડારો.આખી રાત ટોચે બેઠાં નિરાંતે ઘોરે.બધાને માળાની ચિંતા નહીં,એય ઝાડની ટોચે બેઠાં બેઠાં મીઠી નીંદર લેવી.જેની ઈંડા સેવવાં હોય એ જ માળો બાંધે નહીતર જે મેલડીમા,ઝાડની ડાળી જ એમનું ઘર અને ગામ.સૂરજ ઊગે ત્યારે નિરાંતે આંખો ખોલે.ચારે તરફ ડોક ઊંચી નીચી કરી નિરીક્ષણ કરે.તડકો ખાય.ડાળીઓ બદલે,ડાળી બદલતાં બદલતાં ચરક કરે,ડાળી તો શું આખું ઝાડ રંગી નાખે ચરકથી.ક્યારેક એક તો ક્યારેક બે પાંખો પસારી ડાળી પર સરકસનાં ખેલ કરતું લાગે.પગની સ્થિરતા જાળવી પાંખો ફફડાવે.સામસામે ચાંચ લડાવે.ધીંગા મસ્તી કરે.ચિચિયારીઓ પાડે.આખું ઝાડ ગજાવી મૂકે તો ક્યારેક મીંયાની મીંદડીની જેમ ચૂપ.

હાળાં ઊડવામાંય જબરાં,પાંખો અલાવ જ નઈ,એ જાય એ જાય,નેચઅ ખાલી ઈની પાંખના ધોળા પટા દેખાય."

ભલો બબડતો,ગીધ પરથી નજર હટાવી વાસમાં જોવા લાગ્યો.વાસમાં હવે સળવળાટ જણાતો હતો.ફરી એનું મન ગીધમાં પરોવાયું એણે આકાશ તરફ જોયું.હાળાં ખાવામાંય જબરાં,ઢોર પર ઊડી પડે તો ઘડીનાં છઠ્ઠા ભાગમાં ભેંસ ખલાસ અને વિસામો તળાવ નદીકાંઠે જ રાખે.ખરી સમજદારી,પાણી....

"આપણ તો પાણીના વખા,કૂવે કૂવે,ખાદરે ખાદરે પાણીની ભીખ માગવાની.અસે જેવાં નસીબ...."

એ બબડયોઃઆ ગીધ! પાણી પીવા નીચે ઊતરે,તળાવ કાંઠે તડકો ખાય,ચાંચમાં ચાંચ ભેરવી પ્રેમ કરે,ગમ્મત કરે,એકબીજા પાછળ દોડે અને છેલ્લે ભૂખ તરફ નજર જાય,ભૂખ તો એમને ઘાંઘાં કરી મૂકે.

"હાળાં ખાય ખૂબ,હગેય ખૂબ !"[૭૩]

અહીં દલિત સમાજ માટે સવર્ણ-શોષક વર્ગ એ ગીધ સમાન છે.ગીધના જેવી પાશવી વૃત્તિ આ શોષક વર્ગમાં રહેલી છે એનો ખ્યાલ આપણને નવલકથાનાં અંતમાં આવતા નીચેનાં વર્ણન દ્વારા મળે છે.

"એની આંખે અંધારાં ઊતરી આવ્યાં.

એણે બે હાથે મજબુતાઈથી આડીને પકડી.હવે એને કશું જ દેખાતું નહોતું.ઝાડ, પાન, વાડ, ખેતર બધું એકાએક ભૂંસાઈ ગયું. એની ચારે તરફ કાળો ઘોર અંધકાર.લાંબા ટૂંકા રાતા પીળા પડછાયાઓનો આભાસ જાણે ભૂતાવળ.જાતજાતનાં આકારો,લાંબા લાંબા તીવ્ર પ્રકાશવાળા ડગલા પહેરેલા, ફલ્લાંગો ભરીને તેની તરફ દોડતા આવતાં હતા. કોલાહલ ચિચિયારીઓથી એ ઘેરાઈ ગયો હતો. એ દાંત કચકચાવી બધાને જોઈ રહ્યો હતો. એ બધા પિશાચો જુદા જુદા ચહેરાઓ બદલી તેની સામે ખિખિયાટા કરતા હતા. ઓહ..આ બધાને જાણે એ ઓળખતો હતો. શનોજી..ઝવેર...મણી..આ..સા..દિવાળી, માવજી, લવજી ગામનાં એકેએક માણસ તેના તરફ માણસ અને જુજવાં રૂપ લઈ ચિચિયારીઓ પાડતાં કૂદતા એના તરફ ધસતાં જતાં હતાં.એમના હાથ લાંબા ટૂકા થતાં

હતાં.હાથમાં લાંબા લાંબા ગીધ નહોર ઊગી નીકળતા હતા.લાંબા લાંબા અણિયાળા ન્હોર...વાંકા,એકસાથે હજારોની સંખ્યામાં એને પકડવા ધસતા હતા,એ ચહેરાઓને જોતો રહ્યો.જેમ જેમ ચહેરાઓ નજીક આવતા તેમ તેમ ચહેરા ચિચિયારીઓ પાડતા ગીધના ચહેરાઓમાં ફેરવાઇ જતા હતા."[૭૪]

આ નવલકથા સંદર્ભે હરીશ મંગલમ્ નોંધે છે"સામાજિક તથ્યો અને સત્યો આધારિત 'ગીધ'નવલકથા ગુજરાતી દલિત સાહિત્યની મૂલ્યવાન કૃતિ બની રહેશેની શ્રદ્ધા જગવી છે"[૭૫]

ડૉ.કેશુભાઇ પટેલ દલિત સમસ્યાનું ગ્રૃધાવલોકન લેખમાં આ કૃતિ વિશે નોંધે છે"દલપત ચૌહાણની આ નવલ રચના દલિત કૃતિઓને પણ નવી દિશા ચીંધે છે.એની બળુકી જીવંતતા,કઠોર વાસ્તવનું પ્રામાણિક આલેખન અને દલિત સમસ્યાની ઊંડી સમજણ ઉપરાંત એના નિરાકરણ માટેની ખુલ્લી પ્રતિબદ્ધતા દલપત ચૌહાણને અન્ય દલિત સર્જકો કરતાં મૂઠી ઊંચેરા સ્થાનના અધિકારી બનાવે છે"[૭૬]

બાબુ દાવલપુરા આ નવલકથાને આવકારતા જણાવે છે"....વિષયવસ્તુની કાળજીભરી માવજતમાં,અતીત અને વર્તમાનમાં સહેલાયથી આવન-જાવન થઇ શકે એ પ્રકારનાં સમય સંવિધાનમાં,સજીવ સ્વાભાવિક પરિવેશ નિર્માણમાં અને દલિત તથા સવર્ણ જ્ઞાતિઓનાં મનેખની વિભિન્ન મનોવૃતિઓને સંકેતે એવા ગીધના ગતિશિલ કલ્પનના પ્રતીક વિધાનમાં પ્રગટતી લેખકની કળાકીય સૂઝ-સભાનતા સવિશેષ ધ્યાનપાત્ર લેખાય તેવી છે."[૭૭]'ગીધ'નવલકથાની વિશેષતાને પ્રગટ કરતાં પ્રતિભાવોને આપણે જોયા હવે એની કેટલીક મર્યાદાઓ પણ જોઈએ.

ડૉ.જયન્ત ગાડીત 'ગીધ' નવલકથાની વસ્તુસંકલનામાં રહી ગયેલી ખામીઓ તરફ આંગળી ચીંધતા જણાવે છે"સંકલનાની કેટલીક મુળભુત કચાશ આ કથામાં છે.આખી કૃતી ભલાભાના અતીતની સ્મૃતિરૂપે ચાલે છે,પણ કથાના કેંદ્રમાં ઈસો અને એના જીવનમાં બનેલી ઘટનાઓ છે.ભલો કૃતીના આદી અને અંત સીવાય બીજી ઘટનાઓમાં ગેરહાજર છે ત્યાં ઈસાની દૃષ્ટિથી ઘટના જોવાય છે અને અનુભવાય છે.કથનરીતી પણ ત્રીજા પુરુષની લેખકે રાખી છે.એટલે આ રીતે ભલાભાની સ્મૃતિરૂપે કથા કેવી રીતે ચાલી શકે એવો પ્રતીતીકરતાનો પ્રશ્ન ઊભો થાય.કથક,કથનરીતી,પરીપ્રેક્ષ્યની અસંગતી લેખકે થોડું વીચાર્યુ હોત તો ટાળી શકાઇ હોત."[૭૮]

આખી નવલકથામાં સાવ ચુપકીદી ધારણ કરીને બેઠેલો દલિત સમાજ ઈસાની હત્યા થયા પછી પણ ચુપ રહે છે,ઘેમર,વાલી,રણછોડ વગેરે પાત્રો કોઇ પરિણામદાયક ભૂમિકાએ કાર્ય કરવા પ્રવૃત થતા નથી.અહી યુગોથી દલિતોને સહી લેવાની-વેઠી લેવાની પડેલી આદત પર લેખકે ઉઘાડો વ્યંગ કર્યો છે.આમ,અહી ગીધ નવલકથામાં સવર્ણ અને દલિત સમાજ વચ્ચેનો સીધો સંઘર્ષ આલેખવાને બદલે લેખકે પાત્રોના મનમાં ચાલતા આંતરસંઘર્ષને કેંદ્રસ્થ કરે છે.

નવલકથામાં એકથી વધારે વખત ગીધના ઉલ્લેખો આવે છે તેમજ નાથાભોલનું ચરિત્ર કથાનાં પટ સાથે સુસંગત લાગતું નથી.આવી કેટલીક મર્યાદાઓને બાદ કરતા ગીધ અન્ય દલિત નવલકથાઓથી એક ડગલુ આગળ છે એમ મારું માનવુ છે.

## *દલિત જીવન વિશેનું લેખકનું દર્શન:*

નવલકથા હોય કે ટૂંકીવાર્તા લેખક પોતાની કલમ દ્વારા પ્રત્યક્ષ રીતે તો પોતાનું કોઈ દર્શન આપી શકતો નથી પણ પરોક્ષ રીતે એ પોતાનું જીવન વિશેનુ દર્શન રજૂ કરતો હોય છે.દલિત સાહિત્યમાં સર્જક દલિત સમાજ વિશેનું દર્શન રજૂ કરે છે.દલિત સમાજમાં આવેલા પરિવર્તનને એ ધ્યાનમાં રાખે છે.અહીં 'ગીધ'નવલકથામાં પણ સર્જક દલપત ચૌહાણ દલિત જીવન વિષયક પોતાનું દર્શન રજૂ કરે છે. આ નવલકથા જે સમયગાળાના દલિત જીવનને આલેખે છે એ આઝાદી પૂર્વેનું જીવન છે.દલિતો સાથે જે અમાનવીયપૂર્ણ વ્યવહાર થતો હતો,જે યાતનાઓ વેઠવી પડતી હતી તેને સર્જકે નવલકથાના પાત્રો દ્વારા વાચા આપવામાં આવી છે.ગામમાં દલિતોની સ્થિતિ,આંતરિક સંઘર્ષ,અસ્પૃશ્યતા,સામાજિક બહિષ્કાર,કાળી મજુરી,દલિત સ્ત્રી તેમજ સવર્ણ સ્ત્રીની સમાજમાં શું સ્થિતિ છે એના વિશે લેખકે પોતાનું દર્શન વ્યક્ત કર્યુ છે.

## સંદર્ભ સૂચિ


૧.ગીધઃદલપત ચૌહાણ,પ્ર.આ.૧૯૯૯.પૃ-૧૧.

૨.એજન,પૃ-૧૪

૩.એજન,પૃ-૧૫

૪.એજન,પૃ-૧૬

૫.એજન,પૃ-૧૯

૬.એજન,પૃ-૨૧

૭.એજન,પૃ-૨૩

૮.એજન,પૃ-૨૫

૯.એજન,પૃ-૩૦

૧૦.એજન,પૃ-૩૧

૧૧.એજન,પૃ-૩૯

૧૨.એજન,પૃ-૪૯-૫૦

૧૩.એજન,પૃ-૫૧

૧૪.એજન,પૃ-૫૩

૧૫.એજન,પૃ-૬૧-૬૨

૧૬.એજન,પૃ-૬૨

૧૭.એજન,પૃ-૬૨-૬૩

૧૮.એજન,પૃ-૬૯

૧૯.એજન,પૃ-૭૦

૨૦.એજન,પૃ-૮૧

૨૧.એજન,પૃ-૮૬

૨૨.એજન,પૃ-૮૬

૨૩.એજન,પૃ-૮૬

૨૪.એજન,પૃ-૮૭-૮૮

૨૫.એજન,પૃ-૯૭-૯૮

૨૬. ભરત મહેતા,પ્રત્યક્ષઃસં-રમણસોની,૨૦૦૧,પૃ-૧૮

૨૭.એજન,પૃ-૧૦૨

૨૮.બાબુ દાવલપુરા,બુદ્ધિપ્રકાશ,નવેમ્બર-૨૦૦૨,પૃ-૧૯

૨૯.ભરત મહેતા,પ્રત્યક્ષઃસં-રમણ સોની,ઓક્ટો-ડિસે-૨૦૦૧,પૃ-૧૮

૩૦.એજન,પૃ-૨૯

૩૧.એજન,પૃ-૨૯

૩૨.એજન,પૃ-૩૩

૩૩.એજન,પૃ-૧૫

૩૪.એજન,પૃ-૪૩

૩૫.એજન,પૃ-૪૩

૩૬.ભરત મહેતા,પ્રત્યક્ષઃસં-રમણ સોની,૨૦૦૧,પૃ-૧૮

૩૭.નરેશ શુક્લ,શબ્દસૃષ્ટિઃફેબ્રુઆરી ૨૦૦૧,પૃ-૭૮

૩૮.એજન,પૃ-૪૪

૩૯.એજન,પૃ-૨૦

૪૦.એજન,પૃ-૫૪

૪૧.એજન,પૃ-૧૦૪

૪૨.એજન,પૃ-૧૧૬

૪૩.ગુજરાતી દલિત સાહિત્યઃસ્વાધ્યાય અને સમીક્ષા,સં-મોહન પરમાર,હરીશ મંગલમ્,યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ.પ્ર.આ.૨૦૦૧.પૃ-૧૫૯

૪૪.એજન,પૃ-૧૫૪-૧૫૫

૪૫.એજન,પૃ-૧૬૧

૪૬.એજન,પૃ-૧૬૧

૪૭.એજન,પૃ-૦૪

૪૮.એજન,પૃ-૨૫૦

૪૯.એજન,પૃ-૦૭

૫૦.એજન,પૃ-૫૪

૫૧.એજન,પૃ-૫૭

૫૨.એજન,પૃ-૬૯

૫૩.એજન,પૃ-૯૫

૫૪.એજન,પૃ-૯૯

૫૫.એજન,પૃ-૧૦૧

૫૬.એજન,પૃ-૧૦૪

૫૭.એજન,પૃ-૧૦૭

૫૮.એજન,પૃ-૧૦૭

૫૯.એજન,પૃ-૧૦૮

૬૦.એજન,પૃ-૧૧૧

૬૧.એજન,પૃ-૧૩૭

૬૨.એજન,પૃ-૧૬૮

૬૩.એજન,પૃ-૧૬૯

૬૪.એજન,પૃ-૧૮૭

૬૫.કેશુભાઇ પટેલ,ખેવનાઃસં-સુમન શાહ,માર્ચ ૨૦૦૪,પૃ-૫૨

૬૬.કેશુભાઇ પટેલ,ખેવનાઃસં-સુમન શાહ,માર્ચ ૨૦૦૪,પૃ-૫૧

૬૭.બાબુ દાવલપુરા,બુદ્ધિપ્રકાશ,નવેમ્બર-૨૦૦૨,પૃ-૨૦

૬૮.એજન,પૃ-૨૫૮

૬૯.બાબુ દાવલપુરા,બુદ્ધિપ્રકાશ,નવેમ્બર-૨૦૦૨,પૃ-૨૦

૭૦.ગુજરાતી દલિત સાહિત્યઃસ્વાધ્યાય અને સમીક્ષા,સં-મોહન પરમાર,હરીશ મંગલમ્,યુનિ.ગ્રંથનિર્માણ બૉડ.પૃ-

૭૧.એજન,પૃ-૧૮૯

૭૨.એજન,પૃ-૧૯૬

૭૩.એજન,પૃ-૧૬૪-૧૬૫

૭૪.એજન,પૃ-૨૦૩

૭૫.એકવચનઃહરીશ મંગલમ્,પૃ-૧૨

૭૬.કેશુભાઇ પટેલ,ખેવનાઃસં-સુમન શાહ,માર્ચ ૨૦૦૪,પૃ-૫૮

૭૭.બાબુ દાવલપુરા,બુદ્ધિપ્રકાશ,નવેમ્બર-૨૦૦૨,પૃ-૨૦

૭૮.ડૉ.જયંત ગાડીત,નયા માર્ગ,૨૦૦૧,પૃ-૨૭

ભળભાંખળું-(પ્ર.આ.૨૦૦૪)

***પ્રસ્તાવના:***

‘મલક’અને‘ગીધ’પછી દલપત ચૌહાણ પાસેથી આપણને ત્રીજી નવલકથા ‘ભળભાંખળું’મળે છે.અગાઉની બન્ને નવલકથાની જેમ અહીં પણ આઝાદી પૂર્વેના ગામડામાં વસતા દલિતસમાજની વાત લઈને તેઓ આવ્યા છે.અહી શિક્ષણનાં પ્રશ્નને કેન્દ્રમાં રાખીને દલિતસંવેદનાને આલેખવાનો પ્રયત્ન સર્જકે કર્યો છે.ડૉ.બાબાસાહેબ આંબેડકરે‘શિક્ષિત બનો,સંગઠિત રહો અને સંઘર્ષ કરો’નું સૂત્ર આપ્યુ.ડૉ.આંબેડકર જેમની આર્થિક સહાયથી ભણ્યા એ વડોદરા રાજ્યનાં રાજવી સયાજીરાવ ગાયકવાડે(ત્રીજા)વીસમી સદીનાં બીજા દાયકામાં અંત્યજોને ફરજિયાત શિક્ષણ આપવાની વાત મુકી હતી પણ સ્થાનિક કક્ષાએ એનો અમલ આભડછેટરુપી રાક્ષસના ભયે થઇ શક્યો નહી.સવર્ણોની મનુવાદી માનસિકતાને લીધે આઝાદીપૂર્વેની એ દલિત પેઢી શિક્ષણ મેળવી શકી નહી.દલિતોને ભોગવવી પડેલી એ સમયની પીડાનો કાળો ઈતિહાસ અહી સર્જકની કલમ દ્વારા અભિવ્યક્ત થવા પામ્યો છે.

***કથાસાર:***

કથાની પ્રસ્તાવનામાં દલપત ચૌહાણ નોંધે છે એમ“સયાજીરાવ ગાયકવાડે(ત્રીજા)વીસમી સદીમાં તમામ જાતિઓ માટે ભણતરની વ્યવસ્થા કરી,ઢંઢેરો પિટાવેલો જેઓના બાળકો ભણવા માટે ન જાય તેમને દંડ થતો.પરંતુ અંત્યજોને નિશાળમાં દાખલ કરવામાં આવતા નહી.તેમના વતીનો દંડ ગામ ભરી દેતું.આમ વર્ષો સુધી ચાલતું રહ્યું.એક વેળા એક ગામમાં એક અંત્યજ કન્યાને નિશાળમાં દાખલ કરવાની વાત આવી,બસ પછી શું કહેવું !અંત્યજો પર દુઃખના પહાડ તુટી પડ્યા.આ ઘટનાની આજુબાજુ મારી નવલકથા ચાલે છે.”[૧]સર્જકનું આ મંતવ્ય નવલકથાના વિષયવસ્તુને સમજવામાં મદદરુપ થાય છે.વાલાની દીકરી મણીનો શાળાપ્રવેશ અને એમાં મળતી નિષ્ફળતા, એની પ્રતિક્રિયારૂપે નવલ સવર્ણોની વેઠવી પડતી જોહકુમી અને એની આજુબાજુ આ કથાનાં દાણા વેરાયેલા છે.

વડદાદી બનેલી મણિ સોફામાં બેસીને ટી.વી.માં આવતી જાહેરાત જુએ છે.જેમાં શાળાએ જતા બાળકો દફ્તર લઈને હસતા કુદતા જઈ રહ્યા છે.એ દૃશ્ય જોઈને મણિદાદીની સ્મૃતિમાં એક મકાન આકારાતું અને વિલીન થતુ રહે છે.ભૂતકાળમાં પ્રવેશ કરતા મણિદાદીને એમનો પ્રપૌત્ર મયંક કહે છે

“દાદી! આ કાર્ટૂન બૂક કહેવાય.એમાં ચિત્ર અને વાર્તા બન્ને હોય.”

“ઈમ…?”

“હાસ્તો,નૉલેજ વધારવા આ વાંચવું પડેને,દાદી!”

મણિદાદીને એના પપ્પા દાદી કહેતા એટલે મયંક પણ તેમને દાદી કહેતો.મણિદાદીને નૉલેજ શબ્દમાં સમજણ ના પાડી એટલે મયંક સામે હસતાં હસતાં પૂછયુ.

"ભઈલું! આ નાલજ હું કે"વાય"

મચંક હસ્યો

"દાદી! નાલજ નહીં નૉલેજ સમજ્યાં?સમજણ...બુદ્ધિ."

"ઈમ...ઓ...હો...હો...તું તો જબરો થઈ જ્યો કાંઇ!"[૨]

મચંકની આવી ડાહી વાતો સાંભળી મણિદાદીને પોતાના ગામની નિશાળ યાદ આવે છે.પીઠઝબકાર પ્રયુક્તિ દ્વારા નવલકથાનું કથાવસ્તુ મણિદાદીની સ્મૃતિમાં આગળ વધે છે.બબોરાત ગામમાં સાદ પાડવા આવ્યો છે.

"હાભળો...હાભળો...હાંભળો...હૌવ હાદ હાંભળજો.ગૉમનાં હૌવ વૈણનાં લોક હાંભળજો...મારાજ ગાયકવાડી સરકારે હાદ પડાયો સઅ.જેના ઘરમઅ હાત વરહથી મોટું નઈડું હોય,એ બધાનએ નેંહારમઅ ભણવા મૅકલજો.હાદ હાભળજો.સોકરા નૅહારે નઈ મૅકલઅ ઈનો ચવલી દંડ થહઅ.આ સરકારી ફરમાન સઅ..."[3]

વાત સાંભળી વાલો પોતાની દીકરી મણિને નિશાળે મુકવાનું નક્કી કરે છે.મુખી નારસંગભા અનાયાસે વાલાની વાત સાથે સંમત તો થાય છે પણ પછી વાલાની જાતિનો ખ્યાલ આવતા પોતાની વાત ફેરવી દે છે.

"વાલા હાહરું મું તો ભૂલી જ્યો તો?તું કુણ સઅ.લે મું હાચુ કું.આ તો ગૉમ કે,વાય.બધુ બાંધી મુઠી હારું.કાંઇ ઉઘાડું કરીનઅ ના કે'વાય કઅ તું ના આવજે.તું સોડીનઅ ભણવા મેલઅ તો ઈનઅ બેહાળવી ચ્યાં.ગૉમ વૈણાવણીમઅ તો મૉનઅ સઅ.મારચ મૉનવું પડઅ કઅ નઈ."[૪]એમ જણાવી વાલાને પોતાની અસહમતીનું પ્રમાણપત્ર આપી દે છે.આ અગાઉ સવાનું નિશાળમાં નામ લખાવડાવ્યુ હતું ત્યારે ઓરગણાનાં છોકરાઓને સાથે બેસાડ્યા તેથી વાલાએ સવાને નિશાળે મોકલ્યો ન હતો પણ આ વખતે કોઈપણ ભોગે મણિને નિશાળમાં મોકલવાનો દૃઢ નિશ્ચય વાલો કરે છે પણ મુખી બબારાત દ્વારા ફરી સાદ પડાવે છે

"હાભળો...હાભળો...હૌવ હાદ હાંભળજો.મુખીભાએ કેવરાયુ સઅ કઅ કાલે નેહાર ઊઘડઅ તાણઅ ઢેઢે સોકરાં નેહારે મેકલવા નઈ.અજે રાતે ગૉમ ભેળું થઈ તમારો નિયાય કરસેં.ગૉમ રાજી થઈ સોકરાં ભણવાની રજા આલઅ તો સોકરાં મેકલવા નકર સોકરાં નેહારે મેકલવા નઈ.જે સોકરાનઅ લઈ નેંહારે જસે ઈની ગૉમ બંધી કરસે..."[૫]

રાજ્યનાં કાયદાનો અમલ સ્થાનિક કક્ષાએ સવર્ણો થવા દેતા નથી.ઢેઢના છોકરા જો નિશાળે ભણવા આવશે તો નિશાળ અભડાશે,ધર્મ રસાતાળ જશે એમ મનુવાદીઓ સ્પષ્ટપણે માને છે.પણ વાલા જેવો જાગૃત દલિત કોઈપણ ભોગે પોતાની દીકરીને નિશાળે મોકલવા તૈયાર છે.વણકર,મિચોર અને સેનમાં વાસના લોકો વાલાને આ બાબતે સીધો સાથ સહકાર આપતા નથી.વાલાને પહેલા તો પોતાની જ

જાતિના લોકો સાથે આ બાબતે સંઘર્ષ કરવો પડે છે.દીકરીને ભણાવવાની જીદ લઈને બેઠેલા વાલા વિશે લોકો ઉંધી-છતી વાતો કરે છે.

"આપણઅ સોકરાંનઅ ચીયા બાલેટન બનાબ્બા સઅ.આપણ તો મેનતીયા વૈણ કૂટી ખાહું ભણીનઅ હું ગાડવા ભરવા સઅં?તમનઅ આ ઉપાડો સેનો થ્યો."[6]તો વાલાની પત્ની પણ વાલાને ભાંડતા જણાવી દે છે

કાંઈ ગાંડા થ્યા સો?ચ્યાંય મલકમઅ સોડી ભણવા જાય સઅ?તમનઅ આ ઉપાડો સેનો થ્યો."[7]

વાલો ત્રણે વાસના લોકોને નિશાળની વાત સંદર્ભે બોલાવે છે પણ મિચોર અને સેનમાં વાસમાથી કોઈ આવતુ નથી.દલિતોની  છૂટા રહેવાની આદતનો પરિચય આ પ્રસંગ દ્વારા મળે છે.વગર વાંકે ગામના વેરી થવુ એ મિચોર અને સેનમાં વાસના લોકોને યોગ્ય લાગતુ નથી.નાનું મહાજન ઓરગણાની સાથે મણિને બેસવુ પડશે એમ ઉગરો ભગત જણાવે છે ત્યારે વાલો કહે છે

"તે હું ઓરગણા મનેખ નહીં કો?તમે તો ભગતી કરો સો.મું તો ઓરગણાં ભેળી સોડીનઅ બેહાડસી તોય મેકલવા તિયાર સું.ઘેર લાઇનઅ સાંટ નાસીસું એકઅ પોંચ્યું."[8]વાલાની મક્કમતા જોઈ વણકરવાસ પણ એને સાથ આપવા તૈયાર થાય છે.આ બાજુ મુખીના કહેવાથી ગામના ચૉરાએ ચૌધરીવાસનો રઘોદાંડ કુંભાર વાળાનો મોહન વાંકો,ઉપલાણામાંથી ગોદણ પાદણ,જીવણ બાળો,મુખી નારસંગ એમ ગામનાં નામી અનામી પંચાતિયા ભેગા થાય છે ઢેઢોનો નિચાચ કરવા.મુખી પોતાની વાત મુકતા કહે છે

"હાંભળો....આ ઢેઢોનું હું કરસું?એક પા ગાયકવાડ મારાજે હાદ પડાચો સઅ!હાદ હાંભળી ઢેઢોં ભણવા તિયાર થઇ જ્યાં સઅ.પેલીપા બાવોજી કીંસઅ ધરમ રહાતાળ જહ...ન આપણા ગોર જીવતરામ?ઇમને તો કીધું તમારાં છોકરાં ભેળા ઢેઢોં ભણસી તો મારઅ તમારા ગૉમમાં રેવું નહીં.હારુ સઅ માસ્તર કેસઅ ઢેઢોંના સોકરાંનઅ થળી ઓળંડવા નઈ દ્યું?"[8]મુખી ઉપાચ કાઢતા અંતે જણાવે છે

"...જુવો માસ્તર ઢેઢોંનાં સોકરા ભણવા આવઅ તો બેલાસક નૉમ લસી લેજો અનઅં હોવઅ નેંહારમઅ પેહાવા દેતા નઈ.પસઅ દંડય સેનો પડઅ,નઅ ઢેઢ સેનાં ભણઅ!"[6]ચૉરામાં બેઠેલા બધાએ મુખીની વાતને વધાવી લીધી.આ બાજુ વાલો આખી રાત નિશાળની વાતની ચિંતામાં ઊંઘી શકતો નથી.બીજા દિવસે સવારે વાલો મણિને નિશાળે મુકવા જાય છે ત્યારે નિશાળનો ભામણબુદ્ધિવાળો માસ્તર મણિને નિશાળનું પગથિયું પણ ચડવા દેતો નથી અને વાલાને જણાવી દે છે

"ભઈ! તનઅ ખબેર સઅ વાલા.મુખી તો બધા ભારે કે કઅ રજા આલી સઅ ઈમનઅ તો ગૅમનું નઅ...ગાયકવાડનું હાચબ્બુ પડઅ નઅ કે કાંઈ એ ચૉરઅ ના કી કઅ અંત્યજોનઅ નેંહારમઅ ના બેહાડસો.એ તો ગૉમધણી.ઈમનઅ પુસવું પડઅ કે ઈમને તારી સોડીનું નામ લેઈનઅ કીધું તું?"[10]

વાલો માસ્તરની વાત સમજી મણિને લઈને ઘરે પાછો ફરે છે.વાલો મણિને નિશાળે મુકવા ગયો એની પ્રતિક્રિયારુપે સવર્ણો વણકરવાસ ઉપર સતત ત્રણ દિવસ પથ્થરમારો કરે છે.સામે પશાનાથાએ સવા સાથે મળીને વળતો પ્રહાર કર્યો તો સવર્ણોએ વણકરોનાં ખાદરામાં છાણ નાખી પાણી બગાડયુ.આ બધી

પીડાજનક ઘટનાઓ થતા વાલો દીકરીને ભણાવવાની વાતને અભરાઈએ ચઢાવી દે છે.ત્યારબાદ નવલકથાનું વસ્તુ મણિના લગ્નની વાતનાં અનુસંધાને આગળ વધે છે.અહીં આ સંદર્ભે દલિત સમાજમાં થતા વેવિશાળનો પ્રસંગ,લગ્નવિધિ,લગ્ન સમયે ગવાતા ફટાણા,રીતરિવાજો,ટકો વગેરેને લઈ આવ્યા છે.નાતના રિવાજ મુજબ લગ્નમાં તાંબાનુ બેડુ આપવાની વાતથી સવર્ણોનો રોષ ફરી પાછો ભભૂકી ઉઠે છે.ચૉરીમાં મલીકપુરનાં ઢોલીઓએ ઢોલ વગાડ્યો એ સાંભળીને મિયોલ ગામનાં ઠાકોરો ચડ્યે ઘોડે આવીને વણકરોને ધમકાવે છે ત્યાં ધૂણિયો-ચરુડી એમની નજરે પડી જાય છે.એ જોઈ ઠાકોરોને ઈર્ષા થાય છે અને જાન પર ઓચિંતાનો હુમલો થાય છે.પરંતુ સમયસર રુપાબા આવી જતા મોટુ નુકસાન થતુ બચી જાય છે.મણિના લગ્ન પછીની કથા સર્જકે વણકરોમાં જોવા મળતી પાટ પરંપરાના સંદર્ભે આગળ વધારી છે.પાટપરંપરાનો પ્રસંગ વિસ્તારી હોવા છતાં દલિત સમાજનાં સંસ્કૃતિ સંદર્ભને પ્રસ્તુત કરતો હોવાથી તે અસ્થાને લાગતો નથી.ત્યારબાદ કથાનો તંતુ મણિ વડદાદી બની ત્યાં સુધી વિસ્તર્યો છે અને એ રીતે ભૂતકાળમાંથી વર્તમાનમાં પાછા ફરતા મણિદાદીની વાત સાથે કથા અટકે છે.

## ***દલિતોની સ્થિતિનું નિરુપણ:***

દલિત સાહિત્યની કૃતિ દલિતસમાજની વાસ્તવિક પરિસ્થિતિને લઈને આવે છે.તેથી એ કૃતિમાં દલિત સમાજનું નિરુપણ કેવું અને કેટલું તટસ્થતાપૂર્વક થયું છે એ જોવુ મહત્વનું બની રહે છે.કૃતિનો સર્જક જો દલિત પરિવેશમાંથી આવતો હોય તો એ પરિવેશને વાસ્તવિક સ્પર્શ મળતો હોય છે.દલપત ચૌહાણ પોતે દલિત જાતિમાંથી આવે છે.'ભળભાંખળું'નવલકથામાં સર્જકે વીસમી સદીનાં બીજા દાયકાનાં ગામડામાં વસતા દલિતોની સ્થિતિનું નિરુપણ કર્યુ છે તેને આપણે અહીં જોઈશુ.

## **દલિતોની આર્થિક સ્થિતિ:**

અહીં આલેખાયેલો દલિત સમાજ અને એમાં પણ મુખ્યત્વે વણકર સમાજ વણાટકામનો વ્યવસાય કરે છે.અન્ય દલિત જ્ઞાતિઓ કરતાં વણકરો આર્થિક રીતે પગભર છે.વાલો,પશા નાથા,લવજી જેવાં વણકરો મુખ્યત્વે વણાટકામ પર પોતાનું ગુજરાણ ચલાવે છે.પેટિયુ રડવા માટે તેમને કોઈની કાળી મજૂરી કરવા જવુ પડતુ નથી.મિયોર,સેનમા અને ઓરગણા સમાજનાં લોકો મજૂરી કરીને પોતાનું ગુજરાણ ચલાવે છે તેથી મિયોર,સેનમા અને ઓરગણા કરતાં વણકર સમાજ વધારે સ્વમાની આલેખાયો છે.આર્થિક રીતે સદ્ધર હોવાથી જ વાલો મુખીને રાજી કરવા નૈવેદ રુપે પછેડી અને બે રુપિયા આપે છે.ચરુડી-ધૂણિયા માટે સાક્ષાત જોગણી માતા જેને આવે છે એ રુપાબાની ભરખની માંગણીને સંતોષે છે.વાલો મુખીની ગામબંધીનાં હુકમને અવગણી પોતાની દીકરીને નિશાળે મોકલવા તૈયાર થયો છે.જો પેટિયું રડવા માટે સવર્ણો પર વણકરોને આધાર રાખવો પડતો હોત તો વિદ્રોહની ભાવના વાલાનાં મનમાં જાગત નહી અને તે પણ અન્ય દલિત કોમની પેઠે માય બાપ કરીને જીવન વ્યતિત કરવાનાં ફાંફા મારતો.ઠાકોરો કરતાં વણકરોની આર્થિક સ્થિતિ સારી છે તેથી તેઓએ પિત્તળનાં વાસણ ઘરમાં વસાવ્યા છે પણ ઠાકોર-કોળાની ચોર જાત વણકરોનાં ઘરમાંથી ચોરી કરી જાય છે.મિયોર સમાજ વણકરોથી દબાયેલો છે એનો ખ્યાલ વાલાના હરિ અને ભલા સાથેનાં વર્તનથી આવે છે.સેનમા લોકો ગામમાં ઢોલ વગાડીને પોતાનું

ગુજરાણ ચલાવે છે.મિયોર સમાજ મરેલા ઢોરને ખેંચી લાવવાનું કામ કરે છે અને એનાથી ગામ લોકો દ્વારા મળતા દાણા અને ઘરાકવટીથી પોતાનું ગુજરાણ ચલાવે છે.

## દલિતોની સામજિક સ્થિતિઃ

દલિતોની આર્થિક સ્થિતિ ભલે સારી હોય પણ એને અસ્પૃશ્યતાનો ભોગ તો બનવુ જ પડે છે.વણકરોની આર્થિક સ્થિતિ સારી હોવા છતાં ગામનાં સવર્ણો દલિતોનો શાળા પ્રવેશ થવા દેતા નથી.દલિત બાળકનો શાળામાં પ્રવેશ થતા ધર્મ અભડાશે એમ તેમનું માનવું છે.દલિતોનો ન્યાય એમની ગેરહાજરીમાં થાય છે.વણકરોનાં હાથથી વણાયેલી પછેડી-કપડાને છાંટ નાખી સવર્ણો લઈ લે છે એટલુ જ નહી એમના હાથે સ્પર્શાયેલા પૈસા પણ તેઓ છાંટ નાખીને લઈ લે છે.દલિતો સારા પ્રસંગે સારા કપડા,ઘરેણા પહેરી શકતા નથી.દલિત વર્ગનાં લોકોને પગમાં પગરખા પહેરવાનો પણ અધિકાર નથી.લગ્ન પ્રસંગે ઢોલ વગાડી શકતા નથી.દલિતોને સવર્ણોથી દબાયેલું જીવન ગુજારવું પડે છે.જો સવર્ણની વાતનો વિરોધ દલિત દ્વારા કરવામાં આવે તો પથ્થરોનો વરસાદ તેમના વાસ પર કરવામાં આવે છે.તેમના પીવાના પાણીનાં ખાદરામાં છાણ નાખી પાણી બગાડવામાં આવે છે.પાણી માટે સવર્ણો પાસે ભીખ માંગવી પડે છે.વણકર સમાજમાં ઉજવાય રહેલા ઉત્સવનાં પ્રસંગે સવર્ણોની આડાઇનો ખ્યાલ આપણને અહી મળે છે.મણિના લગ્નપ્રસંગને દૂર ઊભા રહીને જોતા ગામલોકોનું ખાસ તો ઢેઢ નહીં પણ રજપૂતાણી જેવી લાગતી ગાણા ગાતી જાનડીઓને જોઇને વ્યક્ત થતું સ્ત્રી-માનસ અને એમાં રહેલી ઈર્ષા દલિત વર્ગની સામાજિક સ્થિતિને વ્યક્ત કરી આપે છે.

દલિત સમાજમાં પણ જોવા મળતી આંતરિક અસ્પૃશ્યતાને તટસ્થતાપૂર્વક આ નવલકથામાં નિરુપિત કરી છે.વર્ણવ્યવસ્થામાં જેમ ચારેય વર્ણ વચ્ચે ઉચનીચનો ભેદ જોવા મળે છે એમ અહી દલિત સમાજમાં પણ ઉચનીચનો ભેદ જોવા મળે છે જેમાં વણકરનું સ્થાન પ્રથમ છે ત્યારબાદ મિયોર,સેનમા અને છેલ્લે ઓરગણાનો ક્રમ આવે છે.વણકરો મિયોરનાં ઘરનું પાણી પીતા નથી.વણકરો પોતાનાથી ઉતરતી જ્ઞાતિ સાથે આભડછેટ રાખે છે.ઓરગણાનાં છોકરા સાથે વણકરો પોતાના છોકરાને બેસાડવા માત્રથી અભડાય જાય છે.સોનામાના ઘરે છાસ લેવા જતા અંબાની સાથે સોનામા જેવી આભડછેટ રાખે છે એવી જ આભડછેટ અંબા વીરા સેનમાની વહુ ભોથા(માંસ)લેવા આવે છે ત્યારે પાડે છે.મિયોર વાસમાંથી હરિ અને ભોલો વાલાના ઘરે આવે છે ત્યારે વાલો બન્નેને ખાટલાએ ન બેસાડતા નીચે બેસાડે છે તો મિયોર લોક ઓરગણા સાથે આભડછેટ રાખે છે.માનસંગ જેહાની મા મરી ગઇ એ પ્રસંગે હેમો ઓરગણો અને દેવો મિયોર ખાંધિયાઓનાં જોડા ઉપાડી લઈ જવાનું કામ કરે છે.જમવાનો સમય થયો ત્યારે તુટેલી તાવડીઓ હેમાએ પહેલા લીધી તેથી દેવો મિયોર હેમા ઓરગણા ઉપર તાવડીઓ અભડાવ્યાનો આરોપ મુકે છે.

આમ,દલિત સમાજમાં જોવા મળતી આંતરિક અસ્પૃશ્યતાને નવલકથામાં નિરુપિત કરી આપી છે.દલિત સમાજ જો સવર્ણ સામજનાં આભડછેટના રોગથી મુક્ત થવા માંગતો હોય તો તેને સૌ પ્રથમ આ આભડછેટના માનસિક રોગમાંથી મુક્ત થવુ પડશે એ વિના સવર્ણ વર્ગ પાસેથી યોગ્ય વર્તનની

અપેક્ષા રાખી શકે નહી.સમગ્રતયા આ નવલકથામાં દલિત સમાજનું તટસ્થતાપૂર્વક નિરુપણ થયેલુ જોવા મળે છે.

## દલિતોની સાંસ્કૃતિક સ્થિતિનું નિરુપણઃ

દલપત ચૌહાણે આ નવલકથામાં અગાઉની બન્ને નવલકથાની જેમ દલિત સમાજનાં સાંસ્કૃતિક સંદર્ભને તંતોતંત પ્રકટ કર્યો છે.દલિત સમાજની ખાણીપીણી,ધાર્મિક વિધિવિધાન,લગ્ન પ્રસંગે થતા વિવિધ સામાજીક રીતરિવાજો,પાટપરંપરા વગેરેનું નિરુપણ અહી થવા પામ્યુ છે.

મરેલી ભેંસને તાણી લાવવાનો પ્રસંગ અને એનાં માંસને આરોગતા દલિત વર્ગનું વર્ણન સરેરાશ દરેક દલિત નવલકથામાં આવે છે આ નવલકથામાં પણ આ પ્રસંગનું આલેખન થયુ છે.ગામમાં રહેતા લવજી ગોદડની ભેંસ કોઇક કારણસર મરણને શરણ થઈ છે એ વાતની જાણ અંબા વાલાને કરે છે.વાત જાણી વાલાને પહેલા તો દુઃખ થાય છે પણ સાથે એના ભોથા(માંસ)ખાવા મળશે એનો છૂપો આનંદ પણ વ્યક્ત થઈ જાય છે.કોઈકની ભેંસ મરી ગઈ હોય તો એ મરેલી ભેંસનું માંસ આખા દલિત વાસમાં રંધાય છે.વધેલા માંસની સુકવણી કરીને એનો ખાવામાં ઉપયોગ થઈ શકે એ માટે એમાંથી કાંકણિયો બનાવવામાં આવે છે.દલિત સમાજ બ્રાહ્મણવાદનું જે આંધળુ અનુકરણ કરે છે એને પણ અહીં પ્રકટ કરી આપ્યુ છે.દલિતો પણ ગાયનાં શુકનને શુભ માને છે.તુલસીક્યારે દીવો ધરે છે.શુભ પ્રસંગમાં કોઈ વીઘ્ન ઊભુ ન થાય એ માટે સવર્ણોની જેમ ગ્રહદશામાં માને છે.સવર્ણોની જેમ દલિતો પણ પાપ-પુણ્ય અને કર્મવાદમાં માને છે.નાયક,તુરી લોકોને દલિત સામજ દ્વારા જે માન-સન્માન આપવામાં આવે છે અને નાયક-તુરી લોકો દ્વારા દલિત સમાજનું જે પ્રશંસા ગાન કરવામાં આવે છે એને વાલાનાં ઘરે આવતાં કેદાર નાયક દ્વારા બતાવી આપ્યુ છે.આજે પણ દલિત સામજમાં કોઈ પ્રસંગે આવેલા નાયક-તુરી લોકોને માન-સન્માન આપવામાં આવે છે.

લગ્નપ્રસંગે દલિત સમાજમાં જોવા મળતા વિવિધ રીતરિવાજોનું નિરુપણ અહી મણિનાં થતા લગ્ન સંદર્ભે નિરુપી આપ્યા છે.લગ્નની વાતનું બેઉ પક્ષે પાક્કુ થતા કન્યાપક્ષ તરફથી વરપક્ષને ટકો મોકલવામાં આવે છે તો વરપક્ષ તરફથી કન્યાપક્ષને નારિયેળની કાચલી અને એક રુપિયો મોકલવામાં આવે છે.લગ્ન થાય એ પહેલા બન્ને પક્ષો તરફથી એકબીજાના ઘરોએ થતી મુલાકાતો,સગાઓનાં માનમાં ગોઠવાતું રાવણું,એકબીજાને પરમાણ આપીને પીવાતી દારુની પ્યાલીઓ કન્યા પક્ષ તરફથી વરપક્ષને ત્યાં લગ્ન વધાવવાં માટે જવું,છોકરાને ખોબામાં જુવાર આપી નારિયેળ અને સગાઈનો રુપિયો મુકવો તેમજ કાછલી અને સાકરનો પડો આપવો, જાન જે દિવસે જાય એનાં બીજા દિવસે પરોઢિયે ઘડિયા લગ્ન લેવા, ગણેશ સ્થાપન કરવા એ વખતે ગવાતા ગીતો, વાસની સ્ત્રીઓ દ્વારા મોસાળિયાઓને ફટાણા ગાઈને મનભરીને ગાળો દેવી જેમકે

“સવેળો બોલાયા વેવાઈ કવેળા હું આયા રે!

વચ્ચી ગધાડી વિયાણી ઈની બળી ખાવા રયા તા રે”

"વેવાણ વૈણાજી મેલ,મુ તો લાજી મરું સું"[૧૧]

આ ઉપરાંત પરણવા આવેલા વરના પહેરવેશનું થયેલું નિરુપણ

"...વરને માથે વાણિયાશાઈ સોનેરી ઝૂલવાળી લાલ રંગની પાઘ અને મોળિયો,સફેદ આંગડીને પતંગિયા રંગના છાંટણાં ને ધોતી.પગમાં ભરતવાળા જોડા.મોઢે દાબેલો રુમાલ,મૂઠ પકડી ખભે અઢેલી રાખેલી ત્રણ હાથ લાંબી તલવાર.આંખે આંજેલી મેશ.કાને ફૂલિયાને ગળામાં ટૂંપિયો.ગાલે હડપચી પાસે કાળું ટપકું.ગળામાં ખારેક અને ટોપરાંના ત્રણ-ચાર હાર,રંગ ઘઉવર્ણો પણ...પીઠી કરેલી હોવાથી સોનાવર્ણો લાગે."[૧૨]

આવેલી જાનને ગોળનું પાણી પીવડાવવું પછી સાદું પાણી પીવડાવવું એ પ્રસગનું પણ થયેલુ વર્ણન જોઇએ

"માટલામાં જાન માટે ગોળનું પાણી આવ્યું.વેવાઈઓ અને જાનડીઓને ગોળનું પાણી પાયુ.પછી સાદું પાણી લઈ આવ્યા.જાનીવાસ ઉગરા ભગતના ઘેર અપાયો.જાનડીઓ વાસમાં જાનીવાસે પહોંચી ગઈ.વરરાજા માટે કથરોટમાં ચલાહું આવ્યું.ગોળ ચુરમામાં મનભરીને ઘી પીરસાયું ને નાના છોકરાઓ સાથે વરરાજા વાસના ઝાપે જ પછેડી ઓઢીને જમવા બેઠા.ચલાહું જમવા સવાનેય બોલાવ્યો.બધા જમ્યા.સાળો વરરાજા સાથે જમ્યો એટલે તેને મૂઠી વળાવવા એક રુપિયો આપ્યો."[૧૩]

આ ઉપરાંત લગ્નમાં કન્યાને તાંબાનું બેડુ આપવાનો રિવાજ,જાનપક્ષ દ્વારા બ્રાહ્મણને દાપું આપવુ,બ્રાહ્મણ દ્વારા દાપાનો ટૌકો પાડતા સમયે વણકરે રાજપુત કન્યાના પુરેલા મામેરાની કથા કહી સંભળાવવી,ચાર દિવસ સુધી સગાની મહેમાનગતિ કરવી વગેરેનું રસપ્રદ નિરુપણ અહી થવા પામ્યુ છે.

શ્રાવણમાસ આવતા ગામની બદલાતી શીકલ,એમાં વણકરવાસમાં ગવાતા ગીતો,દિવાળીનાં તહેવારમાં મેરમેરાયા મુકવા જતા વણકરો દ્વારા ગવાતા ગીતો

આજ "દિવાળી...કાલ દિવાળી ગોકળિયાની ગૉડ ગુવાળી

મેઘાકાકા મેરમેરાયાં..કાકડી માકડી તેલ પુરાવો"[૧૪]

તેમજ નવા વર્ષે ખારખોખલો કાઢવો,કચરો-પૂજોને આળસનાં પ્રતીકરુપે ગણી માટલામાં ભરી ગામ ભાગોળે નાખવા જવું,નાખવા જતી વખતે ગવાતું ગાણું"તાવ તડકો-રોગ રગડો-અગામણ-પદામણ...જજો કાળા સમુદરે..."[૧૫]વગેરે દિવાળી જેવા તહેવાર પ્રસંગે દલિત સમાજમાં જોવા મળતા સંસ્કાર સંદર્ભને પ્રકટ કરી આપે છે.

આ ઉપરાંત દલિતોમાં જોવા મળતી ગુરુ પરંપરા-પાટપરંપરાનું વિસ્તૃત વર્ણન અહીં આલેખાયું છે.ગુરુની પધરામણી માટે થતી વિવિધ પૂર્વતૈયારીઓ,રામી દ્વારા રણકદાર અવાજમાં ગવાતા ગાણા,ગવાતા ભજનો,અગિયારસની રાતે મંડાતો પાટ,પાટ માંડતી વખતે ઘરમાં કોઈ નુગરો ન પ્રવેશે

એની તકેદારી રાખવી,સુગરાને જ પાટમાં આવવાનું અપાતું નિમંત્રણ જેવી માન્યતાઓ અહી નિરુપાઇ છે.સર્જકે પાટની માંડણીનું જે વર્ણન કર્યુ છે તે જોઇએ

"...તેમણે પાટની આજુબાજુ રોપેલા વાંસડા કાઢી,આડ કરેલી પછેડીઓને છોડી નાખી.ઘરની બહારની ચારે બાજુ આડ કરવા અંદરોઅંદર વાત કરી.છેવટે ઘરની અને બહારથી આડ કરવાનું નક્કી કર્યુ.ઘરની અંદરની બાજુએ બન્ને કરાઓને પછેડીઓની આડ કરી ઢાંક્યા.પછીત અને કડુખલાને બહારની બાજુએથી ઢાંક્યા.સેવકોએ લાવેલા સામાનના પોટલામાંથી લાલ અને સફેદ રંગના આંચળા કાઢી પ્રથમ સફેદ રંગનો આંચળો માટીના તૈયાર કરેલા પાટ ઉપર પાથર્યો.તેના ઉપર લાલ રંગનો આંચળો પાથર્યો.ઉગરા ભગત પાસે ઘઉ માંગી લાલ આંચળા ઉપર તેની ઢગલી કરી મૂડો(મેરુદંડ) સ્થાપ્યો.મૂડા ઉપર મોટું પરણાચું.તેમાં ચાર દિવેટો,ચાર દિશઓને ધ્યાનમાં રાખી મૂકી.ઉગરા ભગત પાસે ઘી માગી પરણાચામાં રેડ્યું.પાટની ચારે તરફ લોટથી આણ દોરી ઉત્તર દિશામાં પાણી ભરેલો કલુડો(કુંભ)મૂકી તેના પર નારિયેળ મૂક્યું.પાટની પશ્ચિમ દિશાએ પશ્ચિમિયો(નાનું કોડિયું)મૂક્યો.ઘરના માભે ફૂલ અને નવ લીંબુનું છત્તર(છત્ર)બાંધી પાટ ઉપર લટકાવ્યું."[૧૬]આ ઉપરાંત ગુરુ દ્વારા થતી પાટની માંડણી,બોલાતો મંત્રો,જેને ગુરુની કંઠી બંધાવવી હોય એને બનાવવામાં આવેલી સાત ઢગલીઓ ઓળંગીને આવવુ,કંઠી પહેરાવતી વખતે ગુરુ દ્વારા શિષ્યના કાનમાં બોલાતો મંત્ર વગેરે દલિત સમાજમાં પ્રચલિત ધાર્મિક વિધિવિધાનને પ્રકટ કરી આપે છે.

## ***બિનદલિત વિવિધ સમાજનું થયેલુ આલેખન:***

પ્રસ્તુત નવલકથામાં આંજણા,ઠાકોર,રાવળ,વાળંદ,દેસાઇ,કુંભાર.વાઘરી જેવા બિનદલિત સમાજનું આલેખન થવા પામ્યુ છે.સર્જક ગામડામાં વસતી વિવિધ બિનદલિત જાતિઓનાં સામાજિક,સાંસ્કૃતિક પરિવેશથી પણ વાકેફ છે એનો ખ્યાલ અહીં નિરુપિત બિનદલિત સમાજના આલેખનથી મળે છે.નારસંગમુખી,નાનજીભગત જેવા પાત્રો આંજણા પટેલ છે તો દારુનો ધંધો કરતો કેસરોજી,શનોજી,રમતુજી જેવા પાત્રો ઠાકોર કોમનું પ્રતિનિધિત્વ કરે છે.ગામમાં સાદ પાડવાનું કામ કરતો બબોરાત વાળંદ કોમનું પાત્ર છે.બકરા-ઘેટા પાલવવાનું કામ કરતો સરતોનજી દેસાઇ કોમનું પાત્ર છે.ચોરી કરવી અને દારુનો ધંધો કરવો એ ઠાકોરોની મૂળ વૃત્તિ છે.કોઇ પોતાને ઠાકોર તરીકે બોલાવે એ ગામની આ ઉતાર જાતિને ગમે છે.ગામના ઉતાર તરીકે અને હંમેશા ધાક જમાવવાનો પ્રયત્ન કરતી ઠાકોર કોમની માનસિકતાનો ખ્યાલ આપણને અનારજીનું માથું ફુટયુ એનો બદલો વાળવા ઉત્સુક થયેલી અને રણચંડી બનેલી શનોજીની ઘરવાળી મેનાના વર્તન દ્વારા મળે છે.મરેલી ભેંસનું માંસ દલિત વાસમાંથી માંગી લાવી રમતુજી ખાય છે અને ઉપરથી એમની સાથે આભડછેટ રાખે છે.તો કેસરોજી જેવું પાત્ર પોતાના દારુના ધંધાનો ગરાક ઓછુ ન થાય એ માટે દલિત વાલાની સાથે સમાધાન કરવા પણ તત્પર થાય છે.નારસંગમુખી અને નાનજી ભગત આંજણા પટેલ છે.આંજણા સમાજની વાત આ બન્નેના વ્યક્તિત્વ આલેખન દ્વારા થઇ છે.નારસંગમુખીને ત્યાં ગોઠવાતુ રાવણું અને નાનજીભગતને ત્યાં ગોઠવાતા રાવણાંના પ્રસંગે એકત્રિત થયેલા લોકો દ્વારા રાવણાંનુ ચિત્ર સ્પષ્ટ થાય છે.રાવણાંમાં પીવાતા અમલ કસુંબા,એ વખતની આંજણા કોમની આટીપાટીનું નિરુપણ થયુ છે.માનસંગ જેહાની મા મરી ગઇ એ પ્રસંગે આંજણા

કોમમાં લાસને અગ્નિદાહ આપ્યા પછી તરત જ લાડવાનું ભોજન કરાવવાનો રિવાજ જેવી બાબતોનું નિરુપણ થવા પામ્યુ છે.કાશીપુર ગામના ઠાકોરોમાં સાક્ષાત વેરાઇ માતા જેને આવે છે એ સરદારજી ભૂવો છે.ભૂવા-જાગરિયામાં માનતો ઠાકોર સમાજ આલેખાયો છે.

## *વસ્તુસંકલના:*

મુખ્ય ઘટનાની સાથે અનુબંધ સાંધે એવા અનેક નાના-મોટા પ્રસંગો આ નવલકથામાં નિરુપાયા છે.આ નવલકથામાં મુખ્ય ઘટના મણિનાં શાળા પ્રવેશ માટેનો સંઘર્ષ છે.મણિનો શાળા પ્રવેશ થાય એ માટેના વાલાના પ્રયત્નો,ધરમ અને વર્ણવ્યવસ્થાની બીકે દલિતોનો શાળાપ્રવેશ ન થવા દેતા ગામના મુખી,ગૌરીશંકર માસ્તર તેમજ ગામનાં અન્ય સવર્ણો, દતિવાસ પર થતો પથ્થરમારો,મણિના થતા લગ્ન એ સદંર્ભે દલિત સમાજમાં જોવા મળતા રિતરીવાજોનું નિરુપણ,મણિના આણાના અવસરની ઉજવણી,ત્યારબાદ ગુરુની પધરામણી-પાટની ઉજવણીનો પ્રસંગ એમ વિવિધ ઘટનાઓનું નિરુપણ અહીં થવા પામ્યુ છે.પારુલ દેસાઇને નવલકથામાં આવતા મણિના લગ્ન પ્રસંગની ઘટના અને એ પછી નિરુપિત પાટપરંપરાના પ્રસંગને લીધે દલિત સમાજના સંઘર્ષની કથા અધુરી રહી જતી લાગે છે તેઓ જણાવે છે એમ "આ બન્ને ઘટનાઓનુ નિરુપણ અહી પ્રભાવક રીતે થયું છે.પરંતુ તેમ થતાં કથાની મુખ્ય ઘટના,મણિને ભણાવવાનો વાલા અને દલિત સમાજના સંઘર્ષની કથા,જાણે કે અધૂરી રહી જતી હોય એમ લાગે છે.વાલો નિશાળમાં જઇને મણિને ભણાવવાની ના પાડી આવે પછી શું?આ દિશામાં આગળ ગતિ કરવાને બદલે લેખક મણિના લગ્ન,આણું,પાટ બેસાડવો વગેરે પ્રસંગોને નિમિત્તે અવાંતર નિરુપણોમાં અટવાઇ ગયા હોય એવો અનુભવ થાય છે.૧૨૨ પાના સુધી ચુસ્ત રીતે આગળ વધતી કથા જાણે કે મૂળ લક્ષ્ય ગુમાવી બેસે છે.નવલકથાના અંતમાં ભુતકાળમાંથી વર્તમાનમાં પાછા આવેલાં મણિદાદીને એકદમ ભળભાંખળુંમાંથી અજવાળું લાગવા માંડે છે કારણકે પોતે ભલે ભણી ન શક્યા પણ પોતાનો દીકરો,દીકરાનો દીકરો તો આજે ભણીગણીને સ્થિર થયા છે.પણ આ કેવી રીતે બન્યું,દલિતો નિશાળનાં પગથિયાં કેવી રીતે ચડી શક્યાં,સવર્ણો સાથેના આ સંઘર્ષ કેવી રીતે ઓગળ્યા-એ આખી પ્રક્રિયાનું નિરુપણ અહી નથી.આને કારણે ભાવકને અપેક્ષાભંગનો અનુભવ થાય છે"[૧૭]પારુલબેનના આ મંતવ્ય સાથે આપણે સંમત થઇ શકીયે પણ અહી સર્જકે મણિ પરણીને જ્યા ગઇ છે એ મલિકપુરના વણકરો મિયોલ કરતાં વધારે સભાન અને જાગૃત બતાવ્યા છે.મણિનો પતિ મૂળો પોતે બે ચોપડી ભણેલો છે.દલિતોને શિક્ષણ મળે એવુ વાતાવરણ મલિકપુરમાં હોવાથી મણિના છોકરા ભણ્યા છે.એ બાબતોને જો આપણે ધ્યાનમાં રાખીયે તો ભાવક તરીકેની આપણી અપેક્ષામાં કોઇ ભંગ થશે નહી.સર્જકને અહી શિક્ષણના પ્રશ્નને ધ્યાનમાં લઇ સવર્ણો દ્વારા દલિતો પર થયેલા અત્યાચાર તેમજ દલિતોની સામાજિક,સાંસ્કૃતિક પરિસ્થિતિ નિરુપવાનો મૂળભૂત ઉપક્રમ રહ્યો હોય એમ લાગે છે. નવલકથાનું વસ્તુ શિક્ષણના પ્રશ્નથી શરુ થઇ દલિતોના સામજિક અને ધાર્મિક મૂલ્ય નિરુપણ સુધી વિસ્તર્યુ છે.મણિના શાળા પ્રવેશનો પ્રશ્ન એમાં મળતી નિષ્ફળતા ત્યારબાદ મણિનુ લગ્ન અને એ સંદર્ભે થયેલુ દલિતોની સામજિક સ્થિતિનુ નિરુપણ કથાને અહીં જ ન અટકાવી દેતા દલિતોમાં જોવા મળતી પાટપરંપરા સુધી વિસ્તાર્યુ છે.

## *પાત્રાલેખન:*

સર્જકે અહીં દલિત અને સવર્ણ વર્ગની વિશેષતાઓ અને મર્યાદાઓને પ્રકટ કરી આપતાં વૈવિધ્યપૂર્ણ પાત્રોનું આલેખન કર્યુ છે.અગાઉની નવલકથામાં જોવા મળતા પાત્રોની તુલનામાં આ નવલકથાના પાત્રો વધુ સંકુલ રીતે નિરુપિત થવા પામ્યા છે.તત્કાલિન ગ્રામિણ સમાજને અનુરુપ પાત્રોનાં વ્યક્તિત્વનું નિરુપણ અહીં આલેખાયેલા સવર્ણ પુરુષ પાત્રો નારસંગ મુખી,ગૌરીસંકર માસ્તર,બબોરાત,નાનજી ભગત,શનોજી,કેશરોજી,રમતુજી,સરદારજી,અરજણ દેસાઇ તેમજ સવર્ણ સ્ત્રી પાત્રોમાં સોનામા,શનોજીની ઘરવાળી મેના,મુખીયાણી સંતોક,કેશરોજીની ઘરવાળી રુપા દ્વારા થવા પામ્યુ છે.આ બાજુ દલિત પાત્રસૃષ્ટિમાં વાલો, પશા નાથા, ઉગરો ભગત, જેઠા બેચર, લવજી, હરિ, ભીખો, સવો, ગોકો, કેશવ નાયક, ઘેલો મહારાજ, કેસવદાસજી ગુરુ સ્ત્રી પાત્રોમાં મણિ, વાલાની પત્ની અંબા, પશાનાથાના ઘરવાળી સવિતા, ઉગરા ભગતની ઘરવાળી પશી, રણકદાર અવાજમાં ગીતો ગાતી રામી જેવા દલિત સમાજનું પ્રતિનિધિત્વ કરે છે.

વાલાનુ પાત્ર અહી દલિત સમાજ જીવન માટે પ્રેરણા પુરી પાડનારુ છે.ગામમાં ગાયકવાડી હુકમનો સાદ સાંભળી એ તરત જ પોતાની દીકરીને શાળામાં મોકલવા તૈયાર થાય છે.અગાઉ પોતાના દીકરા સવાને શાળામાં ભણવા મૂક્યો હતો પણ ઓરગણાના છોકરાની સાથે પોતાાના સવાને બેસાડ્યો હોવાથી તે તેને ભણાવી શક્યો નહી પરંતુ મણિનાં સંદર્ભે એ કોઇ બાંધ-છોડ કરવા માંગતો નથી.વણકરી ધંધો કરતો વાલો ગામનાં વ્યવહારથી સારી રીતે પરિચિત છે તેથી તે વણકર વાસ,મીયોરવાસ અને સેનમાવાસના લોકોને ભેગા કરી નિશાળની વાત સંદર્ભે પુછી લેવાનુ યોગ્ય સમજે છે.વાલાને પોતાના વણાટકામનાં ધંધા ઉપર ગર્વ છે તેથી જ અંબા જ્યારે ગામમાં બબારામ લુગડા સીવવાનો હંચો લાવ્યાની વાત કરે છે ત્યારે એના પ્રત્યુતરરુપે જણાવે છે

"કૉક કૉક અમઅ તો મિલના લૂંગડા લાવઅ સઅ?ચેટલું હેંડઅ,સો મઇનાય ના કાઢઅ,આપણી પસેડીમઅ તો પાંણીની ગાંહડી બાંધો જો ટેંપુય બાર પડઅ તો વસ્તાર ખોટા,તા."[૧૮]

વાલામાં રહેલા સીધી જ વાત કહી દેવાના સ્વભાવનો પરિચય આપણને ત્યારે મળે છે જ્યારે વગર બોલાવ્યા મીયોરવાસમાંથી હરિ અને ભલો વાલાને મળવા આવે છે.જો પોતે છોકરાને નિશાળે ભણવા મોકલશે તો ગામ તેમની બંધી કરશે એમ હરિ જણાવે છે ત્યારે વાલો ગુસ્સામાં જણાવી દે છે

"જુઓ ભગત!આ ઢોરની ગરાકવટીની વાત કરઅ સઅ.અલ્યા,આંયની ગરાકવટી બંધ.ગરાકવટી તમારી અતી કો જોયે?તે પેલા બંધ કરશે?ગરાકવટી તો અમારી વણકરોની તમારા ભાનઅ પૂસી જોઓ.મીયોરનઅ આ ગૉમ્મઅ કુને વહાયા."[૧૯]

વાલાની મક્કમતા જોઇ ભગત પણ એને સહકાર આપવા પ્રેરાય છે.વાલો મુખીને રાજી કરવા મુખીના ખેતરે જાય છે ત્યારે મુખીનો સાથી રમતુજી વાલાને નિશાળની વાત સંદર્ભે પુછે છે.પોતે રમતુજીના સ્વભાવથી સારી રીતે પરિચિત હોવાથી વાલો રમતુજીને ઠાકોર કહી સંબોધે છે.જેમાં પરિસ્થિતિગત પ્રતિક્રિયા આપવના વાલાના સ્વભાવનો આપણને ખ્યાલ આવે છે.નિશાળ પ્રવેશ માટે માસ્તરને આજીજી

કરવા છતા મણિનો શાળા પ્રવેશ થતો નથી ત્યારે ઉદાસ મને પાછા ફરતા વાલાની મનોસ્થિતિને સર્જકે નીચે મુજબ પ્રકટ કરી આપી છે

"નિશાળેથી પાછા વળતા વાલાનું મન ઉદાસ થઇ ગયું.ગામકૂવા પાસેથી પસાર થતા એણે ગામતળાવ પાળે બંધાયેલા મંદિર તરફ જોયું.મંદિર ઉપર ભગવી ધજા ફરકતી હતી.એને ભગવાન ઉપર અશ્રદ્ધા થઈ"ભગવાને કીધુ અસે કઅ કોકનઅ ઢેઢ બનાવો,નઅ કોકનઅ લોક બનાવો"એણે માથું ધૂણાવ્યું."મારી કાળકામા ભલુ કરજો.તુ જ હાચી.મારા નરસંગ સાહેબ."એના પગ જાણે લથડતા હતા."સોડી બે આંકડા સીસી જઈ હોત તો માસ્તરનું હું લુટઇ જાત!"એને પોતાની જાત ઉપર ધિક્કાર છૂટયો"હાહરી આ તે કાંઇ જાત કહેવાય.જે લે એ દિયોર આઘા રૉ આઘા રૉ કરઅ.અનઅ આ માસ્તર દિયોર ઓકલીના વેળામઅ મળઅ તો એના ઘોઘળે બેસી લોઈ પીઉ"[૨૦]

વાલામાં સ્વમાનની ભાવના પણ પ્રબળ છે.પોતાના ઘરે મહેમાનો આવવાના હોવાથી એમના માટે દારુની વ્યવસ્થા કરવાની છે.દારુ વેચનારા કેસરાજી કોળાએ વણકરોના ખાદરામાં છાણ નાખી પાણી બગાડયુ હતુ તેથી વાલો કેસરાજી પાસેથી દારુ ન ખરીદતા મોહનજી પાસેથી દારુ ખરીદે છે.આ પ્રસંગ દ્વારા આપણને વાલામાં રહેલી સ્વમાનની ભાવનાના દર્શન થાય છે.નિશાળે છોકરીને ભણાવવાની પહેલ કરનાર આ દલિત પાત્રની હિંમતને દાદ આપવાનું આપણને મન થાય છે.

વાલાની જેમ પશાનાથાનુ પાત્ર પણ કથાની શરુઆતથી માંડીને અંત સુધી નિરુપિત થવા પામ્યુ છે.પશાનાથાના સ્વભાવમાં જોવા મળતુ આખાબોલાપણુ,ગંભીર પરિસ્થિતિમાં પણ મશ્કરી કરી લેવાની આદતને લીધે નવલકથાનું આ પાત્ર વાચક તરીકે આપણું ધ્યાન ખેંચે છે.સાચી વાત કહેવામાં પશાનાથા કોઈની પણ શેહ શરમ રાખતો નથી.વાલાના બોલાવા છતા મીચોરવાસમાંથી કોઇ આવતુ નથી ત્યારે પશા નાથા પોતાના મશ્કરીયા સ્વભાવ પ્રમાણે કહે છે

"જુવો ચેટલી વાટ જોઈ!કોઈ આયું...મું કુંસું કોઈ નઈ આવઅ કચરા.આ મિચોર,હવાર પડઅ એકઅ આભલું તાકઅ અનઅ સેનમા ઢોલ ઢબકાવતા ગોમ્માં નાહઅ! એ તો ગૉમના મરેલા ઢોર સઅ.ગોરખ મારાજે કીધું સઅ જાગતા નર સેવીએ,આ મડદા ઑય ના આવઅ."[૨૧]

મોટી ઉમરનો હોવા છતા એનામાં રહેલો જોમ અને જુસ્સો યુવકને પણ શરમાવે એવો છે.સવાની મદદ લઈને પશા નાથા પત્થર ફેંકનારાઓ પર વળતો પ્રહાર કરે છે.સવર્ણોની અવળચંડાઈથી સારી રીતે પરિચિત હોવા છતા પશા નાથા આ પાર કે પેલે પારની લડાઈ લડી લેવાની વૃતિવાળો છે.

આ ઉપરાંત ઉગરાભગતનુ પાત્ર પણ કથામાં વિશેષ રુપે આવે છે.અન્ય ગૌણ પાત્રોમાં લવજી,કચરો,હરિ,ભીખો જેવા પાત્રોનું પણ નિરુપણ અહીં થયુ છે.

સ્ત્રી દલિત પાત્રોમાં અહી મુખ્ય પાત્ર મણિનુ છે.વર્તમાનમાં વડદાદી રુપે રહેલી મણિની સ્મૃતિમાં આ આખી કથાનુ નિરુપણ થવા પામ્યુ છે.નિશાળે ભણવા જવાનું છે એ બાબતે તે ઉત્સુક છે.નાની હોવા છતા એનામાં રહેલી સમજણ આપણુ ધ્યાન ખેંચે છે.પોતે દલિત હોવાથી સવર્ણો પોતાને નિશાળમાં

બેસવા દેશે નહી એ વાત તે સારી રીતે સમજે છે.અને તેથી જ માસ્તર તેનુ નામ લખવાની ના પાડે છે ત્યારે ભણવા કરતાં ઘરના કામકાજ કરવાનું તેને વધારે ઉચિત લાગે છે.ભણવા કરતાં પોતાના પિતાનુ સ્વમાન જળવાય એમાં જ એ પોતાનું કલ્યાણ જુવે છે.ત્રણ પેઢીનું અનુસંધાન ધરાવતી મણિદાદી દલિત સમાજજીવનમાં થયેલા ભળભાંખળુંને જોઇ શકે છે.દલિત સમાજજીવનમાં આવેલા પરિવર્તનની તે સાક્ષી છે.દલિતોનો શિક્ષણ મેળવવાનો સંઘર્ષ અને એ સંઘર્ષમાંથી પસાર થતા ભોગવવી પડેલી પીડાનો દસ્તાવેજ મણિદાદીની સ્મૃતિરુપે અહી નિરુપિત થયો છે.

અન્ય ગૌણ સ્ત્રી દલિત પાત્રોમાં મણિની મા અંબા,પશી વગેરે પાત્રો દલિત સામજજીવનની સ્ત્રીનું પ્રતિનિધિત્વ કરે છે.

## સવર્ણ પાત્રસૃષ્ટિઃ

સવર્ણપાત્રોમાં નારસંગ મુખી, નાનજી ભગત, ગૌરીશંકર માસ્તર, ઝવેરપરી બાવો, બબો રાત, શનોજી, રમતુજી, કેસરોજી જેવા પુરુષ પાત્રોનુ નિરુપણ થયુ છે.

મિચોલ ગામનો મુખી નારસંગભા મુખીપણાના બધા જ આટાપાટા જાણે છે.એક ખંધો રાજકારણી છે.વાત કહીને ફરી જવુ એ એનો સ્વભાવ છે.પોતાને અંગત લાભ ક્યાંથી મળશે?એમાં આ પાત્રને વિશેષ રસ છે.વણકરો પોતાના બાળકોને શાળામાં મોકલશે તો ધર્મની ફજેતી થશે અને ગામ પોતાના ઉપર માછલા ધોશે એ બીકે તે ગામમાં ઢંઢેરો પીટાવીને વણકરોનો શાળા પ્રવેશ અટકાવે છે તો બીજીબાજુ વણકર વાલા પાસેથી બે રુપિયા,પછેડી અને બકરાના પૈસા પણ પડાવી લે છે.ગામમાં જેને લીધે પોતાના મુખીપણાને આંચ આવી શકે એમ છે એવા નાનજી ભગતથી તે હંમેશા ચેતીને ચાલે છે.વણકર વાલાએ પોતાની દીકરીને નિશાળે મુકવાની હિંમત કરી તેથી નાખુશ થઇને ઠાકોરોની કાન ભંભેરણી કરીને તે દલિત વાસ પર પત્થરમારો કરાવે છે.

સવર્ણ હોવા છતા દલિતોને વિકટ પરિસ્થિતિમાં મદદ કરતું પાત્ર નાનજી ભગતનુ છે.નારસંગમુખીની દલિતોને રંજાડવાની માનસિક વૃતિથી આ પાત્ર સારી રીતે વાકેફ છે અને તેથી જ દલિતોને નારસંગમુખીથી સતત ચેતીને રહેવાનુ જણાવતો અહી આલેખાયો છે.વાલો પોતાની દીકરીને ભણાવવા તૈયાર થયો છે એ બાબતે નાનજી ભગત પુરેપુરો સહકાર આપતા જોવા મળે છે.મુખી પણ નાનજી ભગતના સ્વભાવથી સારી રીતે પરિચિત છે.મુખી પણ નાનજી ભગતની વાતને ટાળી શકતો નથી.ઠાકોરોએ વણકરોના ખાદરામાં છાણ નાખી પાણી બગાડયુ ત્યારે નાનજી ભગત વણકરોને પોતાના કુવેથી પાણી ભરી જવાની વાત કરે છે જેમાં નાનજીભગતમાં રહેલી માણસાઇના આપણને દર્શન થાય છે.

મિયાલ ગામની શાળામાં માસ્તર તરીકે નોકરી કરતો લોકવી ભરામણ ગૌરીશંકરનુ પાત્ર અહી મનુવાદી પરંપરાનુ અનુશરણ કરતુ આલેખાયુ છે.બધાને સમાન ગણી બધાની સાથે સમાન રીતે વર્તે એવા શિક્ષકની વ્યાખ્યામાં બંધ બેસે એવું આ પાત્રનું ચરિત્ર નથી.પોતે પરગામી હોવાથી એને પણ ગામના મુખીની આમન્યા જાળવવી પડે છે અને શિક્ષકનો ધર્મ ભુલી ગામના જ રસ્તે ચાલવાનુ તે વધારે વ્યાજબી ગણે છે.જો કે ગાયકવાડી સરકારનો નિયમ તોડવાની હિંમત તેનામાં નથી.

સવર્ણ સ્ત્રી પાત્રોમાં સોનામા,મુખીયાણી સંતોક,શનોજીની ઘરવાળી મેના,રૂપાબા અહી ગૌણરૂપે નિરુપિત થવા પામ્યા છે.

અહી અગાઉની નવલકથાઓની જેમ સર્જકે પોતાને પ્રિય એવી પીઠઝબકાર પ્રયુક્તિનો વિનિયોગ કર્યો છે.કથાવસ્તુ મણિની સ્મૃતિમાં ચાલતુ અહી આલેખાયુ છે.ત્રીજા પુરુષના કથનકેદ્રથી નવલકથાની માંડણી થઈ છે.પરન્તુ અહી એક પ્રશ્ન એ થાય છે કે કથા મણિદાદીની સ્મૃતિમાં ચાલતી હોય બધા જ પ્રસંગોએ મણિદાદીની ઉપસ્થિતિ ન હોવા છતા એ પ્રસંગો મણિદાદીની સ્મૃતિમાં કઇ રીતે પ્રવેશે?વર્તમાનથી શરુ થતી કથા ભૂતકાળની વાત પ્રસ્તુત કરીને અંતે વર્તમાનમાં સમાપ્ત થાય છે.

## *દલિત પરિવેશઃ*

આઝાદી પૂર્વેના વીસમી સદીના બીજા-ત્રીજા દાયકાના ગામડાની વાત લઈને આવતી આ કથામાં સમય,સ્થળ અને જાતિને અનુરુપ પરિવેશનું નિર્માણ કર્યુ છે.પારુલ દેસાઇ આ નવલકથામાં નિરુપિત પરિવેશ સંદર્ભે જણાવતા કહે છે"આ નવલકથામાં તત્કાલિન દલિત જીવન,તે સમયનાં વાણી વર્તન,રીતરિવાજો,અન્ય સમાજ સાથેના સંબંધો,કાવાદાવા,અછૂતો સાથેનો તમામ પ્રકારનો વ્યવહાર યથાતથ નિરુપાયો છે.તે સમયે થતા રાવણાનાં દૃશ્યો,વણકર સમાજની રોજિંદી દિનચર્યા,તેમના પરંપરિત રીતરિવાજો,તેમની ગુરુપરંપરા,વણકરીના ધંધાની પરિભાષા,કાપડ વણવામાં વપરાતા સાધનોનાં તળપદા નામ-આ બધું સ્વાભાવિક રીતે કથામાં એકરસ બનીને આવે છે અને એને કારણે વિશિષ્ટિ દેશકાળનું ચિત્ર પ્રત્યક્ષ થાય છે."[૨૨]

ડૉ.ડી.એમ.ભદ્રેસરિયા નવલકથાના પરિવેશ વિશે જણાવતા કહે છે"ઉજળિયાતો અને અંત્યજો વચ્ચે ગામડામાં ખેલાતા આંતર-બાહ્ય સંઘર્ષોના સાક્ષી પૂરતું વાતાવરણ કૃતિમાં ગ્રામીણ પરિવેશનો સાક્ષાત્કાર કરાવે છે.ગામ વચ્ચે કે ખેતરે ગોઠવાતા રાવણાં,મણિના લગ્ન વખતના ફટાણાં કે નાતના રિવાજ,ગુરુની પધરામણી અને પાટની માંડણી વગેરે વાચક સમક્ષ આવે છે ત્યારે ઉત્તર ગુજરાતનો ગ્રામસમાજ દશ્યમાન થયા વગર રહેતો નથી."[૨૩]દલિત સમાજજીવનના રીતરિવાજો, ઉત્સવ, વ્યવસાય, લગ્નપ્રસંગ, ગુરુપરંપરા, ગામડામાં જોવા મળતી અંધશ્રદ્ધા, આભડછેટ, પાપ-પુણ્યની માન્યતાઓ, સવર્ણોનો દલિતો સાથેનો વ્યવહાર વગેરે પરિવેશનુ નિર્માણ કથાને ઉપકારક થાય એ રીતે કર્યુ છે.

## *ભાષા-બોલીઃ*

દલિત નવલકથાની ઓળખ ઊભી કરવામાં અથવા તો એમ કહી શકાય કે દલિત નવલકથાને મુખ્ય ધારાની નવલકથાથી જુદી પાડી આપતી એક મહત્વની વિશેષતા તે નવલકથામાં પ્રયોજાયેલી તેની ભાષા છે.ભાષા એ અભિવ્યક્તિનું પ્રબળ માધ્યમ છે.આઝાદી પૂર્વેની આ કથામાં સર્જકે તત્કાલિન ગ્રામિણ સમાજમાં વસતી વિવિધ જાતિઓને અનુરુપ ભાષા-બોલીમાં આ કથાની માંડણી કરી છે.પાત્રગત ભાષામાં તળપદી બોલીનો અને કથકની ભાષામાં શિષ્ટ ભાષાનો વિનિયોગ સર્જકે અહી કર્યો છે.વર્તમાનકાળમાં દલિતોની સ્થિતિમાં એમના જીવન ધોરણમાં સુધારો થયો હોવાથી શિષ્ટ ભાષા બોલે છે.વડદાદી બનેલી મણિનો પ્રપૌત્ર મયંક અંગ્રેજી શબ્દો બોલતો થયો છે.મણિની સ્મૃતિમાં ચાલતી કથાનો ગ્રામિણ સમાજ

તળપદી બોલીમાં આલેખાયો છે.દલિતોને વેઠવા પડેલા સવર્ણોનાં અત્યાચાર,દલિતોની પીડા,રોષ વગેરે અહી એમની તળપદી ભાષામાં અભિવ્યક્ત થવા પામ્યુ છે.તત્કાલિન ગ્રામિણ દલિત સમાજ દ્વારા બોલાતા રુઢિપ્રયોગો-કહેવતોને સર્જક અહી લઈ આવ્યા છે જેમકે

"કાળા કાળા મકોડા નઅ રાતી રાતી ઝૅમેલો"

"ભાભો ભારમઅ તો વઉ લાજમઅ"

"જેવો આથ એવી પસેડી"

"વીંછી છાણે ચઢાવવો"

"ઊંટે કાઢ્યા ઢેંકા તો મનેખે કર્યા કાઠા"

"ડોળિયાવાળાનું ડોળિયું મસાલવાળો માથું કુટઅ"

"ખલી ભોર ભરી જઈ"

"વીંછીનુ મોઢું હું ખાહડું"

"હૌવનું થહઅ એ વઉનું થહઅ"

"હાડીયાનું અહવું નઅ દેડકાનો જીવ જાય"

"ખાતી વખત ખાલપું ન કોમ કરતઅ ગરોડું"

"ચોરનઅ કે ઉજાજે ન સાવકારનઅ કે આપડી મળજે"

"ગાંડમઅ પૂંસડું ઘાલીનઅ માંય પેહી જવુ"

"ચોખો રોટલો ચૉરે ખાવ"

"ડાકલું વેરઈ જ્યું"

"થુંકાઈ નઈ નઅ ગડાય નઈ"

"ઓઠ હાજા તો ઉત્તોર ઝાઝા"

"નાગા કુલઅ નગારા નઅ વાજ્યાં ઈમ વગાળઅ"

"જેટી ગવાર ખાવા જાય"

"મેલીનઅ ઈહ...બેહઅ વીહ"

આ ઉપરાંત એ સમયે દલિતોના રોજબરોજના વ્યવહારમાં પ્રયોજાતા શબ્દો અહી આવતા દલિત પાત્રોની બોલીમાં પ્રયોજ્યા છે જેમકે

'તરઘટ', 'સરધણી', 'કરગટિયાં', 'આડી', 'ઑધરાં', 'ફેંચોણો', 'ગવાડો', 'ચીહો',૮ 'વાહણ', 'મોરવી', 'હોરાટી', 'પંજેડવા', 'ઉલકું', 'બુંગુ', 'ઠાહબંધ', 'પાંજણું'વગેરે ઉપરાંત વણાટકામમાં ઉપયોગમાં લેવાતી વસ્તુઓના નામ 'સાળ', 'સરાક', 'ઓજું', 'રાશા','હાંધણી', 'ઠાલીઓ', 'દોળિયો', 'તારભૈણી'વગેરે.

પાત્રોના મનોસંચલનોને પાત્રો વચ્ચેના સંવાદમાં અને ક્યાંક એકોક્તિ દ્વારા અભિવ્યક્ત કરતા જોવા મળે છે.મુખીમાં રહેલું સત્તાનું અભિમાન બબારાત સાથેના સંવાદમાં અભિવ્યક્ત થાય છે એ સંવાદ જોઇએ

"મુખીભા...આ ઢેઢાંનઅ બોલાઇએ કઅ નઇ?"

"દિયોર!ઇમનું તારઅ હું કોમ સઅ?તારા સોકરાના વીવામઅ લઇ જવા હોય તો જા કે જે.આય તો ઇમનો ન્યાય કરવાનો સઅ.ડફોળ ઇમની આજરીમઅ થાય ખરો?"

મુખીનો ગુસ્સો ફાટેલો અને બબારાતની ડાકલી સીવાઇ ગયેલી.બધા ભેગા થવા લાગ્યા.રામ...રામ કરી વડ નીચે ઢાળેલા ખાટલા અને વડ ફરતે લીંપેલા ઓટલે બેઠા.બબોરાત મુખીને ઘેરથી એક રુપેરી હોકો અને રાંઘા દાંડના ઘેરથી પિત્તળીયો હોકો લઇ આવ્યો.વડ નીચે લાકડા અને કરગટિયા સળગાવી બન્ને હોકા ભરી તૈયાર કરી દીધા.રુપેરી હોકો મુખીના હાથમાં આપ્યો.મુખી હોકાના કસ ખેંચવા માડયા.ગુડ...ગુડ...ગુડ અને ભેગા થયેલા માણસો તરફ નજર ફેરવી બોલ્યાઃ

"અલ્યા બબા,ઓકા માંડવામઅ તારો આથ જબરો હો...તારો ભા જબરો ઓકો માંડતા.ચેવો મધરો મધરો આવ સઅ જાણઅ અફણની ગોળી ટટકાચી."

પછી વિચાર કરી ઉમેર્યુ

"આ બાવોજી દેખાતા નહી."

ઍ તો પરગૉમ જ્યા સઅ.અનઅ ઓકામઅ તો એવું સઅ ભા...તમારા જેવાના ઓકા માંડી આથ બેહી જ્યો."

"ઇમ નઇ બબા,બવ ચોપડવુ હારુ નઇ,તમારી જાત જ લેંટવી હારું કીચે એકઅ મંછ્યા આળોટવા."

મુખીની વાતે બબારાતને માઠું લાગ્યું પરંતુ સાંભળી રહ્યા વિના કોઇ ઉપાય નહોતો.તેણે મુખીને મનમાં બે-ચાર ચોપડાવી ને મનમાં બબડયો

"મારું હેંડ તો દિયોર!મુતરનો ઓકો ભરી આલું.આખા ગૉમનઅ લૂટી સરધણી થઇ જ્યાં સઅ તેં."[૨૪]

આ ઉપરાંત મુખીનુ મીંઢાપણુ,નાનજીભગતની દલિતો પ્રત્યેની તરફદારી,પશાનાથાની લડી લેવાની વૃત્તિને એની ભાષાગત બોલીના લચ-લહેકામાં અભિવ્યક્ત કરી આપી છે.પારુલ દેસાઇ નવલકથામાં

પ્રયોજાયેલ ભાષા-બોલી-સંવાદ વિશે જણાવતા કહે છે"દેશકાળ,પાત્રની સામાજિક અવસ્થા,ઘટના-પ્રસંગ-અનુસારી પાત્રની માનસિકતા-આ સઘળી બાબતોને લક્ષ્યમાં લઈને,પાત્રના સંવાદો,પાત્રના આંતર સવાંદ મનોમયતાનું નિરુપણ,પાત્ર -પ્રસંગ- સ્થળ-કાળ વિશેના નવલકથાકાર દ્વારા થતાં કથન વર્ણનનું ભાષાપોત અહીં ઘડાયું છે.નવલકથાકારે પાત્ર-મનની અવળસવળ ગતિસ્થિતિ બહુધા કહેવતો જેવી કે રઈ રઈ ઉતરી જજો,મેઠું મેઠું ચડી જજો,ધૂળની મા રસ્યા,હાડીયાનું અહવું નઅ દેડકાનો જીવ જાય કે પછી ડાકલું વેરઈ જવું,વહાણ લઈ આવવા જેવા રુઢિપ્રયોગો અને ગામમાં પ્રચલિત વિશિષ્ટ પ્રયોગો તેમજ અલ્પપરિચિત શબ્દાવલિથી પ્રત્યક્ષ વ્યક્ત કરી આપી છે."[૨૫]

બાબુ દાવલપુરા નવલકથામાં પ્રયોજાયેલી ભાષા સંદર્ભે વાત કરતા જણાવે છે"તળપદી સ્થાનિક લોકબોલીનો વિનિયોગ કાર્યસાધક રુપમાં કરવાની ફાવટ લેખકમાં હોવાથી પાત્રા-પ્રસંગ-પરિસ્થિતિઓ અને તજ્જન્ય ચરિત્રગત મનઃસ્થિતિઓનું ચિત્રણ સાહજિક અને પ્રતીતિકર બની શક્યુ છે.દલિત અને અદલિત સમાજના લોકોની વાણીમાં કહેવતો-રુઢિપ્રયોગોનાં સાર્થ વિનિયોગને કારણે પાત્રો જે સમય અને સમાજમાં શ્વસે છે તેનો પરિવેશ સાહજિક સ્પર્શક્ષમ રુપમાં ઉપસી આવે છે.સંવાદ,વર્ણન,કથનગત ગદ્યની માવજતમાં જોવા મળતી લેખકની અભિવ્યક્તિગત સૂઝ સજ્જતા આ નવલકથાનું મોટુ જમા પાસું છે."[૨૬]

ભાષા સંદર્ભે કઈક આવુ જ મંતવ્ય ડૉ.ડી.એમ.ભદ્રેસરિયાનુ છે"ગામડાનો નર્યો વાસ્તવ જીવંત બનાવવામાં સહાયક ભૂમિકા ભજવતા તળપદી-લોકબોલી-ભાષા જ્યારે યથોચિત ખપમાં લેવાય છે ત્યારે કૃતિ-કર્તા બન્નેના પ્રયોજનો ફલિત થાય છે.એ ન્યાયે ભળભાંખળુંની ભાષા-સંવાદશૈલી ધ્યાનાર્હ બને છે.અહીં ગ્રામીણ સમાજમાં બોલીના લય-ઢાળ-લહેકા અને પાત્રોના મનોજગતને વાચક સમક્ષ ઉઘડતા સંવાદો સાહજિક આલેખાયા છે.અહી ઉજળિયાત અને દલિતસમાજમાં વીસમી સદીમાં ને આજેય બોલાતી લોકબોલીને તેના અસલ મિજાજમાં મૂકી આપતા સર્જકની ભાષાભિવ્યક્તિ કૃતિનું જમા પાસું બન્યુ છે."[૨૭]

## ***નવલકથામાંથી ઊભુ થતું દલિતજીવન વિશેનું લેખકનું દર્શનઃ***

હિન્દુત્વવાદી માનસિકતા તેની કથની અને કરનીમાં કેટલુ મોટું અંતર રાખે છે એનો ખ્યાલ આપણને તેની વસુધૈવ કુટુમ્બકમની ભાવના દ્વારા જ મળે છે.વિશ્વને તો ઠીક એ પોતાના જ ધર્મના એક વિશાળ વર્ગને અસ્પૃશ્ય ગણી તેની સાથે સામજિક-સાંસ્કૃતિક સંબંધો તો ઠીક ઊઠવા-બેસવાનો પણ સંબંધ રાખતો નથી.સર્જકનું કંઈક આવુ જ દર્શન આ કથા દ્વારા અભિવ્યક્ત થવા પામ્યુ છે.જાતિનો સળો હિન્દુ ધર્મમાં કેટલો ઊંડાઈથી ઘર કરી ગયો છે એનો ખ્યાલ અહી નિરુપિત હિન્દુસમાજ દ્વારા મળે છે.સવર્ણો-દલિતો વચ્ચે તો ઠીક અહીં તો દલિતવર્ગની અંદર પણ ઉચનીચનો ભેદભાવ જોવા મળે છે.બ્રાહ્મણવાદી માનસિકતાનો રોગ દલિતોમાં પણ કેટલી તીવ્રતાથી પ્રસર્યો છે એનો ખ્યાલ અહી આલેખાયેલા દલિતસમાજ દ્વારા મળે છે.ધર્મની આમન્યા જાળવવા માટે હિન્દુ સવર્ણવાદીઓએ દલિતોના એક વિશાળ વર્ગને હજારો વર્ષથી અશિક્ષિત રાખ્યો.ભૂલથી પણ જો દલિત યજ્ઞયાગના શ્લોકનું શ્રવણ કરી લે તો એના કાનમાં ઊકળતું શિશુ નાખવાની સજા થતી એવો કાયદો મનુસ્મૃતિમાં છે.

મણિદાદીની સ્મૃતિમાં ચાલતી કથા ત્રીજા પુરુષના કથનકેદ્રથી આલેખીત થવા પામી છે.વિષય દ્દષ્ટિએ જોઈએ તો આ નવલકથા દલપત ચૌહાણની અગાઉની બન્ને નવલકથાઓ કરતાં વિશેષ ધ્યાન ખેંચે છે.સર્જકે અહી દલિત સમાજની મર્યાદાઓ તરફ આંખ આડા કાન કર્યા નથી.દલિતસમાજમાં જોવા મળતી આંતરિક અશ્પૃશ્યતા,દારુ પીતો દલિતસમાજ જેવી બાબતોને અહી સર્જકે તટસ્થતાપૂર્વક નિરુપી આપી છે.નવલકથામાં અને તેમાંય દલિત કથાવસ્તુવાળી નવલકથામાં જોવા મળતા રંજકતાના તત્વથી તેઓ અહી દુર રહ્યા છે.શિક્ષણના પ્રશ્નને કેંદ્ર બનાવીને સર્જકે અહી દલિત સમાજના આર્થિક,સામાજિક,સાંસ્કૃતિક પાસાઓને વિશેષ વ્યક્ત કરી આપ્યા છે. તેથી જ બાબુ દાવલપુરા કહે એમ"નવલકથામાં નિરુપિત દસ્તાવેજી વિગતો સમાજવિજ્ઞાનના અભ્યાસીઓને ઉપયોગી તેવી મૂલ્યવાન છે.લેખકમાં પ્રમાણભાન હોવાથી આ દસ્તાવેજી કોટિની કથા ક્યાંય નિરસ નથી બનતી"[૨૮]પારુલ દેસાઈ આ નવલકથા વિશે જણાવતા કહે છે"રંગદર્શીતાથી દૂર રહીને દલપત ચૌહાણ વાલા અને અંબાની દીકરી મણિને ભણાવવાના નિમિત્તે સવર્ણોના પ્રભુત્વમાં જીવતા દલિતસમાજની વાસ્તવિકતા અને એમાંથી બહાર નીકળવા માટેની મથામણને પ્રગટ કરે છે.નવલકથાની વિષય પસંદગી,સમય પસંદગી તેમજ સ્થળ પસંદગી નવલકથાકાર દલપત ચૌહાણમાં રહેલા જાગૃત સમાજપ્રહરી અને સુસજ્ઞ કલાકારનું પ્રતિનિધિત્વ કરે છે."[૨૯]નવલકથાનું શીર્ષક ભળભાંખળું નવલકથામાં નિરુપિત દલિતચેતનાને જોતા યોગ્ય પુરવાર થાય છે.નવલકથાની પ્રસ્તાવનામાં દલપત ચૌહાણ નવકથાને અપાયેલ શીર્ષક વિશે પરોક્ષ રીતે વાત કરતા કહે છે"ભળભાંખળું સવારનો એવો સમય છે,જ્યારે રાત્રિ નથી.દિવસ નથી.ન અજવાળું છે ન અંધાર.ભાંભળો ભાંભળો સૂરજ ઉગવાનો આભાસ છે.સૂર્ય ઊગવાની પ્રતીક્ષા છે.એ ધૂંધળાશને લાલીમામાં ફેરવી સૂર્ય ઊગે છે.પણ...દલિતો માટે સૂરજ ઊગે તે પહેલા અંધકારના પડઘમ વાગી રહ્યા છે"[30]અહી દલિતોમાં આવેલી જાગૃતિ-ચેતના પણ ભળભાંખળું સમાન છે એમ વાચી શકાય.પોતાના ઉપર થતા અન્યાય-અત્યાચારને સહન ન કરી લેવાની વૃતિ અને સવર્ણો સામે અવાજ ઉઠાવવાની વૃતિનો આરંભ ભાંભળો ભાંભળો સૂરજ ઊગવાનો આભાસ વ્યક્ત કરે છે.દલિતોમાં આવેલી એ જાગૃતતાને દબાવવાનો પ્રયાસ મનુવાદી સવર્ણો દ્વારા અહી થયો છે.

આમ,આ નવલકથા દલિતોની સામાજિક વાસ્તવિકતાને પ્રગટ કરવાની સાથોસાથ કલાકીય માપદંડોની દ્દષ્ટિએ પણ યોગ્ય અને ઉચિત ઠરે છે.

સંદર્ભ સૂચિઃ


૧..ભળભાંખળુંઃદલપત ચૌહાણ,પ્ર.આ.૨૦૦૪,પૃ-૫

૨.એજન,પૃ-૪

૩. એજન,પૃ-૧૦

૪. એજન,પૃ-૧૧

૫. એજન,પૃ-૧૨

૬. એજન,પૃ-૧૪

૭. એજન,પૃ-૧૪

૮. એજન,પૃ-૧૯

૯. એજન,પૃ-૨૭

૧૦. એજન,પૃ-૩૩

૧૧. એજન,પૃ-૬૭

૧૨. એજન,પૃ-૧૮૦

૧૩. એજન,પૃ-૧૮૦

૧૪. એજન,પૃ૧૮૧

૧૫. એજન,પૃ-૧૬૨

૧૬. એજનપૃ-૧૬૨

૧૭. એજન,પૃ-૨૧૦-૨૧૧

૧૮.પારુલ દેસાઇ,ખેવના-સુમન શાહ,સપ્ટે-૨૦૦૫,પૃ-૫૨

૧૯.ભળભાંખળુંઃદલપત ચૌહાણ,પ્ર.આ.૨૦૦૪,પૃ-૩૮

૨૦. એજન,પૃ-૪૬

૨૧. એજન,પૃ-૭૦

૨૨.ભળભાંખળુંઃદલપત ચૌહાણ,પ્ર.આ.૨૦૦૪,પૃ-૧૬

૨૩.પારુલ દેસાઇ,ખેવના-સુમન શાહ,સપ્ટે-૨૦૦૫,પૃ-૫૩

૨૪.ડૉ.ડી.એમ.ભદ્રેસરિયા,તાદર્થ્ય,સપ્ટે-૨૦૧૧પૃ-૩૫

૨૫.ભળભાંખળું:દલપત ચૌહાણ,પ્ર.આ.૨૦૦૪,પૃ-૨૨-૨૩

૨૬.પારુલ દેસાઈ,ખેવના-સુમન શાહ,સપ્ટે-૨૦૦૫,પૃ-૫૪

૨૭. બાબુ દાવલપુરા,વિ-વિદ્યાનગર સપ્ટે-૨૦૦૮,પૃ-૨૬

૨૮.ડૉ.ડી.એમ.ભદ્રેસરિયા,તાદર્થ્ય-સપ્ટે-૨૦૧૧,પૃ-૩૭

૨૯. બાબુ દાવલપુરા,વિ-વિદ્યાનગર સપ્ટે-૨૦૦૮,પૃ-૨૬

૩૦. ૨૩.પારુલ દેસાઈ,ખેવના-સુમન શાહ,સપ્ટે-૨૦૦૫,પૃ-૫૧

૩૧.ભળભાંખળું:દલપત ચૌહાણ,પ્ર.આ.૨૦૦૪,પૃ-૬

## ‘રાશવા સૂરજ’(પ્રથમ આવૃતી ૨૦૧૨)

‘રાશવા સૂરજ’એ દલપત ચૌહાણની ઈ.સ ૨૦૧૨માં પ્રગટ થયેલી ચોથી નવલકથા છે.આ નવલકથા તેમની ત્રીજી નવલકથા ‘ભળભાંખળું’નો ઉત્તરાર્ધ છે.પોતાની નવલકથાઓને સ્પષ્ટ રીતે‘દલિતોના સામાજિક ઈતિહાસ’તરીકે ઓળખાવતા સર્જક‘ભળભાંખળું’ની અધુરી કથાને આ કૃતિ દ્વારા આગળ વધારે છે.‘બદલાતા સમયનું કડવુ સત્ય’નામના લેખમાં ગુણવંત વ્યાસ જણાવે છે"ભળભાંખળુંના ઉત્તરાર્ધ રૂપે મળતી‘રાશવા સૂરજ’દલપત ચૌહાણની ચોથી નવલકથા.‘મલક’આવકારપાત્ર પણ‘ગીધ’તો પોંખવા યોગ્ય.પ્રતિબદ્ધતા અહીં બધે જોવા મળે.દલિત સમાજનું વાસ્તવ ચિત્ર એના અસલ મિજાજ સાથે બધે પરખાય.પોતીકા સમાજના સત્યને તેના ખરા રૂપે-રંગે આલેખવાનો સર્જકયત્ન અનુભવ જગતના ઊંડાણમાંથી ગતકાલીન વાસ્તવના વીતકોને ક્રમબદ્ધ મુકી આપે.પરિણામે સમાજના વિકાસનો એક ગ્રાફ રચાતો અનુભવાય.શીર્ષકો તેના સંકેતો બની રહે.આઝાદી પૂર્વેનો વણનોંધ્યો ઈતિહાસ થોડીક દસ્તાવેજી સામગ્રી પણ પૂરી પાડે.ઈતિહાસ માત્ર રાજકીય જ હોય એવુ થોડુ છે,સામજિક પણ હોય,પણ સમાજે જેની નોંધ સુધ્ધા ન લીધી હોય નગણ્ય જ માન્યા હોય તેવા દલિતોનો ભૂતકાળ એના સાક્ષી રહી ચૂકેલા કોઇ દલિત સર્જક દ્વારા શબ્દબદ્ધ થાય ત્યારે તેની વિશ્વસનીયતા વધી જતી હોય છે.રાશવા સૂરજ તેનુ ઉદાહરણ છે."[૧]‘રાશવા સૂરજ’ કૃતિમાંથી પસાર થતા ઉપર્યુક્ત મંતવ્ય સાથે આપણે સહમત થવુ પડે છે.

કથાસારઃ

બાવીસ પ્રકરણોમાં વહેચાયેલી આ કથાનું પ્રારંભબિંદુ‘ભળભાંખળું’નવલકથામાં પડેલુ છે.વાલા-અંબાની દીકરી મણિના લગ્નમાં ગામની વિરુદ્ધમાં જઇ વરતમાં ચરુડી-ઘૂણિયો આપવાનુ સાહસ દલિતોએ કર્યુ તેથી વિફરેલા ગામના ઉતાર ઠાકોર-કોળાઓએ જાન ઉપર હુમલો કર્યો એવા ઉત્તેજક પ્રસંગથી આ નવલકથાની શરુઆત થઇ છે અને કથાનો વિરામ મણિના આણા સાથે આવે છે.અહી કથા વિરામ પામે છે પૂર્ણ થતી નથી.લેખક પોતે કથાના અંતે કોઇ કથા ક્યારેય પૂર્ણ થતી નથી એમ જણાવે છે.અગાઉની નવલકથાઓની જેમ આ નવલકથામાં પણ આઝાદી પૂર્વેના બે દાયકા દરમ્યાન જીવી ગયેલો દલિત સમાજ નિરુપિત થવા પામ્યો છે.સર્જકને અહી કોઇ એકલ-દોકલ દલિત પાત્રની વ્યથા કથા આલેખવી નથી પણ સમગ્ર દલિત સમાજ આ કથાના કેંદ્રમાં છે.ગામડા પ્રત્યે સર્જકને તિરસ્કૃત ભાવ કયા કારણોસર છે?એનો ખ્યાલ એમની કથાઓમાં પ્રસ્તુત થવા પામેલા ગામડા દ્વારા મળે છે.જાન પર હુમલો થતા ગભરાયેલા દલિતો વચ્ચે થતી વાતચીત દ્વારા ગામડાની અમાનુષીતાનો પરિચય કથાના પ્રારંભે આપણને થાય છે.જાનને ગામના ગોંદરે સુધી વળાવવા ગયેલા પશાનાથા દ્વારા વ્યક્ત થતો સવર્ણો પ્રત્યેનો ગુસ્સો-રોષ હવે વધુ સહન નહી કરવાની અને સામે પડકાર ફેંકવાની દલિતોમાં આવેલી હિમતનો ખ્યાલ આવે છે.દલિત વણકર લગ્નમાં ચરુડી-ઘૂણિયો આપી જ કેમ શકે?એમ વિચારતી ગામની ઉતાર જાતિ કોળા-ઠાકોરોએ જાન પર હુમલો કરી દલિતોના સ્વમાન ઉપર ઘા કર્યો.આ ઘટનાથી હતપ્રભ થયેલા પશા નાથાની માનસિકતાને સર્જકે અહી કથક દ્વારા વ્યક્ત કરી આપી છે તે જોઇએ.

"પશા નાથા અકળાયેલા હતા,એમના મનમાં ઘણીબધી ભાંજગળ ચાલતી હતી.આજનો દાવ ચૂકી ગયાનો એમને વસવસો હતો.જાન પર ગોંદરે હુમલો થયા પછી બીજીવાર ગોંદરે જતા તેમની જીભ જાણે સિવાઇ ગયેલી.એ વાલાની વાત સાંભળી થોડીવાર ગંભીર થઇ ગયા.મગજની નશો ફાટફાટ થવા માંડી.આખા શરીરની રુવાંટીઓ ઊભી થઇ ગઇ.શરીરમાં ફફડાટ છૂટયો.અવાજ સહેજ મોટો થઇ ગયો."[૨]

પણ વાત જાન પર હુમલા સુધી જ અટકતી નથી.વણકરોના ખાદરામાં છાણ નાખી પાણી બગાડવા સુધીનો પ્રયત્ન થાય છે.પશા નાથાની જાગૃતિથી એમ બનતા અટકે છે.તાલુકે વણાટ વેચવા ગયેલા પશા નાથા વિફરેલી ગાયના મારથી સ્ત્રીઓને બચાવે છે.જે સ્ત્રીને બચાવે છે તે ફોજદારની પત્ની નીકળે છે.પોતાના જીવને જોખમમાં મુકી ગાયના મારથી પોતાને બચાવનાર પ્રત્યે આભાર વ્યક્ત કરવાને બદલે વણાટકામનું પોટલું જોઇ પેલી સ્ત્રી આકુળ-વ્યાકુળ થઇને ગાળો ભાંડવા માંડે છે.ગાયના માર કરતાં એક અસ્પૃશ્યને અડી જવાયું એની પીડા વધારે થાય છે.

"તેની નજર દૂર ઊભા કોણીએ વાગેલા ઘા પર ધૂળ નાખી લોહી સાફ કરતા પશા નાથા પર પડી.દૂર પડેલુ વણાટનું પોટલુ જોયું.એનાથી મોટેથી બોલી જવાયુ"અલી આ...તો ઢેડ!"એનો જીવ કકળી ઊઠયો.એણે એનો ખભો પકડી ગાય પાસેથી છોડાવી હતી,એનો રબારી તરફનો ગુસ્સો પશા નાથા તરફ વળ્યો.

"અરર...તારી બુન્ના ઘણી!કાંઇ ભાનબાન સઅ કઅ નઇ!ઢેડ થઇનઅ મારો આથ ઝાલ્યો?મનઅ અભડાઇ...તારી..."[3]

પોતે જેને બચાવી છે એ ફોજદારી સ્ત્રી છે એમ જાણ્યા પછી ગભરાયેલો પશા નાથા ઉતાવળો થઇ ઘરે જવા નીકળે છે.પણ રસ્તામાં જ ફોજદાર મળી જાય છે.પોતાની પત્નીને અકસ્માતમાંથી બચાવનાર પશા પ્રત્યે ફોજદાર સહાનુભૂતિ બતાવે છે અને કાંઇ મુશ્કેલી હોય તો જણાવવાનું કહે છે.એમ પુછતા જાન પર થયેલા હુમલાની વાત પશા નાથા ફોજદારને કરે છે.ફોજદાર આ બાબતે તપાસ કરવા ગામમાં સિપાઇઓને મોકલે છે.રિપોર્ટ કરવા આવેલા જમાદારને કોથળી ભરીને રુપિયા આપી વાતને મુખી દબાવી દે છે.ગામમાં આવેલા જમાદારથી ગભરોલા સવર્ણોમાં એક વાતની બીક તો પેસી જાય છે કે ઢેઢ વતાબ્બા હારા નઇ.

આણું તેળવા ગયેલા પશા નાથા,વાલો વગેરેને બબારાત દ્વારા બે-ત્રણ દિવસ દરમ્યાન ગામમાં બનેલી ઘટનાઓની જાણકારી મળે છે.ગામના કુંભાર શંકરની છોકરી સવિ સાથે ગામના ઉતાર અનારજીએ બળજબરીથી શરીર સંબંધ બાંધ્યો.એને ગર્ભ રહેતા લોકલાજે કુવામાં પડી આત્મહત્યા કરી.ગામમાં આ બાબતે ફોજદાર આવતા મખ્ખીચૂસ મુખીએ અનારજી પાસેથી ખેતર પડાવી લીધુ અને વાત છૂપાવવા ફોજદારને રુપિયા આપ્યા.સાચી વાતની જાણ હોવા છતાં શંકર કુંભાર કે ગામનો આગેવાન બેચર નાત પંચ આગળ સાચી વાત કહી શકતા નથી.અને તેથી જ કાળું કામ કરનાર અનારજી ભર્યા તળાવમાંથી કોરોકટ્ટ નીકળી જાય છે.આ પ્રસંગ દ્વારા એક વાત તો સ્પષ્ટ થાય છે કે સવર્ણ કોળા-ઠાકોરો સત્તા અને શક્તિના જોરે દલિત-અસ્પૃશ્યોને જ નહી જે સ્પર્શ્ય છે એ કુંભાર જાતિને પણ પજવવામાં પાછી પાની

કરતા નથી.સાંમતશાહી પરિવેશની આ ઘટના સત્તા ભોગવનાર અને ગુનો કરનારા વચ્ચેની આપસી સાંઠ-ગાંઠને ખુલ્લી પાડી આપે છે.

દલિતોને સતત દબાવી દેવાનો પ્રયત્ન ગામના સવર્ણો અને એમાં પણ કોળા-ઠાકોરો કરતા જોવા મળે છે.ગામનો ઉતાર ગલબાજી ખેતરની વાડ બહાર બળતણ વીણી રહેલા મણા મિયોરના છોકરાનો હાથ ભાંગી નાખે છે.ખોટો આરોપ મુકીને વીરાને મારનાર ગલબોજી ઉપરથી પંચ આગળ ફરિયાદ કરે છે.ગુનો કરવા છતા તેને કોઇ સજા થતી નથી.મિયોર લોકોને આવી બાબતે વણકરો મદદ કરતા નથી.એકબીજાથી દૂર રહેવાનો પ્રયત્ન દલિતોમાં જોવા મળતી પેટા-જાતિઓ કરે છે.તેમનામાં એકતાનો અભાવ છે.મનો મિયોર પશા નાથા અને નાનજી ભગતના લીધે સજામાંથી બચી જાય છે.તો સામે કુંભારની છોકરીના આપઘાતમાં ઠાકોર દંડાતા ગામના ઠાકોર ચુવાનોનું લોહી ઊકળી ઊઠે છે

"હાહરું...આ ભાંભી!ભર્યા તળાવમથી કોરું નેંહરી જ્યું!"

"ભિચા!જ્યાં કાલની વાત ભૂલી જા...આજનું કોય?"

"મિયોરનઅ...પલાળીએ?"

"ઓહોહો...તમે પલાળોય..."

"આડું ના બોલોય....રાતી ભાળોય..."[૪]

ઠાકોર-કોળાઓની થતી ઉશ્કેરણી મિયોરવાસ પર આફત લઇને આવે છે.ગીધમાં પણ ઈસા માટે આફત આ પ્રકારની ગામમાં ચુવાનો વચ્ચે થતી ઉશ્કેરણી દ્વારા જ ઊભી થાય છે.

સ્પૃશ્ય-અસ્પૃશ્યની સવર્ણોની બેધારી મનુમાન્યતા પ્રત્યે કટાક્ષ વેરતા અનેક પ્રસંગો સર્જકે અહી નિરુપિત કર્યા છે.જેમકે ઉગરા ભગતને માદેવના પૂંજારી બિલીપત્રના ડાળા કપાવવા ઝાડ ઉપર ચઢાવે છે.પોતાના હાથથી ડાળા કાપીને ભગત નીચે નાખે છે પણ ડાળા કાપ્યા પછી ઝાડ પરથી નીચે ઉતરેલા ભગતથી ડાળા અડકી શકાય નહી એમ પૂજારી કહે છે.આ આખો પ્રસંગ નોંધવા જેવો છે.

"ઉગરા...ધારિયું લેઈ ચઢી જા.બીલી ઉપરિયા."

કેટલા વરસ થયાં એ વાતને?એ જાણે બીલી ઉપર ચઢી રહ્યા છે.એક ડાળ,બીજી ડાળ...સડસડાટ.

"એ ડાળે ઊભો રોચ,ડાળાનઅ ટચકો મારોચ,જોજે આથ ના અડાડોચ ડાળું અભડાવોચ!"

હજી એ શબ્દો તાજામાજા છે.ધડાધડ ધારિયાના ઘા ઉપર ઘા તેમને સંભળાઇ રહ્યા.એક પછી એક બીલીના ડાળખાં નીચે પડી રહ્યા છે.એ કામ પુરુ કરી નીચે ઉતરે છે.સામે પૂજારી,ગોરભા...મંદિર બધું ચક્કર--ચક્કર ભમે છે.એ કહે છે.

"ગોરભા?ગૉમ આઘું સઅ,મું ડાળા ઉપાડી લ્યું?"

"ના,ગાંડા,ભૈ,એવુ ના કરોય,તું અડે બીલી અભડાવોય!પસઅ માદેવનઅ ના ચડોય."

"તમે ઉપાડી લેહો!"

"જો,પેલી શકરીયાની ઝેંકલી આવઅ!એ ઉપાડી લેવોય..."

ઝેંકીએ નીચે પડેલા ડાળા ભેગા કરી ભારી બાંધી,ગોરભાએ ડાળાઓને લોટામાંથી પાણી છાટયું,ઝેકી...શકરા વાઘરીની ઝેંકી શ્યામરંગી છોડી નાહ્યા ધોયા વિનાની.માથાના વાળ ફગફગ!ભગતે આંખો મીચી દીધી."[૫]

પોતાના બોટેલા દેવતાઓની પૂંજા અંત્યજો કરે એ સવર્ણો જરા પણ સાંખી લેતા નથી.અને તેથી અહીં ઉગરો ભગત બીલીજરામાં જે પથ્થરને મહાદેવ ગણી પૂંજા કરતો ત્યાં પૂંજારીને સ્વપ્નામાં આવેલા મહાદેવની આજ્ઞાથી ગામના લોકો નવું મંદિર બાંધવાનું નક્કી કરે છે.ઉગરો ભગત ચોરી-છૂપીથી બીલીજરામાં મહાદેવની પૂંજા કરે છે એ વાત જાણી મુખી બોલી પડે છે"ઢેઢના માદેવ!...કળજગ આયો.ઢેઢાનચ માદેવ વળજ્યા.અમઅ ઢેઢ ભરામણ થવોય"[૬]

ગામમાં મહાદેવનું નવુ મંદિર બાંધવા માટે દલિતો પાસેથી ગામ ઉઘરાણુ નહી લેવાનું અને સાથોસાથ મજુરીએ પણ નહી બોલાવવાનુ નક્કી કરે છે ત્યારે દલિતોમાંના કેટલાક દુઃખી થાય છે તો કેટલાક વેઠ મજુરીમાંથી છૂટકારો મળશે તેથી રાજી થાય છે.અહી પશા નાથા દ્વારા થતો કટાક્ષ સવર્ણોની અંધ માનસિકતા ઉપર તીક્ષ્ણ પ્રહાર કરે છે.પશા નાથાના મોસાળમાં દલિતો પાસે ઉઘરાણું તેમજ વેઠ કરાવ્યા પછી પણ મંદિરમાં દરસન કરવાની મનાઇ ફરમાવવામાં આવી એ વાત જાણી દુઃખી થયેલો પશા નાથા મામાના દીકરાને પૂછે છે

"હેં ભઇ મોહન,તમારા ગૉમ્મઅ નવુ મંદિર થ્યુ?મહાદેવનું તમે ઓળ-ઉઘરાણું આલેલું?"

"ઓળ-ઉઘરાણું તો નઇ,વેઠ કરેલી ટાલકું તુટે એવી.મંદિર જબ્બર બન્યુ."

"તે માંચ જોયું?"

"માદેવ બેહાડયા પસઅ નહીં જોયું.ભંડારો જબરો કરેલો.તાવડીઓ લેઇ જમ્મા જ્યાતા.એય....માલુફા નઅ શીરો,મજા પડેલી!"

"જમ્યા તો,અઘવા ચ્યાં જ્યાતા?"પશા નાથાનો સ્વભાવ ખીલ્યો.

"એવુ પુસાતું અસે?વગડામઅ જવાનું હોય."

"તાણઅ બીજુ પુસું,હાચુ કેવાનું,હાવ હાચુ!મજુરીએ જ્યા તાણઅ મુતરાણાં થ્યાતા?"

"ચેવુ કેસઅ,ભઇ!કાંઇ દોઇડી ના બંધાય."

મોહન લજવાયો.શું જવાબ આપવો?એ ચુપ થઇ ગયો

"તાણઅ હું કરતાતા?"

"કાંઇ નઇ!"મોહન માથું હલાવી ના પાડવા લાગ્યો.પશા નાથાને મજા પડી ગઇ.એમણે તાલી વગાડી.

"બોલ મું કઉ...ગભારામઅ ધાર કરેલી..."

મનની વાત કહેવાઇ હોય એમ મોહન મલકી પડ્યો.બન્નેએ સામસામે તાળી લીધી.વાતાવરણ હળવું ફૂલ થયેલુ."[૭]

મંદિરના ભૂમિપૂજનના દિવસે વગર નિમંત્રણે અંત્યજો ગયા છે.વગર આમંત્રણે આવેલા અંત્યજોની મજાક ગામના યુવાનો કરે છે.કશુક માંગવાની વાતે મજાક કરતા કહે છે

"ઢેડ....હું માગઅ! માર જ નઅ!"

પશા નાથાએ સાંભળ્યું.એમને પગની પાનીથી માથાની ચોટી સુધી ઝાળ લાગી ગઇ.પેલો બોલનાર એમની સામે આવે તો બે ઠોકી દેવાની ઇચ્છા થઇ.એ ઉચાનીચા થઇ પેલાને શોધવા લાગ્યા.

"લ્યો ભગત! માજી લ્યો!પેલા...વગર માજે તમનઅ આલવા તીયાર સઅ!તમે પજે લાગો સો નઅ પેલા મારવા તીયાર સઅ."[૮]

સેહ લેવા ઊભેલા અંત્યજોના ટોળામાંથી મણા ઓરગણાના જીતલા પાછળ કુતરું દોડતા ભાગતો જીતલો શેહ વહેચનાર કાનજી સાથે ભટકાતા શેષ અભડાય છે તેથી ગામના ઠાકોરો જીતલાને મરણતોલ મારે છે.અભડાયેલી શેષ ગાયને ખવડાવી દેવામાં આવે છે.દલિત માણસને પશુતુલ્ય ગણતી આ મનુવાદની વારસ સવર્ણ પ્રજા જરા પણ દયા ભાવ રાખતી નથી એનો ખ્યાલ આ પ્રસંગથી આવે છે.

વગર વાંકે પોતાના છોકરાને માર્યો હોવાથી મણો ઓરગણો વરસાદનો વરતારો જોવા ટાણે પરબલુ માંગવા જતો નથી તેથી અકળાયેલા મુખી નવો વરતારો બહાર પાડે છે"આજથી ભંજિયાના સાસપાંણી બંધ,ગામબંધ.જે ઇમની હારી વેવાર કરસે ઇનો ગામ નિયાય કરશે"[૯]

ઓરગણાવાસ માટે આફત ઊભી કરે છે.દલિતોમાં પણ જેમને ઉતરતા ગણવામાં આવે છે એવા ઓરગણાની સ્થિતિ બદતર બને છે.વણકર અને મિયોરની જેમ એમને પાણી માટેનુ કોઇ અલગ ખાદ્દરુ નથી તેથી પાણીની ભીખ માંગીને અત્યાર સુધી જીવતા ઓરગણાઓને મદદ કરવા નાનજી ભગત અને પશા નાથા આગળ આવે છે.પરિસ્થિતિ એવી ઊભી થાય છે કે મુખીને જાતેજ પોતે બહાર પાડેલા વરતારાનો નિયમભંગ કરવો પડે છે.મુખીના આંગણામાં બિલાડી મરી જતા મુખીયાણી મણા ઓરગણાને બોલાવે છે પણ મણો પશા નાથાના કહેવા પ્રમાણે બિલાડી તાણી જતો નથી.તેથી બીજા દિવસની સવારે મુખી જાતે જ બિલાડીને પાવડાથી ઉપાડી મુખીયાણીની મદદથી ઠેકાણે પાડી દે છે.બીજા દિવસે મરેલી બિલાડીને તેના સ્થાને ન જોતા મણો પશા નાથાના કહેવા પ્રમાણે પોતાનો ખેલ માંડે છે.મુખીના ઓટલે ઠુંઠવો મુકતા મણો પોતાનો અસલ ખેલ માંડે છે

"મન્યાળી તો મારઅ તોણવાનીનઅ...કોક તાણી જાય તો મારું ખાતર પડ્યું...રે..એ..."

મણો રડવા લાગ્યો.મોટેથી પોક મૂકી.

"મુખીભા,બચાવો!મારું ખાતર પડ્યું રે...મારી હાત પેઢીનું ગરાકવટું તુટ્યું રે...કુણ અતો એ..."[૧૦]

મુખી મૂંઝાયા.ઝવેરમાં ઘરમાંથી બહાર આવ્યાં.મણાને જોતા એમના ચહેરે કાળાશ છવાઇ,પરંતુ કશું બોલ્યાં નહીં.આજુબાજુના ઘરનાં આંગણાઓમાં માણસ દેખાવા લાગ્યા.તમાશાને તેડું ના હોય એમ ધીમેધીમે લોકો વધવા લાગ્યા.મણો આજે ખૂબ જ મોજમાં રડી રહ્યો હતો.

"ચ્યમ....રાડ્યો પાડોચ?"મુખીએ ગુસ્સો કર્યો.

બાવજી રે...આય મારી હાત પેઢી પડીતી...કોકે મારું...મારું ખાતર પાડ્યું રે...સાવકારી ગાંમમઅ ઓરગણો લૂંટાણો રે...ભર્યા તલાબે ચોર કોરો નાઠો રે..."

મુખી પોતાની ફજેતી થશે એ બીકે મણાને શાંત પાડતા કહે છે

"ચૂપ થઇ જા.મન્યાળી આંય ચ્યાં અતી?"

"ના...મી ભાળી તી!આંય અતી.કાલી મીં...ભાળીતી!"

"ડાચું થ્યા વનું પાનસેર બાજરી લેઇ જા...જા...રુમાલ્યું પાથર!"

મણો ચૂપ થયો.ધીમેધીમે એનું ધાર્યુ થઇ રહ્યું હતું,તોય માથું નકારમાં ધૂણતું રહ્યું.જેણી મણા પાસે આવી.બંનેની નજરો મળી.જેણીએ સુલ્લીમાંથી દૂણી બહાર કાઢી મુખીના આંગણામાં મૂકી.

"ઝવેરમા...આજી તો તમારાં ઇચાં સાહવારો સઅ?"

ઝવેરમાને ગુસ્સો આવ્યો,ઘા ઉપર મીઠું થયું.કહી દે,"જા હાહરી,આંય તારો ભા દૂઝણું આલી નહીં જવોચ!"એમની નજર ઓસરીના ખૂણામાં પડેલા સોટા તરફ ગઇ.મન જેણીને ઝૂડી નાખવા ઉપરતળે થઇ રહ્યું.પણ...સવારે સુડલીમાં લઇ જવાયેલ બિલાડીએ તેમને નરમઘેંશ જેવાં બનાવી દીધાં.એમણે વીલા મોઢે મુખી તરફ જોયું.

"સાહ તો આલું...આ બંધીનું હું?"

ઝવેરમાની અકળામણ જેણી પારખી ગઇ.એણે મુખી તરફ જોયું.મુખીએ છાશ આપવા હકારમાં માથું હલાવ્યું.જેણીએ તક ઝડપી લીધી

"ઝવેરમા,તમે તો સાહર સો.મુખીભા બંધીનું હંભાળી લેંસી.તમીં સાહ આલો...નઅ બાજરી આલો."[૧૧]

આમ, પશા નાથાની ચાલ પ્રમાણે મુખી ફસાય છે અને મણા ઓરગણાને ગામબંધીમાંથી મૂક્તિ મળે છે.

કથાનાયક પશા નાથાનું શહેર તરફ થતું ગમન એ આ કથાનો એક મહત્વપૂર્ણ વળાંક છે.ગામડાની હેવાનીયતથી તોબા થયેલો નાયક શહેરી પરિવેશથી આકર્ષાયો છે.સ્વમાનભેર જીવન જીવવા શહેર તરફ પગલુ માંડતા દલિતની રોમાંચકતાનો પરિચય સર્જકે પશા નાથાના પાત્ર દ્વારા કરાવ્યો છે.જોકે

શહેરમાં પણ આભડછેટ એના અલગ રંગે-રુપે ઉપસ્થિત છે.જાહેર સ્થળોએથી પસાર થતા દલિતને સવર્ણ અભડાય જાય નહી માટે પોશ પોશ બોલવુ પડે છે.ચાની હોટલમાં દલિતો માટે ચા પીવાના અલગ કપ રખાય છે.શહેરની કેટલીક બાબતો પશા નાથા ગામડામાં લઈ આવે છે.જે અન્યોને પણ શહેર તરફ દોરે છે.શહેરમાં વેવાઈ પણ મીલમાં મજુરીએ જોડાયા છે એ વાત જાણી વાલાને તો પહેલા ચિંતા થાય છે પણ પછી પોતે પણ શહેર તરફનું પોતાનુ આકર્ષણ રોકી શકતો નથી.અંતે વાલાની દીકરી મણિના આણા સાથે કથા અટકે છે.

## દલિતોની સ્થિતિનું નિરુપણઃ

દલિત કથાસાહિત્યમાં દલિતસમાજજીવનનું પ્રસ્તુતીકરણ અગ્રસ્થાને રહેવા પામ્યું છે.કથામાં આવતા દલિત સમાજજીવનના પાત્રો પોતાના સમાજજીવનની વાત-વ્યથા લઈને આવતા હોય છે.સર્જકે અહી દલિત સમાજજીવને એના પુરા સંદર્ભ સાથે પ્રસ્તુત કર્યો છે.

અહી આલેખાયેલો વણકર સમાજ આર્થિક રીતે પગભર છે.તેમનામાં સ્વમાનની ભાવના મિયોર અને ઓરગણા જેવી દલિત પેટા જ્ઞાતિઓ કરતાં વિશેષ છે.વણકરોની આર્થિક સ્થિતિ સારી હોવાને લીધે ગામના ઠાકોર-કોળઓ એમનાથી જલે છે.અને તેથી જ ઈર્ષાથી પ્રેરાયને લગ્નમાં ચરુડી-ઘુણિયો આપ્યાની વાત જાણે છે ત્યારે ઉશ્કેરાયને વણકરોની જાન પર હુમલો કરે છે.દલિતો બે પાંદડે થયા એ વાત ઠાકોરો સહન કરી શકતા નથી.વાલાના વેવાઈ જેઠાબેચરને ત્યાં પિત્તળના લોટાનો ઉપયોગ પાણી પીવા માટે થાય છે એ પિત્તળના લોટા જોતા પશાનાથાને આનંદની સાથે આશ્ચર્ય થાય છે.આર્થિક સ્થિતિ સારી હોવા છતાં મિયોલ ગામના વણકરો ઉપયોગી એવી વસ્તુઓ ખરીદી શકતા નથી કારણ કે ગામની ઉતાર અને ચોર જાતિ કોળાઓનો ભય તેમને સતાવે છે.પશાનાથા ઉગરા ભગત માટે તાંબિયો બનાવડાવવાની વાત પરભુ કુંભારને કરે છે ત્યારે ગામની બીકે તે ના પાડી દે છે.

મિયોર દલિત વણકત દલિત કરતાં આર્થિક રીતે નબળા છે.મરેલા ઢોરને તાણી લાવવા,તેના ચામડામાંથી વિવિધ વસ્તુઓ બનાવી ઘરાકને આપવી આ સીવાય તેમને મોટેભાગે રોજી-રોટી માટે ગામની વેઠ-મજુરી પર આધાર રાખવો પડે છે.તેથી ગામનું દબાણ તેઓ વિશેષ અનુભવે છે.ઓરગણાઓની સ્થિતિ મિયોર કરતાં પણ બદતર છે.વણકર અને મિયોરને તો પાણી માટેના અલગ ખાદરા છે જ્યારે ઓરગણાઓને તો પાણી માટે ભીખ માંગવી પડે છે.મરેલા કુતરા-બીલાડા તાણી જવા અને એના વળતર પેઠે મળતા અનાજથી ગુજરાણ ચલાવે છે.ગરોડા બ્રાહ્મણ પોતાના ઘરાકોના વતાં કરવા(વાળ કાપવા)ગોદડા,ગાભા ને કપડા સીવવા તેમજ લગ્ન મરણના પ્રસંગ ઉકેલવાનું કામ કરે છે.એના બદલામાં એમને જીવનનિર્વાહ પૂરતું અનાજ મળી રહે છે.સવર્ણોની વેઠ-મજુરીમાંથી એમને મુક્તિ છે.આમ,સર્જકે અહી દરેક દલિતવર્ગની આર્થિક સ્થિતિનાં પાસાને ઉપસાવી આપ્યુ છે.

## સામાજિક સ્થિતિઃ

સર્જકે આ નવલકથામાં જે સમય સંદર્ભ લીધો છે એ સમય દરમ્યાનની દલિતોની સમાજમાં શું સ્થિતિ હતી? દલિતોની સામાજિક અવદશાની એ સ્થિતિને સર્જકે એના પુરા સંદર્ભ સાથે અહી પ્રગટ કરી

આપી છે.નવલકથામાં દલિતો પર થતા જાતિવાદી હુમલા અને અપમાનોના ઘણા પ્રસંગો અહી આવે છે.નાતના રિવાજ મુજબ વરતમાં ચરુડી-ઘુણિયો દલિતોએ આપ્યો તેથી અકળાયેલા ઠાકોરો જાન પર હુમલો કરે છે એટલે જ ન અટકતા ખાદરામાં છાણ નાખી પાણી બગાડવાનો પણ પ્રયત્ન કરે છે.શહેરમાં વણાટનું પોટલુ લઈને ગયેલા પશાનાથા વિફરેલી ગાયના મારથી સ્ત્રીને બચાવે,ગાયના મારથી બચનાર સ્ત્રી વણાટનું પોટલુ જોઈ બચાવનાર ઢેડ છે તેથી આભાર માનવાના બદલે ગાળો ભાંડવા માંડે છે તેને અપમાનિત કરે છે.બીલીજરામાં ઉગરો ભગત પથ્થરને આસ્થાપૂર્વક મહાદેવ ગણી તેની પૂંજા કરે છે એ વાતની જાણ થતાં મુખી બોલી પડે છે"ઢેઢના માદેવ!કળજગ આયો.ઢેઢા નચ માદેવ વળજ્યા.અમઅ ઢેઢ ભરામણ થવોચ"[૧૨]આ શબ્દો જ સૂચિત કરે છે કે દલિતોને સવર્ણોના દેવની પૂંજા કરવાનો જરાપણ અધિકાર નથી.દલિત પોતે બીલીના ઝાડ પર ચઢી શકે છે.પોતાના હાથે ડાળા કાપી શકે છે પણ જાહેરમાં તે ડાળાઓને હાથોહાથ અડી શકતો નથી! એ વાત કેટલી અપમાનજનક છે.નાહ્યા ધોયા વિનાની ગંદી ગોબરી ઝેંકી બીલીના એ ડાળાને અડી શકે છે જ્યારે માદેવની ભક્તિમાં જ મશ્ત રહેતો સ્વચ્છ-સુઘડ ઉગરો એમ કરી શકતો નથી કારણ એટલુ જ કે તે દલિત છે.

અહી દલિતોના જાગૃત અવાજને દબાવી દેવાનો પ્રયત્ન સવર્ણ વર્ગ કરે છે.મણા ઓરગણાના છોકરાને શેહ અભડાવી એ ગુના બદલ ઢોર માર પડે છે.એના આક્રોશરુપે મણો વરસાદનો વરતારો જોવાની ગામની વિધિમાં પરબલુ માંગવા જતો નથી તેથી મુખી એની ગામબંધી કરે છે.તલાવમાં ડુબી રહેલા શકરીમાના રમતુડાને બચાવનાર મણા ઓરગણાને હડધૂત થવુ પડે છે કારણ તેને તલાવ અભડાવ્યુ.રમતુડાની જાન બચાવવા બદલ એનો આભાર માનવાના બદલે મનુવાદીઓ એને ગાળો બોલે છે એટલુ જ નહી પ્રસાદીરુપે લાકડીનો માર પણ મળે છે.'ઢેઢ પાદઅ તોય મુખીભાનઅ ગંધ આઈ જાય'એવી સ્થિતિ આ સાંમતશાહી વાતાવરણમાં દલિતોની છે.ગામના હુકમ સામે દલિતોથી ચૂ કે ચા થઈ શકતુ નથી જોકે અહી એ સામે હવે પ્રતિરોધ કરવાની હિંમત પણ દલિતોમાં આવી છે.

દલિતોની અંદરોઅંદર ચાલતા જાતિગત દ્વેષને પણ સર્જકે અહી તટસ્થતાપૂર્વક રજુ કરી આપ્યો છે.વણકર મિયોરને મદદ કરતા ચીડ અનુભવે છે.ગામ સામેની લડાઈમાં તેઓ એક થઈ લડી શકતા નથી.પગ તળે રેલો આવતા મિયોરવાસના લોકો વણકરોને ભૈસાબ-બાપા કરે છે પણ ગામ સાથેના સંઘર્ષમાં વણકરોને સાથ આપવાનો વારો આવે છે ત્યારે પલાયન થઈ જાય છે.આવી ભાગેડુવૃતિ હોવાને લીધે વણકરો મિયોરોથી દૂર રહેવાનો પ્રયત્ન કરે છે.દારુની લાલચે લગ્ન જેવા પ્રસંગે મિયોર એકબીજા સાથે ઝઘડે છે.અહી દલિતોમાં પણ અંદરોઅંદર જે આભડછેટ જોવા મળે છે તેને સર્જકે ખુલ્લી પાડી દીધી છે.વણકર મિયોરના ઘરનું પાણી પી શકતા નથી એટલુ જ નહી મિયોરને અડતા પાણીની છાંટ લેવી પડે છે.ગરોડા બ્રાહ્મણ મિયોરોનું દાન સ્વીકારે છે પણ એમના ઘરે જમતા કે પાણી પણ પીતા નથી.

## સાંસ્કૃતિક સ્થિતિઃ

સર્જકે આ નવલકથામાં દલિત સમાજમાં જોવા મળતા રીતરિવાજો,એમના આચાર-વિચાર,રહેણીકરણી,એમનો પરિવેશ વગેરેને નિરુપિત કરી આપવાનો સાર્થક પ્રયત્ન કર્યો છે.મુખ્યત્વે વણાટકામ કરતી વણકર જાતિની રોજીંદી ક્રિયાઓનું થયેલુ આલેખન આપણુ ધ્યાન ખેંચે છે.આ

અગાઉની નવલકથા ભળભાંખળુંમાં સર્જકે દલિતસમાજમાં થતા લગ્નપ્રસંગની વાત કરી છે એ ઉપરાંત એ સમાજના ધાર્મિક રીતરિવાજોનું નિરુપણ પણ કરી આપ્યુ છે તેથી અહી સર્જકે એની પુનરાવૃતિ કરવાનું સર્જકે સહેતુક ટાળ્યુ છે.અહી દલિતસમાજ લગ્નપ્રસંગમાં નાતના રિવાજ મુજબ છોકરીને વરતમાં બેડું આપે છે.મોસાળીયાઓને લગ્ન પત્યા પછી રિવાજ મુજબ પહેરામણી આપે છે.ઓળ પ્રમાણે ટૌકો પાડવામાં આવે છે.મહારાજ ચાલ પ્રમાણે જે ટૌકો પાડે છે તેને જોઇએ

"એ...પંચો સુરતા રાખો...જે સમરઅ ગણનાથ હાથ કરી અમર જલ્લ

જે સમરઅ ગણનાથ પંથપાળા નવ સલ્લ

વિવા વરત વધામણાં તો આયાં વઘન તે ગણપતિ દૂર કરઅ...

લાવો આ ફઈનું ધોતિયું,ફુવાનો હાલ્લો."[૧૩]

જેવી બાબતોને સર્જકે અહી ગ્રંથસ્થ કરી લેવાનો યથાયોગ્ય પ્રયત્ન કર્યો છે.અહી આલેખાયેલા દલિતસમાજનાં પુરુષપાત્રો વ્યસનરુપે હોકો પીવે છે તો સ્ત્રીઓ નવરી પડતા છીકણી સુંઘે છે.આ ઉપરાંત સગા-સંબંધીઓ ભેગા થતા રાવણું પણ ગોઠવવામાં આવે છે.જેમાં એકબીજાને સમ દઈને દારુ પીવડાવામાં આવે છે સાથે ચાખણા રુપે શેકેલી કાંકણિયો(માંસને સુકવીને બનાવવામાં આવતી વાનગી)અને ડુંગળી આરોગવામાં આવે છે.આણું તેળવા જતા વરપક્ષ તરફથી કન્યાપક્ષના લોકોને પહેરામણી આપવામાં આવે છે.લગ્નપ્રસંગે વરરાજાના જોડા સંતાડી દેવામાં આવે છે.સામસામે ફટાણા ગાઈને એકબીજાની મજાક મશ્કરી કરવામાં આવે છે.લગ્ન તો નાની ઉંમરમાં જ કરી દેવામાં આવતા હોય છે પણ છોકરા-છોકરીમાં સમજણ આવ્યા પછી બન્નેને મળાવામાં આવે છે.દલિતવાસના ઘરોમાં જોવા મળતી સાજ સજાવટની વિગતોને સર્જકે અહી આલેખી છે જેમકે અહી કોઈ વસ્તુને ટિંગાળવા માટે શિંગડાના ખૂંટાનો ઉપયોગ થાય છે.શુભ પ્રસંગે લાપસી બનાવામાં આવે છે.તો પોતાના ઘરે આવતા ગરોડા બ્રાહ્મણને લુખ્ખા ભાણે જમાડાય નહી એમ વણકરો માને છે.ગોર મહારાજ એક ગામથી બીજે ગામ સંદેશો પહોચાડવાનું કામ કરે છે.સવર્ણોની જેમ વણકરોમાં પણ ઘરાકપ્રથા જોવા મળે છે.આ ઉપરાંત વણકરોની રોજબરોજની રોજિંદી ક્રિયાઓનુ પણ આલેખન તેમને અહી કર્યુ છે.સવર્ણોની ક્રિયાઓનુ દલિતો જે અનુશરણ કરે છે તે પણ સર્જકે અહી બતાવ્યુ છે જેમકે સવારમાં ઉઠીને પશાનાથા સ્નાન કરતી વખતે"કોઈ આવઅ,કોઈ જાય...સંસારી જીવડા,કોઈ આવઅ કોઈ જાય"[૧૪]ભજન લલકારે છે.તુલસીક્યારે દીવો ધરે છે,ચરવો ભરી પાણી રેડે છે.દીવા ધરતી વખતે કે સવાર સવારમાં મિયોર કે ઓરગણાનું મોંઢુ જોવુ અપશુકનીયાળ માને છે.

## બિનદલિત વિવિધ સમાજનું થયેલુ આલેખનઃ

દલિત નવલકથામાં દલિત સમાજની સાથોસાથ બિનદલિત વિવિધ સમાજનું આલેખન પણ મહત્વનું બની રહે છે.સવર્ણોનાં દલિતો સાથેના સામાજિક,આર્થિક સંબંધોની જાણકારી આપણને આ દ્વારા મળતી હોય છે.પ્રસ્તુત નવલકથામાં પણ બિનદલિત વિવિધ સમાજનું આલેખન થવા પામ્યુ છે.અહી

સર્જકે ઉત્તર ગુજરાતમાં વસતી ચૌધરી,કોળી-ઠાકોર,વાળંદ,કુંભાર,પટેલ જેવી વિવિધ કોમોનુ નિરુપણ અને એ સમાજની વિશેષતાઓની સાથોસાથ એની મર્યાદાઓનું આલેખન અહી કર્યુ છે.ગામમાં પોતાની ધાક જમાવવાનો પ્રયત્ન કરતી ઠાકોર કોમ, આર્થિક પરિસ્થિતિ સારી ન હોવા છતાં આર્થિક રીતે પગભર એવી વણકર જ્ઞાતિ સાથે આભડછેટ રાખે છે.ગામની છોકરીઓની આબરુ લુટવી,મિચોર,વણકર,ઓરગણાઓને હેરાન કરવા એ જાણે કે એમનો વારસાગત ધંધો હોય એમ અહી લાગે છે.સ્પૃશ્ય ગણાતી એવી કુંભાર કોમને પણ કોળી-ઠાકોરનાં ત્રાસનો ભોગ બનવુ પડે છે.સત્તાની કમાન પણ તેમના હાથમાં રહેલી હોવાથી અન્યાયનો ભોગ તેમને બનવુ પડે છે.આ બાજુ મુખી જેવા પૈસાના લાલચું તેમનો ગેર ફાયદો ઉઠાવવાનુ ચુકતા નથી.ગામના કુંભાર શંકરની છોકરી સવિ સાથે ગામના ઉતાર અનારજીએ બળજબરીથી શરીરસંબંધ બાંધ્યો તેથી એને ગર્ભ રહેતા લોકલાજે કુવામાં પડી એણે આત્મહત્યા કરવી પડી.ગામમાં આ બાબતે ફોજદાર આવતા મખ્ખીચૂસ મુખીએ અનારજી પાસેથી ખેતર પડાવી લીધુ.સાચી વાતની જાણ હોવા છતાં શંકર કુંભાર કે ગામનો આગેવાન બેચર નાત પંચ આગળ સાચી વાત કહી શકતા નથી અને એમ કાળું કામ કરનાર અનારજી ભર્યા તળાવમાંથી કોરોકટ્ટ નીકળી જાય છે.કોળી સમાજમાં સાટાપદ્ધતિથી લગ્ન થતા હોય છે તેથી કેટલીકવાર એના કારણે લગ્નજીવનમાં ગુંચ ઊભી થાય છે તે અહી આવતા રઈના પાત્ર દ્વારા જાણવા મળે છે.રઈના સાટાપદ્ધતિથી લગ્ન થયા હોવાથી સાટાની કન્યાને મોતીપરાની સીમમાંથી સાપ કરડતા મૃત્યુ પામી તેથી તેનુ આણું અટકી પડયુ છે.તેનુ આણું હવે ત્યારે જ શક્ય બને જ્યારે રઈના સાટે કોઈ કન્યાનું સાટુ મળે.રઈને પોતાના પતિ વેલજી સાથે હેત હોવા છતાં સાથે રહી શકતી નથી.સામાજિક રીતરિવાજોના લીધે તેમના લગ્નજીવનમાં ગૂંચ પડે છે.આમ સર્જક ગામમાં વસતી દરેકે દરેક કોમની પરિસ્થિતિથી અવગત છે એનો ખ્યાલ આવે છે.

## નવલકથા તરીકે રાશવા સૂરજ

દલિત વિષયવસ્તુને કથારુપે પ્રસ્તુત કરનાર સર્જકને દલિત સમસ્યાની સાથોસાથ સાહિત્યના જે સ્વરુપમાં તે એને લઈને આવતો હોય છે એ સ્વરુપનાં સંદર્ભને પણ એને ધ્યાનમાં રાખવુ પડતુ હોય છે.સાહિત્યના અન્ય સ્વરુપ કરતાં નવલકથા સ્વરુપ વિશાળ સમાજને વાચક સમક્ષ મુકી આપવામાં વધારે ઉપયોગી થતુ હોય છે.મલક,ગીધ,ભળભાંખળું એમ ત્રણ નવલકથા દ્વારા પોતીકા સમાજની વાત લઈને આવનાર સર્જક દલપત ચૌહાણ તેમની આ ચોથી નવલકથા રાશવા સૂરજ માં પણ પોતાના સમાજને વાચક સમક્ષ મુકી આપવામાં સફળ થયા છે.નવલકથા તરીકે રાશવા સૂરજને સર્જક કેટલો ન્યાય આપી શક્યા છે તે આપણે જોઈએ.

## પાત્રાલેખનઃ

નવલકથામાં એક કરતાં વધારે પાત્રો ઓછાવત્તા પ્રમાણમાં મહત્વ ધરાવતા હોય છે.પ્રસ્તુત નવલકથામાં સર્જકે વિવિધ સમાજનું પ્રતિનિધિત્વ કરતાં પાત્રોની સૃષ્ટિનું નિર્માણ કર્યુ છે જે આઝાદી પૂર્વેના ગામડાનું એક સ્પષ્ટ ચિત્ર રજુ કરે છે.દલપત ચૌહાણની આ પૂર્વેની નવલકથા ભળભાંખળુંમાં

આવતા પાત્રો અહી એ જ નામથી આલેખાયા છે.આ કથાનો પૂર્વાર્ધ ગણાતી તેમની ત્રીજી નવલકથામાં આલેખાયેલા દલિતસમાજના પાત્રો કરતાં આ કથાનાં પાત્રોમાં માન,સ્વમાન અને સ્વાભિમાનની ભાવના વિશેષ જોવા મળે છે.પ્રસ્તાવનામાં દલપત ચૌહાણ અહી આલેખાયેલા પાત્રો વિશે જણાવતા કહે છે

"ભળભાખળું નવલકથા લખાઈ.આ કથાનું વિષયવસ્તુ કે કથા સ્વયં દલિતસમાજ અને અદલિતને,કહો,આખા ગામને લઈ આગળ ચાલે છે તેનુ ચિત્રણ ગુજરાતી સાહિત્યમાં પહેલીવાર પ્રકાશિત થાય છે અને બાકી રહેલ અજાણી ઘટનાઓ,પાત્રોને આલેખવા મારે રાશવા સૂરજનો આશરો લેવો પડયો છે.મારી અગાઉની કથાનાં પાત્રોનાં જીવનનાં,બીજા ખાંખાખોળા કર્યા છે.મણિ,વાલો,અંબા,પશાનાથા,ઉગરો ભગત જેવા દલિત પાત્રો સાથે જેઠા બેચર,મૂળો અને બીજા કેટલાય પાત્રો અહી પોતાના ભાગે આવતું ચરિત્ર દર્શન કરાવે છે.નારસંગ મુખી,નાનજીભગત સાથે રઈ અને બીજા કેટલાયં પાત્રો આખા ગામના ચરિત્રને આપણી સામે મુકી આપે છે."[૧૫]

દલિત પાત્રોઃ

દલિત પાત્રસૃષ્ટિની વાત કરીયે તો અહી વાલો,પશાનાથા,ઉગરો ભગત,જેઠાબેચર,ભેમો,મનો મિયોર,સવો,ઘેલો મહારાજ જેવા પુરુષ પાત્રો આવે છે તો દલિત સ્ત્રી પાત્રોમાં મણિ,અંબા,રામીનો સમાવેશ થાય છે.

પશાનાથા આ કથાનું કેદ્રિત પાત્ર છે.જો કે આ નવલકથામાં કોઈ એકલદોકલ પાત્રની કથા આવતી નથી અહી તો સમગ્ર દલિતસમાજ કેદ્રમાં છે.કથાના આરંભથી લઈને અંત સુધી આ પાત્રમાં દલિત વિરોધી સવર્ણોના પડકાર સામે વિદ્રોહ પ્રકટ કરતી ભાવનાના દર્શન થાય છે.મણિના લગ્નમાં ગામના ઠાકોરોએ હુમલો કર્યો તે પશાનાથા સહી શકતા નથી અને જાનને ગામના પાદર સુધી વળાવવા ધારિયા સાથે જાય છે.વયોવૃદ્ધ હોવા છતાં એક યુવાનને શરમાવે એવો જુસ્સો તેમનામાં છે.જો કે સમય વરતીને તીર મારવાની ત્રેવડના દર્શન પણ આપણને તેમનામાં થાય છે.જાન પર હુમલો થયો એ રાત્રે જાગૃત પશાનાથાને લીધે જ વણકરોનું ખાદ્દું દુષિત થતુ બચી જાય છે.શહેરમાં ગયેલા પશાનાથા ગાયના મારથી એક ફોજદારની સ્ત્રીને બચાવે છે પણ એ સ્ત્રી એનો ઉપકાર માનવાને બદલે વણકર હોવાથી તેને હડધૂત કરે છે.ફોજદાર સારો હોવાથી પશાનાથા જાન પર હુમલો થયાની વાત કરે છે.

સ્વમાન-સ્વાભિમાનની ભાવના અહી આલેખાયેલા દલિત પાત્રોમાંથી પશાનાથા પાત્રમાં સવિશેષ જોવા મળે છે.વગર આમંત્રણે મંદિરના ભૂમિપૂજનમાં ગયેલા દલિતોની સાથે પશાનાથા પણ ગયા છે.પણ મંદિરનો પ્રસાદ લીધા વિના જ તેઓ પાછા આવે છે.પશા નાથાને મન એમના સાચા દેવ મહાદેવ નહી પણ નરસંગ સાહેબ છે.સ્વમાની પશા નાથા મુશ્કેલીમાં આવી પડેલાને મદદ કરતા પણ અચકાતા નથી.મદદે આવેલા મણા મિયોરને પશા નાથા દવા-દારુ માટે બે રુપિયાની મદદ કરે છે.તો એના છોકરા વીરાને સજા ન થાય એ માટે ચોરી છૂપીથી એની સાથે ગામના ન્યાય દરબારમાં પણ જાય છે.હસી-મજાક એ એમના સ્વભાવની બીજી ખાસીયત છે.ગામમાં મંદિર બંધાવાનૂં છે તેથી દલિતોને મંદિરના ઉઘરાણામાંથી અને વેઠમાંથી બાકાત રખાયા છે.તેનો સૌથી વધારે આનંદ પશાનાથાને થાય છે.મશ્કરીમાં પણ પશાનાથા

સાચી વાત કહી દે છે.સવર્ણોને દલિતો પાસેથી વેઠ-મજુરી તો કરાવી છે પણ એમની જ મહેનતથી તૈયાર થયેલા મંદિરમાં પ્રવેશ નિષેધ કરાય છે.મજાકમાં પશાનાથા પોતાના મામાના દિકરાને પુછી બેસે છે કે મજુરીં કરતા મુતરાણા થયા ત્યારે ગભારામાં ધાર કરેલી. આ સાંભળી મામાનો દિકરો પણ પશાનાથાની વાત સાાંભળી મોજમાં આવી જાય છે મહેનત કરીને જીવતા હોવા છતાં પશાનાથા બીજાને મુશ્કેલીમાં મદદ કરતા અચકાતા નથી.મિયોરવાસમાં લગ્નપ્રસંગે થયેલા ઝઘડાનો ઉકેલો પશાનાથા પોતાની આવડતથી લાવે છે.આ માટે ગાંઠના ગોપીચંદ ખર્ચતા પણ તેઓ પાછી પાની કરતાં નથી. મણિને તેડવા આવેલા વેવાઈઓની આગતા-સ્વાગતા પશા નાથા પોતાની રીતે કરે છે. 'રાવણાં' માં બેઠેલા સગા-સંબંધીઓને મોજ પૂરી પાડે છે.તેથી જ ઉગરો ભગત પશા નાથા વિશે આમ પ્રશંસા સૂચક શબ્દો બોલે છે."કેવું પડઅ,પશા! વાતનો હુરો એવો ખચ્ચનોય હુરો થવુ એ તો પશા પાહણથી શીખવા મળઅ!"[૧૬]પશાનાથાની આવડતથી જ મણા મિથોરની ગામબંધી દૂર થાય છે.અન્ય દલિત પાત્રો કરતાં પશા નાથાનુ પાત્ર 'દલિત ચેતના'સંદર્ભ મહત્વનું બની રહે છે. ગામના ભીખા રાવળિયાં સાથે શહેર તરફ જવા નીકળેલા પશા નાથા આભડછેટની આંધળી ચાકણને રસ્તો બતાવાનું ચુકતા નથી. રસ્તામાં ભુખ લાગતા લુખ્ખા રોટલા લઈને આવેલા ભીખા રાવળિયાને પશો 'લસણવાળું મરચું'આપવાનું કહે છે.તો ભીખો 'તમારુ ના ખવાય'એમ જણાવે છે. ત્યારે પશા નાથા હસતાં હસતાં ભીખાને જણાવી દે છે

"આ તલાવડીમઅ પાંણી ના પીતો......મીં પીધું નઅ....."

"એ તો પેંણ, આધઅ પીધું,આંય નહીં પીધું નઅ.મું તો આંય પીએ."

પશાને કહેવાનું મન થયુ કે "દિયોર તારા ગધેડાએ આંય પાણી પીધું એકઅ મીં આધઅ પીધું"[૧૭]

આ જ પશા નાથા સિધ્ધ્રપુર પહોચેતા ગામડાની આ આભડછેટથી છૂટકારો મળ્યાનો હાસકારો અનુભવે છે. જો કે અહી પણ આભડછેટ એના અલગ રંગે અસ્તિત્વ ધરાવતી હોવાનું અનુભવે છે. શહેરમાંથી પાછા ફરેલા પશા નાથા શહેરનો આનંદ વાસના લોકો સાથે વહેચે છે. શહેરની ચાની ચુસકીનો આનંદ વાસના લોકોને ચા પીવડાવીને આપે છે. છબી-ચિત્ર માત્ર ભગવાનની કે ગાયકવાડ સરકારની હોય એવો વાસના લોકોનો ભ્રમ શહેર જઈ આવેલા પશા નાથા તોડે છે. કાયમ માટે ગામ છોડીને શહેરમાં રહેવા જવાનું પશા નાથા નક્કી કરે છે.

આમ,પશા નાથાનું પાત્ર અહી એક જાગૃત દલિત,બાહોચ વ્યકિતત્વ ધરાવતા માણસનું ચિત્રિત થવા પામ્યુ છે.

'ભળભાંખળું'નવલકથાની જેમ અહી પણ વાલજીને મણિના પિતા તરીકે આલેખવામાં આવ્યા છે.મણિના લગ્નમાં ગામની ચિંતા કર્યા વિના રિવાજ મુજબ ચરુડી-ધૂણિયો આપે છે.તેથી અકળાયેલા ઠાકોરો જાન પર હુમલો કરે છે.એક પુત્રીના પિતા તરીકે થવી જોઈતી ચિંતા વાલો કરે છે.તેથી જ કથાંતે જયારે જેથાવેવાઈ પોતાની પુત્રીને પણ સિધ્ધ્રપુર લઈ જવાનું કહે છે.ત્યારે પોતે મૂંઝવણ અનુભવે છે.

ઉગરો ભગત દલિતવાસના સૌથી વૃદ્ધ વડીલ છે.મહાદેવના ભકત છે.તેથી વગર આમંત્રકો મંદિરના ભૂમિપૂજનમાં પણ જાય છે.પૂજારીને સ્વપ્નમાં મહાદેવ આવ્યા અને પોતે જે પથ્થરને મહાદેવ ગણીને પૂંજતા તે બીલીજરામાં ગામ મંદિર બનાવશે તેથી નિરાશ થઇ જાય છે. કારણ કે તેથી તેમને પોતાના મહાદેવ છીનવાય જતા લાગે છે.ગામ મંદિર બનાવશે તો પોતાને મંદિરમાં પ્રવેશ કરવા દેશે નહી આમ,ભકિત બાબતે ગામમાં તેમની સરખામણીમાં કોઇ આવી શકે એન નથી. 'સત્ય પરાયણતા' એમનામાં ભારોભાર રહેલી છે તેથી જ સવાર સવારમાં સામે મળેલા મુખીને પણ સાચી વાત કહી દે છે. ગામ બિલીજરામાં મંદિર બનાવવાનું છે.એ વાત વાલાના મુખે જાણતા એમની માનસિક અવદશા કેવી થાય છે. તે જોઇએ.

"ભગત ! ગામ બીલીજરામઅ માદેવનું દેરું બાંધવાનું સઅ...એ જાણ્યું કાંઇ? તમે તો ભગત સો!"

"મહાદેવનું દેરું........"

ભગત એકદમ ચમકયા. ગામમાં મહાદેવનું મંદિર તો તળાવકાંઠે છે જ, તો પછી બીલીજરામાં શું કામ ? એમને તો સો મહાનો નિસાસો પડયો. એમના મનમાં એક પ્રસંગ સડસડાટ ઊગ્યો અને અથમી ગયો મન પોકારી ઊઠયું.

"ગામ દેરું બનાવઅ તો મારા માદેવનું હું થાય ?"

" કુને કીધું દેરું બનાવઅ સઅ ?"

" કુને તે..... પરભું કુંભારે.......નઅ ઇંટયો બાની દીધી.તમનઅ ચ્યમ અંમ ચમકવા થ્યો.? તમે તો રાજી થાંવ ! "

ભગતને ધ્રાસકો પડયો. પોતે તો બીલીજરામાં જઇને એક બાણ ઉપર પાણી ચઢાવી આવે છે.ત્યાં શ્રદ્ધા બરાબર જામી હતી.ધરના જૂના ખાણિયાનું થાળું બનાવીને પોતે જ તો મહાદેવ બેસાડયા છે. શું ? ગામ તે મારા મહાદેવ ઉપર જ મંદિર બનાવશે. મંદિર બનાવે તો પોતાને પાણી ચઢાવવા દેશે? વધારે ખાતરી કરવા જોયું.

"હે વાલા, પરભુ કુંભારે પાકું કીધુ. પૂંજારીએ દેરું બનાવ્વા રજા આલી ?"

"ઇની ખબેર નહીં. પૂંજારીનું પુંજારી જાણઅ. પરભું કે તો'તો, પુજારી હુણ્યું આયું તું. વાત પાકકી. રમણિયો કાલથી ઇંટયો તાણવાનો સઅ."

..........ખરેખર ભગત ઢીલા થઇ ગયા હતા."[૧૮]

આમ, હડધૂત થઇને પણ ઉગરો ભગત પોતાની મહાદેવમાં રહેલી અડગ શ્રધ્દ્રાને ટકટવી રાખે છે. પશાનાથામાં જોવા મળે છે એવી તાર્કિકતા આપણને ઉગરા ભગતમાં જોવા મળતી નથી.

આ ઉપરાંત મણો ઓરગણો, જેઠાબેચર,ભેમો,કચરો જેવા અન્ય દલિત ગૌણ પાત્રો આ નવલકથામાં આલેખાયા છે. સ્ત્રી પાત્રોમાં વાલાની પત્ની અંબા પશા નાથાની પત્ની રામી, ગામડામાં રહેતી દલિત-સ્ત્રીનું પ્રતિનિધિત્વ કરે છે.

## સવર્ણ પાત્રોઃ

મુખી :

સત્તાની સાંઠગાઠ અને સામંતશાહી પરિવેશની યાદ આપતું નારસંગ મુખીનું પાત્ર અહી સવર્ણ વર્ગનું પ્રતિનિધિત્વ કરે છે. દલિતો પર થતા અત્યાચારની પાછળ પ્રત્યક્ષ-પરોક્ષપણે મુખીનો હાથ રહેલો જોઇ શકાય છે.નાનજી ભગત પોતાના મુખીપણા સામે સંકટરૂપ છે.એ વાત મુખી સારી રીતે જાણે અને સમજે છે.ગામમાં જો દલિતોને રંજાડવામાં-હેરાન કરવામાં આવશે તો ગાયકવાડ સરકાર પોતાનું બાવડું પકડશે.ગામનાં ઠાકોરો દલિતોને હેરાન કરવામાં પાની પાછી કરતાં નથી.તેથી જ મુખી તાલ જોઇને ઠાકોરોને આગળ કરનાર એમના નેતા અનારજીને નાનજી ભગત સામું ઉશ્કેરવાની કોશીશ કરે છે.લાલચું સ્વભાવનો મુખી કુંભારની છોકરી પર બળાત્કાર કરી એને મારી નાખનાર ઠાકોર પાસેથી જમીન પડાવી લે છે.અસ્પૂશ્તાને ટકાવી રાખવા મુખી જ મહાદેવની પૂંજા કરનાર ઉગરા ભગત પાસેથી સાચી વાત જાણી બીલીજરામાં નવુ મંદિર બાંધવાનું નકકી કરે છે.

સામંતશાહી પરિવેશના આ પાત્રમાં આપણને તેનામાં રહેલો પેલો સત્તાવાહી સૂર સંભળાતો જોવા મળે છે.વગર વાંકે પોતાના દિકરાને માર્યાં હોવાની મણો ઓરગણો પરબલૂ માંગવા આવતો નથી.તેથી અકળાયેલો મુખી મણાની ગામબંધી કરે છે.જોકે પરિસ્થિતિ એવી ઊભી થાય છે કે મુખીના હાથે જ પેલો ગામબંધીનો હુકમ ભંગ થાય છે.

મુખી જેવો મુખી પોતાના હાથે મરેલી બિલાડીને ઉપાડે એ બાબત તેમના વ્યકિતત્વ સાથે બંધ બેસતી નથી.

આમ,સત્તાની રૂએ આખા ગામ પર રાજ કરનાર નારસંગ મુખીનું ચરિત્ર આપણી સમક્ષ અહી રજૂ થવા પામ્યુ છે.

**નાનજી ભગત**

દલિતોના હામી અને ન્યાયના દરબારમાં દલિતોનો પક્ષ લેનાર નાનજી ભગતનું પાત્ર અહી ઉદ્દામવાદી – નિરૂપાયું છે.સવર્ણોમાં પણ કેટલાક લોકો એવા હોય છે જે મનુવાદી વ્યવસ્થાથી દૂર રહી માનવતાવાદી અભિગમથી જીવન જીવતા હોય છે.એમાંનું એક વ્યકિતત્વ એટલે અહી આવતા નાનજી ભગત. આભડછેટમાં માનતા નથી.પશાનાથા સાથે આત્મીયતાથી વર્તે છે. ગામે મંદિર બાંધવાનો નિર્ણય કર્યા ત્યારે મંદિર બાંધવાના કામમાં દલિતોને બાકાત રાખવાના મુખીના નિર્ણયથી તેઓ દુઃખી થાય છે.એટલું જ નહી દલિતોનો પક્ષ લેવાથી પોતાના જાત-ભાઇઓની ગાળો પણ તેમને સાંભળવી પડે

છે.મણા મિયોરની ગામબંધી કરવામાં આવે છે.ત્યારે નાનજીભગત પોતાના કુવેથી તેને પાણી ભરી આપે છે.આમ,અન્ય સવર્ણ પુરૂષપાત્રો કરતાં નાનજીભગત વધારે ઉદારવાદી નિરૂપાયા છે.

ઠાકોર-કોળી કોમનુ પાત્ર શનોજી જુલ્મી-અત્યાચારી રૂપે અહી પ્રસ્તુત થયુ છે.પોતાની પાછલી વાતનો બદલો શનોજી વણકર વાસમાં આવેલી જાન પર હુમલો કરીને વાળે છે.એટલાથી સંતોષ ન થતા વન-વગડામાં લાકડા વીણવા આવેલી મણિ ની લાજ-લુટવાનો પણ પ્રયત્ન કરે છે.મફતમાં પોતાને પાવલા ન બનાવી આપનાર મણા ઓરગણા પર એને દાજ છે.આ દાજ એના છોકરા વીરા પર ઉતારે છે.દર વખતે પોતે ગુનેગાર હોવા છતા મુખી સાથેની સાંઠગાંઠને લીધે તે છુટી જાય છે.

આ ઉપરાંત શનોજીની પંગતમાં બેસે એવા અન્ય સવર્ણ-કોળી પાત્રોમાં માંસગજી,અનારજીનો સમાવેશ થાય છે.

રઈ એ આંજણા કોમનું પાત્ર છે.નવલકથામાં રઈનું પાત્ર એક અલ્લડ છોકરી તરીકેનું નિરૂપાયું છે.સામાજિક રીતરિવાજોને લીધે તેના લગ્નજીવનમાં ગુંચ પડી છે.દલિત મણિને શનોજીના હાથમાંથી છોડાવે છે.ત્યારે મણિને પોતાની દૂધ-બહેન બનાવે છે.કોઈ પણ પ્રકારના ભય વિના આભડછેટ ભૂલી તે મણિ સાથે બહેનપણી રૂપે વર્ત છે.તે વારંવાર મણિને મળે ત્યારે તેની છેડતી કરતી હોય છે.જે સાહસ તેના પતિએ કરવું જોઈએ તે સાહસ ઉઠાવવાનું કામ રઈ કરે છે.પોતાના ભાઈની પત્ની મૃત્યુ પામતા તેને માટે કન્યા શોધી લાવવાનું કામ રઈ કરે છે.સામાજિક ભયને નેવે મુકીને તે ભરબજારે પોતાના પતિ મુળજી સાથે ભાગી જાય છે.અને એ રીતે સમાજના કુરિવાજો સામે બંડ પોકારે છે.

ભાષાશૈલીઃ-

પ્રસ્તુત નવલકથામાં સર્જકે ઉત્તર ગુજરાતની તળપદી ભાષાનો વિનીયોગ કર્યો છે.ઉત્તર ગુજરાતના ગામડામાં બોલાતી બોલીનો પરિવેશ અહી રજૂ થવા પામ્યો છે.આઝાદી પહેલાનાં ઉત્તર ગુજરાતના ગામડામાં બોલાતી કહેવતો,રૂઢિપ્રયોગો,લોકોકિતઓનો પરિચય આ કથામાં પ્રયોજાયેલી ભાષા-બોલી દ્વારા મળે છે.અહી સર્જકે પાત્રગત ભાષામાં તળપદી બોલી પ્રયોજી છે.તો કથક જયાં આવે છે.ત્યાં શિષ્ટ ભાષાનો વિનીયોગ કર્યો છે.જોકે કયાંક પાત્રગત ભાષામાં શિષ્ટ અને તળપદી બોલીનું મિશ્રણ પણ થયેલું જોવા મળે છે.જેમકે કથકની ભાષામાં કયાંક તળપદા શબ્દો આવે છે જેવાકે

" ખાસ્યા વિવાહ થયા."

" પશાનાથા ધરનું કામ 'પાલી'ચોરે જવાનું મનોમન ગોઠવવા માંડયા."

"મણિના વિવાહમાંય ધેર ના આવ્યો"

"પોલીસ પટેલને ખબર પડી ગઈ કે અહીં મિયોરવાહ(વાસ)ની જ વાત ચાલે છે."

આ ઉપરાંત પાત્રગત ભાષામાં પણ કયાંક શિષ્ટ શબ્દો પ્રયોજાયા છે.

જેમકે

"દિયોર! માદેવમઅ સેહ અભડાઈતી! આંચ આ તલાબ અભડાયું! હાહરા ભંગિયા(ભંજિયા)આખું ગામ અભડાઈ મારશી!"

"હત્તારીની, મણા! મારઅ છાંટ(સાટ)લેવી પડશે કે...!"

આ ઉપરાંત પશા નાથાની વહુ સાવે(દુવારકા)શબ્દ બોલે છે.તો ઉગરા ભગત શિષ્ટ શબ્દ 'દ્વારકા'બોલે છે.

"...અનઅ રણછોડ(રણસોડ),બે ચીહે કાંમ હરતું વોય તો ધૂળ નાસી!"

શું વાત છે(સે),ક્ચરા

શું વાત છે(સે), ક્ચરા"

"વજેસંગ,પેલા માદેવના ગોખલામથી સાફી લાવો"(લાવોય)

આ ઉપરાંત પાત્ર મનોમન જયાં વિચારે છે ત્યાં પણ શિષ્ટ અને તળપદી બોલીનું મિશ્રણ થયેલું જોઈ શકાય છે.

જેમકે ચરૂડી-ધુણિયાની વાત સંદર્ભે વિચારે ચઢેલા પશાનાથા જે બબડાટ કરે છે.તેમાં શિષ્ટ અને તળપદી ભાષા જોવા મળે છે.

"એમનું મન ખાટું થઇ ગયું.મલીકપુર ગામનાં કરેલાં વખાણ ઉપર છીણી ફરી વળી.સાલ્લું!જો મારા ગામમાં બેડું આવે તો ઉઘાડે છોગ લડી લેવું.કેડે ઘૂણિયો નહીં.હાહરું!મરેલા મરેલા ક્યાં સુધી જીવવું?કઇક કરીએ તો જીવ ગતે જાય.એમને કંસાસની દુકાન યાદ આવી.બેડું,અઢી રુપિયે એ આપણને વેચે?પ્રશ્ન થયો.પછી...પોતે જ જવાબ શોધવા લાગ્યા.શું કામ ના વેચે?આ વાલાની સાથે બેડું ખરીદવા પોતે જ ગયેલા ને!એણે કેટલાં બેડાં બતાવેલાં.દુકાન બહાર લાવીને મુક્યા.પસંદ કર્યુ,એટલે છાંટ નાખીને તાજવે ચઢાવ્યું.પૂરા સાડાચાર શેર ને અધોળ.ઘૂણિયો ને ચરુડી જુદીજુદી પછેડીઓમાં બાંધી લીધાતા.સાથે કરસન ગોળવાળાની હાટડીએથી બે રવા ગોળ,દોઢ મણિયા કરસન સારો છે.એ પૈસા છાંટ નાખ્યા વિના લે છે.લોકો અકળાય છે એનાથી.પણ"આખા ગામ્મઅ સસ્તો સઅ."સાલી માયા તો રુપિયાની,કરસન જેવા હવ થઇ જાય તો!"[૧૯]

આવી કેટલીક મર્યાદાઓ જોયા બાદ અહી પ્રયોજાયેલી ભાષાની કેટલીક વિશેષતાઓ તરફ પણ નજર કરીશું.અહી સવર્ણોની તળપદી ભાષા અને દલિતોની તળપદી ભાષામાં તફાવત જોવા મળેછે.સવર્ણોની તળપદી ભાષામાં વાકયના અંતે 'ઓય'પ્રત્યય પ્રયોજાયેલો જોઈ શકાય છે.પાત્ર-પાત્ર વચ્ચે થતા સંવાદમાં સર્જકે પ્રતીકાત્મક-વ્યંજનાત્મક ભાષા પ્રયોર્જલી જોઈ શકાય છે.પશાનાથા પોતાનાથી કોઇક વાત છુપાવે છે.એને લાગતા ઉગરો ભગત વિચારમાં પડેલા પશા નાથાને પુછવાનું નકકી કરે છે.એ કથક દ્વારા થયેલું આ વર્ણન જુઓ

"એમને હોકલી પીવાનું બંધ કર્યુ.હાકેલીની નેંનો છેડો હથેળી ફેરવી લૂછયો.થોડીવાર સુધી ચલમના અંગારાઓ સાને જોઈ,ચલમ હાકેલી પરથી લઇ,મોઢા વડે અંગારામાં ફૂંક મારી,રાખ ઊડી.

ભગત તાજો દેતવા સઅ,ફૂકો હું કામ મારો સો?તમાકું બળી જઇ સઅ?"

"ના...ના...અંગારા જોતો તો,થોડી રસ્યા ચડી'તી,ખંચેરી નાસી,"

"ઈમ..."[૨૦]

દલિતોની મનોવ્યથાને પ્રકટ કરતી એમની પરાધિન દશાને વ્યકત કરતી ભાષાનું એક ઉદા.જોઇએ.

વીરાનો હાથ ભાંગી ગયો.એના દવા-દારૂ કરવા પશાનાથાને ત્યાં પૈસા ઉછીના લેવા આવેલા મનાની ભાષામાં વ્યકત થતી લાચારી નીચે પ્રમાણે વ્યકત થઇ છે."ઇના...બાપનઅ કેવા જયો'તો,એ તો માંડયો ઠઠાવા.હાહરો ઢેઢો થૂરિયા વાઢો સો...પસઅ કેવો આવો સો !આજ તો પોલિસ પટચોલ પાહણ વાડ ભાજયાની જાહેરાત ફડાવું.દિયોર મુખી પાહણ જયો,નઅ બબોરાત આઇનઅ કેઇ જયો મુખી હાંજે બોલાવઅસઅ !હું કરું ?"[૨૧]

તો બીજી તરફ સવર્ણોની ભાષામાં વર્તાતો સત્તાવાહી સૂરનો ખ્યાલ નીચેના ઉદા.થી આવે છે.પરબલુ માંગવા ઓરગણાવાસમાંથી કોઇ આવ્યુ નહી તેથી અકળાયેલા મુખીના મોઢામાંથી નીકળતી ભાષા જોઇએ.

"આ ઓરગણું ચ્યમ આયું નથી ?"

"બફોરે સેહ અભડાઇ'તી.ઈના સોકરાનઅ માર્યો'તો."

"ઈકઅ નહીં અચો...હં...ગામની હાંમું બાખડી બાંધવી સઅ ?"

કોઇકે સલાહ આપી.

"ઈનઅ બોલાવો.સેનમો...ચ્યાં જયો ?અલ્યા ઢોલ વગાડ !"

સેનમો ઢોલ વગાડવા લાગ્યો.

"ધ્રુબાંગ...ધ્રુબ ધ્રુબ,ધ્રુબાંગ...ધ્રુબ ધ્રુબ."

દંદુડી વાગી.મણો ના આવ્યો.કોઇ એને બોલાવવા ન ગયું.ગામ તો તોરણે ભેગું થયેલું.તરત જ નવો વરતારો મુખીએ બહાર પાડયો.

"આજથી ભંજીયાંના સાસપાંણી બંધ,ગામ બંધ.જે ઈંમની હારી વેવાર કરસે ઈંનો ગામ નિયાય કરશે."

દૂર ઊભેલા ઉગરા ભગત અને વાસના લોકોને ઉદ્દેશીને ઉમેર્યું:

"ગાંમ તો કડેધડે રેસે,ભગત !તમારો વાહ ફહકી ના જાચ !જોજો,નકર તમનચ..."[૨૨]

આ ઉપરાંત પ્રસ્તુત નવલકથામાં ઉત્તર ગુજરાતની ભાષાનું શબ્દભંડોળ સારી રીતે સચવાયું છે.ત્યાંના લહેકા,કહેવતો,રૂઢિપ્રયોગોમાં જાણે આખું ગામ ધબકે છે.નવલકથામાં આવતી કહેવતો-રૂઢિપ્રયોગો જોઇએ

'વાડ હાંભળઅ...વાડયનો કાંટો હાંભળઅ.'

‘ગાંડમઅ પૂંસળું ઘાલીનઅ નાઠા.’

‘પાંદડે પાણી પાંઇ’

‘પોયલો પડઅ તો ચપટી ધૂળ લેતો જાય.’

‘વીછીનું  મોદું ખાસડું’

‘કન્યાની કેડે ભાર’

‘કાળા ચોરે લપકું કર્યું!’

‘બોયડી ખંચેરી’

‘તારા મંજીરાનઅ મારાં તુમડા.’

‘નવ નેજાં પાણી ઉતરવું.

‘પોયલો પડઅ તો હારી ચપટી ધૂળેય ચોટંઅ.

‘દાડઅ ધમાધમ નઅ રાતી હંબો.

‘સાંણે વેંછી ચડાબ્બો.

‘આથી(હાથી)ના ભોલમઅ શિવડાઇ લેજે.

‘ઓઠ(હોઠ) હાજા તો ઉતોર ઝાઝા.’

‘મોંના મેઠા નઅ ગાંડના એઠા.’

આ ઉપરાંત જાતિગત લય લહેકા,રોજિંદા વ્યવહારમાં બોલાતી ગાળો વગેરેને અહી સંગ્રહિત કરી લેવાનું કામ સર્જકે કર્યું છે.

આ નવલકથામાં પ્રયોજાયેલી ભાષા સંદર્ભ જણાવતા ગુણવંત વ્યાસ નોંધે છે."ઉત્તર ગુજરાતના તળ સંસ્કારો ઝીલતી દલિતોની બોલી એના ખરા લય-લહેકા સાથે અહી હાજર છે.એ ત્યાં સુધી તળ છે કે લેખકને કેટલાયે શબ્દોના અર્થ પાદટીપમાં આપવા પડયા છે.તોયે લેખકને જાણીતા એવા કેટલાયે શબ્દ વાચકને અજાણ્યા લાગે એ હદે પ્રયોજાયા છે.પરિણામે એ બોલીનો મિજાજ તેની અસલિયત સાથે પ્રગટયો છે."[૨૩]

તો ભરત મહેતાના મતે પ્રસ્તુત નવલકથામાં"વણાટકામની સંસ્કૃતિ અને ઉત્તર ગુજરાતની વિસરાતી જતી બોલીનો અહી મહોત્સવ મંડાયો છે."[૨૪] જેનો અનુભવ આ કૃતિમાંથી પસાર થનાર વાચકને થયા વિના રહેશે નહી.

## પરિવેશઃ

આઝાદી પૂર્વેના ત્રીજા-ચોથા દસકાના સમયના ગામડાની વાતને પ્રસ્તુત કરતી આ નવલકથામાં એ સમયને અનુરુપ અને બંધ બેસે એવા પરિવેશનું નિરુપણ અહી થયુ છે.દલિત પરિવેશ એ દલિત નવલકથાનું મહત્વનું પાસુ છે.સર્જક જો તેના પરિવેશથી અજાણ હશે તો કૃતિમાં તે યોગ્ય રીતે આવશે નહી.દલપત ચૌહાણ પોતે દલિત સમાજમાંથી આવતા હોવાથી દલિત પરિવેશથી પુરેપુરા વાકેફ છે.ગામડાનું સંપૂર્ણ ચિત્ર અહી પ્રસ્તુત થવા પામ્યુ છે.દીવાલમાં ખૂંટી અહી લાકડાની કે લોઢાની નથી પણ શિંગડાની છે.સ્ત્રીઓ છીકણી સુંઘે છે તો પુરુષો હોકો પીવે છે.વાર-તહેવારે રાવણાંનો પ્રસંગ ગોઠવવામાં આવે છે.દારુ અહી સામાન્ય છે.મરેલી ભેંસના માંસની અલગ અલગ વાનગી બનાવામાં આવે છે જેમાની એક વાનગી કોકણિયો છે.કોકણિયોનું શાક બનાવામાં આવે છે.ગામડામાં સામાન્ય રીતે જોવા મળે છે એમ અહી દલિતોના ઘરો ગામના છેડે આવેલા છે.વણકરવાસ ગામના છેડે આવેલો છે એનો પરિવેશ જોઇએ

"મનાને સૂંઘતો સૂંઘતો લાલિયો કૂતરો આવ્યો.તેને ભસવા લાગ્યો.મનાએ"હડ...હડ.."કહેતા લાકડી ઉગામી એટલે કૂતરો વધારે જોર જોરથી ભસવા લાગ્યો.ઘરમાંથી પશાનાથા ઉતાવળે બહાર આવ્યા.પશાનાથા બહાર આવે ત્યાં સુધીમાં તો વાસના બીજા કૂતરા લાલિયાની મદદમાં આવી ગયા.ખાસ્સો શોરબકોર થઇ રહ્યો.મનો ઘરની ભીંત પાસે સંકડાઇ પોતાનો બચાવ કરતો રહ્યો.પશાનાથા બહાર આવતા જ જમણો હાથ ઊંચો કરી"હડ...હડ"કહી કૂતરાને ભગાડવા લાગ્યા."[૨૫]

દલિતો અને સવર્ણો વચ્ચે અહી ઘરાકપ્રથા પણ પ્રચલિત છે.દલિત જેનો ઘરાક હોય તેના ઘરે વાર-તહેવારે કે છાસ વલોવી હોય તો માગવા જાય છે.અહી તો ગામમાં બનતી નાની સરખી ઘટનાની જાણ ગામના છેવાડે વસતા માણસને પણ થઇ જાય છે.અભાવો અને આર્થિક તંગીથી પીડાતા ગામડાનું દ્દશ્ય અહી યોગ્ય રીતે પ્રસ્તુત થવા પામ્યુ છે.અહી તો દરેક વર્ણના પોતાના અલગ પાણીના ખાદરા છે.પરિવેશની કાર્યસાધકતામાં અહી નિરુપાયેલા પાત્રો પણ એટલો જ મહત્વનો ભાગ ભજવે છે.સામાજિક વર્ગભેદ પ્રમાણે પાત્રોની પસંદગી તેમજ તેમનુ નામકરણ થવા પામ્યુ છે.જ્ઞાતિ પ્રમાણેનો પહેરવેશ,રીતરિવાજ જેમકે લગ્ન પ્રસંગે જુતા ચોરવા,ફટાણા ગાવા,આણાપ્રથા,સાટાપ્રથા,પહેરામણી વગેરે ઠાકોરોના નામ પાછળ જી નો પ્રયોગ જેમકે શનોજી,રમતુજી વગેરે જ્યારે દલિતોના નામમાં તુચ્છકાર જેમકે કચરો,ગબલો,મણો વગેરે આ બધી બાબતો દ્વારા ગામડાનો પરિવેશ નિરુપિત થવા પામ્યો છે

## વસ્તુસંકલનાઃ

કથામાં અનેક નાની-મોટી ઘટનાઓ જોડી તેમાંથી દલિતો પર થતા અત્યાચાર, શોષણ, સામાજિક અન્યાય, આર્થિક અસમાનતા, સ્થૂળ અને સૂક્ષ્મ રુપે આચરવામાં આવતી અસ્પૃશ્યતા, બળાત્કાર, જાતિવાદી પક્ષપાત જેવા મુદ્દાઓ પર સર્જકે અંગુલીનિર્દેશ કર્યો છે.કથા વર્તમાનમાંથી ક્યારેક

ભૂતકાળમાં પણ આવાગમન કરે છે. ક્યારેક તે કોઈ પાત્રોને યાદ આવતી વાતરુપે સાંકળવામાં આવી છે. મણિના લગ્નથી આરંભાતી કથા મણિના આણા સાથે અટકે છે.આ બે છેડાઓ વચ્ચે અનેક નાની મોટી ઘટનાઓ સાંકળવામાં આવી છે.

નાત રિવાજ મુજબ લગ્નમાં ચરુડી-ઘૂણિયો આપતાં વણકરવાસ પર આવી પડતી આફત તેની ક્રિયા-પ્રતિક્રિયા,તાલુકે વણાટ વેચવા જતા પશાનાથાનુ ગાય સાથેનુ ધિંગાણુ,ફોજદાર સાથેની મુલાકાત,ગામમાં ફરિયાદ નોંધવા આવેલા જમાદાર,મણા મીચોરના છોકરા વીરાનો હાથ ગલબોજી ભાંગી નાખે છે એ ઘટના,ઉગરો ભગત બીલીજરામાં જે પથ્થરને મહાદેવ ગણી પૂંજતો ત્યાં બનાવામાં આવતુ મંદિર,ભૂમિપૂજન દિને શેષ-પરસાદી અભડાતા દલિત મીચોરને પડતો માર,એની પ્રતિક્રિયા રુપે પરબલું ન માગવા જતો મણો બદલામાં રોષરુપે મણાની થતી ગામબંધી,ઓરગણાવાસની થતી કફોડી સ્થિતિ,પશાનાથાના સાથ સહકારથી ગામબંધીમાંથી છૂટતો મણો,બહેનપણીઓ સાથે બળતણ વીણવા વગડામાં જતી મણિની આબરુ લૂટવાનો પ્રયત્ન કરતો શનોજી એ દરમ્યાન મણિ અને રઈ વચ્ચે બંધાતી મિત્રતા,વણાટ વેચવા નીકળેલા પશાનાથા,વાલો,કચરો પરબે પાણી પીવા રોકાય ત્યાં થતી ડોશીમાની મુલાકાત,એના જીવનની ભૂતકાળની વાતો,ભીખા રાવળિયા સાથે શહેર જવા નીકળેલા પશાનાથા,શહેરમાં રોકાતા પશાનાથા સાથે બનેલી ઘટનાઓ,શહેરનું વર્ણન ત્યાનો પરિવેશ,ગામમાં પાછા ફરતાં વણકરવાસમાં ફેલાતો આનંદ,કાયમ માટે ઘર છોડી દેવાનો નિર્ણય કરતાં પશાનાથા અને છેલ્લે મણિની વિદાય આ બધી જ ઘટનાઓ ફ્લેશબેક ટેકનિકથી અહી રજુ થવા પામી છે.એ માટે સર્જકે ત્રીજા પુરુષની કથનરીતિ ઉપયોગમાં લીધી છે.સર્જકને અહી કોઈ એકલદોકલ પાત્રની વાત કરવાની નથી પણ સમગ્ર સમાજની વાત કરવી છે.સમગ્ર ગ્રામ્ય સમાજ અહી કેદ્રમાં છે.કથામાં નિરુપિત થવા પામેલા કેટલાક પ્રસંગોને બાદ કરતા ઘટનાઓનું સંયોજન યોગ્ય રીતે થવા પામ્યુ છે.આવા કેટલીક શીથીલ રહી જવા પામેલ ઘટનાઓમાં મણા ઓરગણાની ગામબંધી દૂર કરવાનો પ્રસંગ,પશાનાથા મનોમન વિચારે અને બિલાડી મૂખીના આંગણામાં આવીને મરી જાય એ જરા કૃત્રિમ લાગે છે.એટલુ જ નહી એનાથી વધારે અપ્રસ્તુત તો મૂખી પોતે જ મરેલી બિલાડી ઉપાડીને ટોપલામાં નાખે એ બાબત હજમ થતી નથી.આ ઉપરાંત કેટલાક પ્રસંગો બિનજરુરી રીતે લંબાવીને રજુ થયા છે જેમકે પાણીની પરબ સાચવતી ડોસીનો પ્રસંગ,ડોશીના જીવનની ઘટનાઓ અહી વિસ્તારથી રજુ થઈ છે.

## *નવલકથામાંથી ઊભુ થતું દલિતજીવન વિશેનું લેખકનું દર્શન:*

કોઈપણ સમાજને એના પુરા ફલક સાથે વિસ્તારીને પ્રગટ કરવામાં સાહિત્યના અન્ય સ્વરુપો કરતાં નવલકથા વિશેષ ઉપયોગી નીવડે છે.પોતાની નવલકથાઓને સ્પષ્ટ રીતે દલિત સામજના સામજિક ઈતિહાસ તરીકે ઓળખાવતા દલપત ચૌહાણ રાશવા સૂરજ દ્વારા દલિત સમાજના તળપદ જીવનની વણનોંધી કથાને બહોળા સમાજ સામે પ્રસ્તુત કરે છે.દલિત સામજ સાથેના સવર્ણોના વ્યવહારમાં ગામડે ગામડે તફાવત જોવા મળે છે.દલિતોની સવર્ણો પ્રત્યેની માનસિકતાનો પડઘો દલિતો સાથેના એમના વર્તન-વ્યવહારમાં પડે છે.અહી સર્જકને એ બતાવાની ઉચિત તક મળી છે.વાલો જે ગામમાં રહે છે એ મિયોલ ગામના સવર્ણો અને વાલાનો વેવાઈ જેઠાબેચર જે ગામમાં રહે છે એ મલિકપુરના સવર્ણો વચ્ચે

તફાવત છે જેમકે મિચોલ ગામના સવર્ણો વણકરોની નવી ચાલનો વિરોધ કરે છે જ્યારે એનાથી ઉલટુ મલિકપુરનાં સવર્ણો વણકરોને પોતાની જેમ રહેણી કરણી અપનાવાનુ પ્રોત્સાહન પુરુ પાડે છે.સર્જકે આ બાબતે પ્રસ્તાવનામાં પણ નોંધ લીધી છે તે જોઇએ

"આમ જુઓ તો અસ્પૃશ્યો સાથે કેવા વહેવારથી વર્તવું જોઇએ તે વિશે શાસ્ત્ર-આદેશ ક્યાંય નથી.અસ્પૃશ્યો શૂદ્ર નથી.શૂદ્રો ઓ.બી.સી.માં જે જાતિઓ ગણાવાઇ છે,શૈક્ષણિક પછાત જે જાતિઓ ગણાવાય છે અને બ્રાહ્મણ,ક્ષત્રિય અને વૈશ્ય જાતિઓ સિવાયની જાતિઓ શૂદ્ર છે.ધર્મના ચાર વર્ણની જાતિઓથી અસ્પૃશ્યો બાકાત છે.એટલે તેમની સાથેનો વ્યવહાર કોઇ નિયમ આદેશ આધારિત નથી,પણ પરંપરામાં ચાલતી આવતી માન્યતાઓને આધારે પાળવામાં આવે છે.ઉદાહરણરુપે જોઇએ તો એક ગામમાં અસ્પૃશ્ય ખેડૂત છે,પોતાની જમીન એ ખેડે છે,ઢોરઢાંખર પાડે છે,જ્યારે બીજા ગામમાં અસ્પૃશ્ય ખેતમજૂર છે,ઢોરઢાંખર નથી,એ ખેતમજૂરીમાં હળ ચલાવી શકતો નથી."[૨૬]

અહી દલિત સમાજ બ્રાહ્મણવાદનું જે આંધળુ અનુકરણ કરે છે તેને સર્જક બતાવાનુ ચુક્યા નથી.કાનમાં જનોઇ ટીંગાળીને મુતરવા બેસતા દલિતોનાં બ્રાહ્મણ ઘેલા મહારાજની વર્તણુક દ્વારા આ બાબત તરફ સર્જકે ઇશારો કર્યો છે.ઔદયોગિકરણ થતા દલિતોને કેટલુક નુકસાન થયું તો સાથોસાથ કેટલોક ફાયદો પણ થયો છે.તેને સર્જક અહી રજુ કરી શક્યા છે.ઔધોગિકરણ થતા દલિતોનો વણાટકામનો ધંધો પડી ભાંગ્યો તો સાથોસાથ શહેરની મીલમાં દલિત અને સવર્ણો સાથોસાથ કામ કરતા થયા.આભડછેટનો રંગ થોડો બદલાયો.આ બધી બાબતોને સર્જક અહી બતાવી શક્યા છે.

આ નવલકથા સંદર્ભે ડૉ.ભરત મહેતા નોંધે છે"રાશવા સૂરજ માં પ્રેમકથાના જાણીતા ડોળિયાથી દલપત ચૌહાણ પણ દૂર રહ્યા છે.વળાટકામની સંસ્કૃતિ અને ઉત્તર ગુજરાતની વિસરાતી જતી બોલીનો અહી મહોત્સવ મંડાયો છે.બિનદલિતોની જેમ જ દલિતોનો સમાજ પણ ખાંચાખૂંચીવાળો છે.એમાંયે રિવાજોનું દબાણ છે,વારતહેવારે દારું પીવાય છે.પશા-મણાની દોસ્તી નિમિત્તે દલિતના વર્ણાશ્રમને પણ લેખકે ઝપટમાં લીધો છે.અહી નેંભાડો પઇણાવતા પરભુ કુંભાર છે,સાદ પાડતા બબા રાત છે,સારા સવર્ણ એવા નેનજી ભગત છે.ઠાકરડા છે.સાટા પદ્ધતિથી રીબાતી રઇ જેવી મણિની બહેનપણી છે,ઢોલ-નગારાં પીટ્યા વિના પશા નાથાના દ્વારા આંબેડકરી દર્શન પરોવાયું છે.વિદ્રોહનો એક બારીક તંતુ અહીં છે.દલિતોનું નગર સંક્રમણ કૂતુહલસભર નિરુપાયું છે.શ્રમિક સમાજના સ્થળાંતરની આ કથા છે.જેઠા બેચરની સિદ્ધપુર જવાની કથા નિમિત્તે દલિતો દ્વારા પહેલીવાર પીવાતી ચા, પહેલીવાર પડાવાતો ફોટો,પહેલીવાર જોવાતું શહેર નિરુપાયું છે.લોકસમાજની અહી સાગમટે પ્રસ્તુતિ છે. કેંદ્રમાં દલિત પાત્ર હોવા છતાં અઢારે વર્ણ અહી છે. એ અર્થમાં આ નવલકથા ઉપરવાસ કથાત્રયી(રઘુવીર ચૌધરી)થી આગળ વધે છે.સામાજિક પિરામીડના શિખરને કથાત્રયી આલેખે છે તો એના પાયાને રાશવા સૂરજ આલેખે છે.ગુજરાતનો સામાજિક ઈતિહાસ આવી નવલકથામાં ધરબાયેલો છે એમ કહી શકાય."[૨૭]

તો ડૉ.કાન્તિ માલસતર આ નવલકથા વિશે અભિપ્રાય આપતા જણાવે છે કે "રાશવા સૂરજ માં અભાવ,અન્યાય,અત્યાચાર,પીડા વચ્ચે પોતીકી ઓળખ ઊભી કરવાની મથામણ,સ્વાભિમાનથી જીવવાની આંતર ખેવના રસપ્રદ રીતે નિરુપણ પામી.દલપત ચૌહાણે અગાઉની ત્રણે નવલકથાઓની જેમ

આ નવલકથામાં પણ સમયના વહેણ સાથે વિસરાઈ ગયેલા તળપદા શબ્દોને પ્રયોજ્યા છે,જેને કારણે ગુજરાતી ભાષાનો શબ્દકોશ વધુ સમૃદ્ધ બન્યો છે.મલકથી રાશવા સૂરજ સુધીમાં દલિત સમાજના વિકાસનો ગ્રાફ વાચકને સાંપડે છે.આવી રચનાઓ ગુજરાતના દલિત સમાજનો સામાજિક- સાંસ્કૃતિક ઈતિહાસ લખવામાં પણ કડીરુપ ભૂમિકા ભજવશે.”[૨૮]દલિત અધિકાર,સંપાદકઃચંદુ મહેરિયા,તા-૧/૧૦/૨૦૧૭)

સંદર્ભ સૂચિ


૧.પ્રત્યક્ષ,સં-રમણ સોની,બદલાતા સમયનું કડવું સત્ય,ગુણવંત વ્યાસ,૨૦૧૩,પૃ.૫

૨.રાશવા સૂરજ,દલપત ચૌહાણ,હર્ષ પ્રકાશન,પ્ર.આ.૨૦૧૨,પૃ.૫

૩.એજન,પૃ.૨૩-૨૪

૪. એજન,પૃ.૮૦-૮૧

૫. એજન,પૃ.૮૮-૮૯

૬. એજન,પૃ.૯૧

૭. એજન,પૃ.૧૪૮-૧૪૯

૮. એજન,પૃ.૧૮૦

૯. એજન,પૃ.૧૮૬-૧૮૭

૧૦. એજન,પૃ.૧૯૬-૧૯૭

૧૧. એજન,પૃ.૧૯૭-૧૯૮

૧૨. એજન,પૃ.૧૩૨

૧૩. એજન,પૃ.૧૭

૧૪. એજન,પૃ.૨૧

૧૫. એજન,પ્રસ્તાવના

૧૬. એજન,પૃ.૬૭

૧૭. એજન,પૃ.૨૦૯

૧૮. એજન,પૃ.૧૩૬-૧૩૭

૧૯. એજન,પૃ.૧૦૫

૨૦. એજન,પૃ.૧૨૮

૨૧. એજન,પૃ.૧૨૯

૨૨. એજન,પૃ.૧૮૬-૧૮૭

૨૩. પ્રત્યક્ષ,સં-રમણ સોની,બદલાતા સમયનું કડવું સત્ય,ગુણવંત વ્યાસ,૨૦૧૩,પૃ.૮

૨૪. પરિવેશ,સંપાદકોઃરાજેશ વણકર,વિનુ બામણીયા,એપ્રિલ-મે-જૂન,૨૦૧૩,પૃ.૫૮

૨૫. એજન,પૃ.૧૫૬

૨૬. એજન,પ્રસ્તાવના

૨૭. પરિવેશ,સંપાદકોઃરાજેશ વણકર,વિનુ બામણીયા,એપ્રિલ-મે-જૂન,૨૦૧૩,પૃ.૫૮

૨૮. દલિત અધિકાર,સંપાદકઃચંદુ મહેરિયા,તા- ૧/૧૦/૨૦૧૭